**समानो मन्त्रः** (ઋગ્વેદ) **समानी प्रपा** (અથર્વવેદ)

# પરબ

સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૧ જૂન : ૨૦૦૭ અંક : ૧૨

**: પરામર્શનસમિતિ :**

**કુમારપાળ દેસાઈ**
પ્રમુખ

**ભોળાભાઈ પટેલ**
વરિષ્ઠ કાર્યવાહકસમિતિ સભ્ય

**ભારતી ર. દવે**
પ્રકાશનમંત્રી

**: તંત્રી :**
યોગેશ જોષી

**: સહતંત્રી :**
પ્રફુલ્લ રાવલ

## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ m ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

## પરબ

### ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

### લેખકોને :

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો જ અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ' ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

E-mail : gspamd@vsnl.net **ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭**
Web-site : www.gujaratisahityaparishad.org

ISSNO250-9747 **પરબ** **છૂટક કિં. રૂ. ૨૦/-**

માલિક : ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : **ભારતી ર. દવે** (પ્રકાશનમંત્રી), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ ૩૮૦૦૦૯ s તંત્રી : યોગેશ જોષી s મુદ્રણસ્થાન : **શારદા મુદ્રણાલય**, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૬ & ૨૬૫૬૪૨૭૯

પરબ વર્ષ : ૧ જૂન : ૨૦૦૭ અંક : ૧૨

## અ નુ ક્ર મ


| | |
|---|---|
| પ્રમુખશ્રીનો પત્ર | કુમારપાળ દેસાઈ 4 |
| કવિતા | રચનાઓ આઠ • લાભશંકર ઠાકર 8, ખેતર ચડ્યું હિલ્લોળે • લાલજી કાનપરિયા 11, ટાઇટાનિકના તૂતક પર : એક ભૂગળ ગાણું • સિતાંશુ યશશ્ચન્દ્ર 12, ત્રણ કાવ્યો • ધીરુ પરીખ 14, નભમાં પુગે પથારી • ઊજમશી પરમાર 15, રંગભર રમવા ગ્યા'તા • હરિશ્ચન્દ્ર જોશી 16, પારસ પૂતળી... • હરિશ્ચન્દ્ર જોશી 16, અજાણ્યા શહેરમાં આવ્યા • પાર્થ મહાબાહુ 17, તેનાથી આગળ છે કશું • 'રાઝ' નવસારવી 17 |
| અનુવાદ | તૃણ અને તારકો વચ્ચે (ઉશનસ્) • અંગ્રેજી ભાષાંતર : પ્રદીપ ખાંડવાલા 18 |
| વાર્તા | સંપતરાય અભ્યાસગૃહ • મોહનલાલ પટેલ 22 |
| નિબંધ | ઇલ્વદુર્ગ • પ્રફુલ્લ રાવલ 29 |
| આસ્વાદ | પૂંછડિયું સૉનેટ • ચિનુ મોદી 32 |
| વ્યંગવિનોદ | પતિની હૃદયવ્યથાનું કાવ્ય ! • નિર્મિશ ઠાકર 34 |
| ભારતીય સાહિત્ય | બે કાવ્યો • રાજારામ ભાદૂ, અનુ. નલિની માડગાંવકર 37 |
| વિવેચન | નાટ્યલેખન • સતીશ વ્યાસ 40 |
| સ્મરણ | તે હિ નો દિવસો ગતાઃ • સુકુમાર પરીખ 44 |
| અભ્યાસ | ગઝલના છંદો સાથે બીજા છંદોની તુલના • ડૉ. પ્રફુલ્લ દેસાઈ 48, ગુજરાતી સાહિત્યની સાંપ્રત નવલકથાઓમાં નિરુપિત કેટલાક સામાજિક પ્રશ્નો (૧૯૯૫થી ૨૦૦૫) • ડૉ. કલ્પના દવે 54 |
| દૃશ્યશ્રાવ્ય | પ્રેક્ષકોને એમનું થિયેટર કેવી રીતે મળે ? • હસમુખ બારાડી 59 |
| વક્તવ્ય | વીસમી સદીની આ કાવ્યમુદ્રા • ચંદ્રકાન્ત શેઠ 61 |
| સમીક્ષા/ગ્રંથાવલોકન | કેટલીક, પણ નોંધપાત્ર વાર્તાકૃતિઓ... • રાધેશ્યામ શર્મા 65, નવી દિશા, નવાં ખેડાણની પ્રતીક્ષા • હિમાંશી શેલત 68 |
| પરિષદવૃત્ત | સંકલન : અનિલા દલાલ 71 |
| પત્રસેતુ | બકુલા ઘાસવાલા 80 |
| સાહિત્યવૃત્ત | સંકલન : પ્રફુલ્લ રાવલ 82 |
| આ અંકના લેખકો | 83 |
| આવરણ | બનારસ : ગજેન્દ્ર શાહ [સૌજન્ય : મારવેલ આર્ટ ગેલેરી, અમદાવાદ] |


# પ્રમુખશ્રીનો પત્ર

પરિષદ-પરિવારના પ્રિય સ્વજનો,

આજની યુવાન પેઢી સાહિત્ય અને અન્ય કલાઓથી વિમુખ બની રહી છે એવી ફરિયાદ વારંવાર સંભળાય છે. એને સાહિત્યભિમુખ કરવા માટે શું કરી શકાય ? એ સાચું છે કે નવી પેઢીના સર્જક-વિવેચકને વ્યાપક અને વિરાટ પડકારો સામે ઊભા રહેવાનું છે. અન્ય ભારતીય ભાષાના કે પરદેશી સાહિત્યના સંપર્ક ઉપરાંત વિજ્ઞાન, ટેક્નૉલૉજી, સામાજિક ગતિવિધિ, રાજકીય પ્રશ્નો અને વૈશ્વિક ઘટનાઓ સાથે એણે નાતો જોડવાનો છે.

એક સમયે આપણો કવિ કાવ્યમાં મેઘ અને ચંદાની વાત કરીને કૃતકૃત્ય થઈ જતો હતો, હવે એણે વાસ્તવિક ને તે સાથે વૈશ્વિક અનુભૂતિને પોતાના વ્યાપમાં લીધી છે અને એ વિશ્વપ્રવાસી બની ચૂક્યો છે. પરિણામે સાહિત્યની ભાષા, શૈલી અને વિષય એ બધી બાબતોમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. પંડિતયુગના સર્જકોની ભાષામાં કેટલોક ઠઠારો હતો. આલંકારિક ભાષાને પરિણામે કૃત્રિમતા આવી જતી હતી. ગાંધીયુગની 'કોશિયાની ભાષા'ના વિચારે ગુજરાતી ગદ્યમાં નવું પરિવર્તન આણ્યું. આજે વળી ગુજરાતી ભાષા નવું કાઠું ધારણ કરી રહી છે. અંગ્રેજી શબ્દોથી મિશ્ર એવી ભાષાનો એ જાણ્યેઅજાણ્યે ઉપયોગ કરતો થયો છે. કોઈ એને હળવી રીતે 'ગુજરેજી' પણ કહે છે. વર્તમાન સમયે સર્જક કે વિવેચક એના ગુજરાતી લખાણમાં અંગ્રેજી શબ્દો પ્રયોજે છે. કેટલાક અનિવાર્ય હોય છે અને કેટલાક પરિભાષા ખોળવાની નિષ્ક્રિયતાને કારણે પ્રયોજાયેલા હોય છે. કેટલાક સર્જકો વિદેશના માહોલમાં કવિતાનું સર્જન કરે છે તેથી આવા શબ્દો આપોઆપ એમના સર્જનમાં ફૂટી નીકળે તે સ્વાભાવિક છે. ગદ્ય-ક્ષેત્રે આ નવું વલણ ધીરે ધીરે વિસ્તરતું જાય છે. ગુજરાતી સર્જક 'ડૉટ કોમ'ના વિષય પર કાવ્યસર્જન કરે છે. વિષય ગમે તે હોય, માત્ર કવિતા બને તે આપણી નિસબત છે. વિષયોનો વ્યાપ ક્યાં સુધી પહોંચશે એની આજે તો કલ્પના કરવી મુશ્કેલ છે. વિજ્ઞાન એટલી ત્વરિત ગતિએ ચાલે છે કે એક દેશના માનવીના ધડ પર અન્ય દેશના માનવીનું મસ્તક જોવા મળે તો નવાઈ નહીં લાગે ! સર્જકોએ ક્ષણે ક્ષણે બદલાતી આ પરિસ્થિતિ સાથે તાલ મેળવવો પડશે અને આને માટે સતત વિકસતા રહેવું પડશે. એણે સાહિત્ય વિશેનો અભિગમ પણ બદલવો પડશે. કોઈ પણ પ્રયોગ ઘરેડમાં પડે તે પહેલાં એ પ્રયોગ પ્રતિભાશાળી સર્જકે ત્યજી દેવો જરૂરી બનશે. વળી આવતા યુગને પિછાણીને સર્જન અને વિવેચનમાં મોટા પ્રમાણમાં પ્રયોગો કરવા જરૂરી બનશે. વિચારમાં મૌલિકતા, ગદ્યમાં બળકટતા અને અભિગમમાં નાવીન્ય માટે સર્જન-પુરુષાર્થ કરવાનો રહેશે.

કેટલા બધા વિષયો આપણી આસપાસ વણખેડાયેલા જોવા મળે છે ! ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરનો દરિયો અને એની આસપાસ રહેતી પ્રજા અને એનું વાતાવરણ આપણા સાહિત્યમાં ઓછામાં ઓછું ઝિલાયું છે. અંગ્રેજો આવ્યા તે પૂર્વે છેક પ્રાચીન કાળથી ગુજરાતી

પ્રજા દરિયા ખેડીને વેપાર કરતી રહી છે. હડપ્પા સંસ્કૃતિનું ગુજરાતમાં દરિયામાર્ગે ઈ.સ. પૂર્વે આશરે ૩૦૦૦ વર્ષ પહેલાં આગમન થયું હતું અને એ લોકો કચ્છ અને સૌરાષ્ટ્રમાં તથા દક્ષિણ ગુજરાતમાં ભરૂચ અને સુરત નજીક વસ્યા હતા. લોથલ સુકભાદર નદી પરનું સૌથી સમૃદ્ધ બંદર હતું, ત્યારથી માંડીને આજ સુધી વેપાર એ ગુજરાતી પ્રજાની એક વિશિષ્ટતા રહી છે. એને અનુલક્ષીને કોઈ પોતાની રીતે કાવ્ય કે સાહિત્યસર્જન કરી શકે. એની દરિયાખેડ વિષય તરીકે વાર્તા કે નાટકમાં પ્રયોજી શકાય.

આપણી પાસે સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરા છે, જેનો ઝવેરચંદ મેઘાણીના સમય બાદ બહુ ઓછો ઉપયોગ થયો છે. ઇતિહાસની સ્થૂળ ઘટનાને બદલે ઇતિહાસમાં જોવા મળતા માનવીય સંબંધોની વાતો લખાવી જોઈએ.

અહીં સત્તરમા સૈકાના ઉત્તરાર્ધનો દીવનાં જેઠીબાઈનો કિસ્સો યાદ આવે છે. કચ્છ-માંડવીના પંજુ ખત્રીની પત્ની જેઠીબાઈએ ચારસો કારીગર સાથે પોર્ટુગીઝ શાસન હેઠળ રહેલા દીવમાં સુતરાઉ કાપડ વણવા, રંગવા અને છાપવા માટે એક કારખાનું શરૂ કર્યું. પોર્ટુગીઝ શાસન હેઠળ રહેલા આ પ્રદેશમાં એવો કાયદો હતો કે અનાથ બાળક અને યુવાન અપરિણીત – યુવાનનું જોરજુલમમાંથી ધર્માંતર કરવામાં આવતું અને તેની મિલકત સરકાર લઈ લેતી. આની સામે બહાદુર જેઠીબાઈએ વિરોધ કરવાનો નિર્ણય કર્યો. એમણે પોર્ટુગીઝ બૅરિસ્ટર પાસે પોર્ટુગીઝ ભાષામાં એક અરજી લખાવી. એક લાકડાંના બીબામાં અરજીના અક્ષરો કોતરાવ્યા પછી સુંદર સુતરાઉ કાપડને રંગીને અને આકર્ષક ડિઝાઇન કરીને તેના ઉપર આ અરજી છાપી. જેઠીબાઈ જાતે, અરજી લઈને ગોવામાં રાણી પાસે ગયાં અને સુંદર કાપડ એમને ભેટ આપ્યું. અરજીમાં આલેખેલી પરિસ્થિતિ વાંચીને રાણી ગદ્ગદિત થઈ ગયાં. એમના પર જેઠીબાઈની હિંમત અને પરોપકાર વૃત્તિની ઊંડી અસર થઈ અને એમણે તામ્રપત્ર ઉપર આ અમાનુષી કાયદાને રદ કરતું લખાણ જેઠીબાઈને આપ્યું. એથીય વિશેષ માન રૂપે રાજ્ય તરફથી પ્રત્યેક સપ્તાહે એક વખત મિલિટરી બૅન્ડ એમના ઘર પાસે વગાડવામાં આવતું. રાજ્યનો અમલદાર જેઠીબાઈના ઘર પાસેથી પસાર થાય ત્યારે પોતાની હૅટ ઉતારીને એમને માન આપતો. આવા કેટલાંય ચરિત્રોને ભિન્ન અને વ્યાપક અભિગમથી રજૂ કરવાના પ્રયત્નો થઈ શકે.

આવનારી પેઢી વિશે વિચાર કરીએ ત્યારે એમાં સામાન્ય રીતે બે પ્રકારના યુવાનો જોવા મળે છે : એક અત્યંત બુદ્ધિશાળી અને બીજા સાવ પ્રાકૃત કે સ્થૂળ રુચિ ધરાવનારા. આ સ્થૂળ રુચિ ધરાવનારા લોકોને કોઈ 'આદર્શલોક' હોતો નથી. કોઈ ઉચ્ચ મહત્ત્વાકાંક્ષા કે ધ્યેયથી એ જીવતા નથી. એ માત્ર જીવે છે એ જ એમનો જીવવાનો પુરાવો હોય છે. અત્યંત બુદ્ધિશાળી લોકોમાં કેટલાક ઉન્નતભ્રૂ ('હાઈ બ્રો') હોય છે તો કેટલાક પોતાની ભાષા, અસ્મિતા અને પરંપરાને ઓળખવાની મથામણ કરનારા હોય છે. હકીકતમાં માનવજીવનનાં મૂલ્યો આજના યુગમાં જ સૌથી વધારે સપાટી પર આવ્યાં છે. આજની નવી પેઢીને માનવતાપ્રેમી સંતો અને મૂલ્યનિષ્ઠ માનવીઓ પસંદ છે. એને માટે મહાત્મા ગાંધી અગાઉ હતા તેટલા જ પ્રસ્તુત છે. શ્રી નારાયણ દેસાઈએ ન્યૂ જર્સીના પોતાના પ્રવાસ વિશે લખતાં નોંધ્યું છે કે એમના યજમાને એમને એમના પુત્રની ઓરડીમાં વાસો આપ્યો હતો. યજમાનના આ પુત્રને જે લખાણના લીધે 'એ-વન' જેવી ઊંચી ગુણવત્તા પ્રાપ્ત થઈ



હતી તેનું એક લખાણ એણે એ ખંડના બારણા પર ચોંટાડ્યું હતું. બાર વર્ષના આ છોકરાએ 'ડિયર ગાંધી'ને સંબોધીને પત્ર લખ્યો હતો. એમાં લખેલું : ''આ રજામાં આપની આત્મકથા વાંચી. મને માત્ર એટલું જ દુઃખ છે કે તમે આટલા બધા વહેલા કેમ જન્મ્યા ? તમારી વધારે જરૂર તો આ જમાનામાં છે. પણ કાંઈ નહીં. અમે બેઠા છીએ અને તમારો બોધ અમારી પાસે છે. અમે તમારી માફક સત્યના પ્રયોગો કરતાં શીખીશું.'' આ ઘટના દર્શાવે છે કે મહાત્મા ગાંધી આજના યુગમાં કેટલા બધા પ્રસ્તુત છે. આ પ્રકારના વિષયવસ્તુ પર થતી રચનાઓ નવી પેઢીને માટે હૃદયસ્પર્શી બને ખરી.

નવી પેઢીને મૂલ્યો આકર્ષે છે, પણ એ મૂલ્યોનું જીવનમાં વિતરણ થઈ શકે તેવો આદર્શ મળતો નથી. 'યુગમૂર્તિ વાર્તાકાર' રમણલાલ વસંતલાલ દેસાઈની ઈ. ૧૯૫૦ના માર્ચમાં 'પ્રલય' નવલકથા પ્રગટ થઈ. એક સમયે 'ભારેલો અગ્નિ' જેવી અહિંસક શક્તિનો મહિમા કરતી નવલકથા આપનાર રમણલાલ દેસાઈ આઝાદી પછી નિર્ભ્રાંત થયા હતા. સામ્યવાદ અને સમાજવાદની મોટી મોટી વાતો સાથે માનવજાતની વધતી અશાંતિ જોઈને વીસમી સદી એમને 'મોટામાં મોટું દુઃખસૈકું' લાગી હતી. પ્રગતિશીલતાને નામે ચોપાસ સંભળાતા ઢોલત્રાંસા એ ખગ્રાસ વખતે દીવાસળીઓ સળગાવી સળગાવી 'આ રહ્યો પ્રકાશ ! આ રહ્યો પ્રકાશ !' કહી જનતાને વીસમી સદીના ભાટચારણો ભુલાવામાં નાખે છે તેમ તેઓ કહે છે. વિજ્ઞાનીઓ અને રાજકારણીઓની બે ધરીમાં વિશ્વ વહેંચાશે અને એમના સંઘર્ષમાં વિશ્વનો વિનાશ થતો જોઈને વાનર કહે છે, 'સારું થયું કે હું આ ઉત્ક્રાંતિમાં એક પગલું ચૂકી ગયો.' રમણલાલ દેસાઈએ એ સમયે યુવાનોને કહ્યું હતું : 'હું ઝોળી લઈને આવ્યો છું; મને પાત્રો આપો.' આજનો સર્જક પણ આજના યુવાનોને આમ કહેશે. પણ નવલકથા રચાય તેવાં પાત્રો મળશે ખરાં ?

સુખ્યાત વિદેશી સર્જકો સર્જન પૂર્વે ઘણા લાંબા સમય સુધી કૃતિના વિષયને પામવાની મથામણ કરતા હોય છે. આને માટે એ સંશોધન કરે છે. ઉપલબ્ધ સાહિત્યસામગ્રીનું વાચન કરે છે. પ્રત્યક્ષ અનુભવ મેળવવા માટે એ દૂરદૂરના પ્રદેશોના પ્રવાસે કે છેક યુદ્ધભૂમિ સુધી જતા હોય છે. નેપોલિયનના આક્રમણની ભૂમિકાની પડખે રશિયન સમાજનું ચિત્ર 'વૉર ઍન્ડ પીસ'માં લેવ તૉલ્સ્તૉય લાંબા અનુભવના નિચોડ સાથે રજૂ કરે છે. ખ્યાતનામ ફ્રેંચ સર્જક સમરસેટ મૉમે પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન ઍમ્બ્યુલન્સ વાનના ડ્રાઇવરની કામગીરી સ્વીકારી હતી. તેઓ લશ્કરની બૌદ્ધિક પાંખમાં લેખકના નાતે સમાવેશ પામ્યા. એમના આ બધા અનુભવો એમની આત્મકથાત્મક નવલકથા 'ઑવ હ્યુમન બૉન્ડેજ' (૧૯૧૫) તથા 'ધ મૂન ઍન્ડ સિક્સ પેન્સ' (૧૯૧૯) નવલકથા તેમજ એમના નાટક 'ફૉર સર્વિસીઝ રેન્ડર્ડ' (૧૯૩૨) અને નવલિકાસંગ્રહ 'ઍશેન્ડન' (૧૯૨૮)માં મળે છે. 'ફેરવેલ ટૂ આર્મ્સ'ના સર્જક અર્નેસ્ટ હેમિંગ્વે છેક યુદ્ધભૂમિ સુધી જઈ આવ્યા હતા અને એમાંથી એમની રચનાઓનું પ્રાગટ્ય થયું હતું.

પુલિત્ઝર પારિતોષિક મેળવનાર એલેક્સ હેરેની 'ધ રૂટ્સ' નવલકથામાં લેખક ગુલામો તરીકે પકડીને લવાયેલા પોતાના પૂર્વજોનાં મૂળિયાં શોધવા માટે આફ્રિકા ખંડ સુધી પહોંચે છે અને જે રીતે તેમના પૂર્વજોએ સ્ટીમરના ભંડકિયામાં પાટિયા સાથે બેડીઓથી જકડાઈને ભયાનક લાંબી મુસાફરી કરી હતી, એ રીતે એલેક્સ હેરે સ્વયં ભંડકિયામાં પુરાઈ, પાટિયા

સાથે સાંકળોથી જકડાઈને મુસાફરી કરે છે. પૂરા બાર વર્ષના પુરુષાર્થને અંતે 'ધ રૂટ્સ'નું સર્જન થયું. એ માટેનો લેખકનો સંશોધનપુરુષાર્થ સ્વયં રોમાંચક કથા જેવો છે. આજે વિક્રમ સેઠ જેવા સર્જકો મહિનાઓ સુધી પોતાના વિષયવસ્તુનું ઊંડું સંશોધન કરે છે. તેમાં આલેખનારી પરિસ્થિતિનો જાતઅનુભવ મેળવવા પ્રયાસ કરે છે અને પછી કલમ ઉપાડે છે.

આપણા સર્જકો પોતીકા અનુભવની મૂડી બાબતે ઓછા ઊતરે એવા નથી, પરંતુ નવા નવા વિષયોની ક્ષિતિજો ખોળવાની અને એને આલેખવાની વૃત્તિ પ્રમાણમાં મંદ જોવા મળે છે. જાનપદી નવલકથા, કવિતા કે નાટકો પુષ્કળ પ્રમાણમાં લખાય છે; પરંતુ રાજકીય સંઘર્ષો આલેખતી રચનાઓ કેટલી ? આજે નવી પેઢીને સાહિત્ય તરફ વાળવા-આકર્ષવા માટે જાગતિક ભૂમિકાએ આપણે વિચારવું પડશે અને એ માટે નવાં વિષયવસ્તુઓની ખોજ અને નવા અભિગમો જરૂરી બનશે.

r




### કવિતા

**અટકળનો દરિયો :** અઝીઝ ટંકારવી, ૨૦૦૬, આર. આર. શેઠની કંપની (અમદાવાદ, મુંબઈ), પૃ. ૭૦, રૂ. ૫૦/-. **માટીની મહેક :** ડૉ. કેશુભાઈ દેસાઈ, ૨૦૦૭, અમૃતપર્વ સમિતિ (મહેસાણા), પૃ. ૧૩૬, રૂ. ૧૦૦/-. **કલધ્વનિ :** ચિન્મય જાની, ૨૦૦૬, ઇમેજ પબ્લિકેશન પ્રા. લિ. (અમદાવાદ, મુંબઈ), પૃ. ૩૮, રૂ. ૩૦/-. **આચમન :** ગુલામ અબ્બાસ 'નાશાદ', ૨૦૦૬, પ્ર. ગુલામ અબ્બાસ 'નાશાદ' (વડોદરા), પૃ. ૧૬૯, રૂ. ૧૧૦/-. **વનવગડાનાં ફૂલ :** પોપટલાલ પંચાલ, ૨૦૦૭, નવભારત સાહિત્ય મંદિર (અમદાવાદ), પૃ. ૮૦/-, રૂ. ૭૫/-. **જળગીત :** અનુ. રમણીક સોમેશ્વર, ૨૦૦૬, રન્નાદે પ્રકાશન (અમદાવાદ), પૃ. ૧૦૬, રૂ. ૭૫/-. **ખુશબોની ખેપ :** સંપા. ગુલામ અબ્બાસ 'નાશાદ', દિનેશ ડોંગરે 'નાદાન', ૨૦૦૬, રન્નાદે પ્રકાશન (અમદાવાદ), પૃ. ૧૦૪, રૂ. ૭૦/-. **આવ :** લાભશંકર ઠાકર, ૨૦૦૬, રન્નાદે પ્રકાશન (અમદાવાદ), પૃ. ૧૧૦, રૂ. ૭૦/-. **અહીંથી :** અનુ. અદમ ટંકારવી, ૨૦૦૬, રન્નાદે પ્રકાશન (અમદાવાદ), પૃ. ૮૫, રૂ. ૨૦૦/-. **સંગતિ :** સં. મુસાફિર પાલનપુરી, ૨૦૦૬, રન્નાદે પ્રકાશન (અમદાવાદ), પૃ. ૮૨, રૂ. ૧૭૦/-. **પુષ્પનાં પગરણ :** પુષ્પકાંત જે. ગાંધી, ૨૦૦૬, રન્નાદે પ્રકાશન (અમદાવાદ), પૃ. ૬૪, રૂ. ૫૦/-. **પહેલાં હું આવો જ હતો :** ગુલામ અબ્બાસ 'નાશાદ', ૨૦૦૬, રન્નાદે પ્રકાશન (અમદાવાદ), પૃ. ૯૮, રૂ. ૫૫/-.





## રચનાઓ આઠ | લાભશંકર ઠાકર

**॥ ૧ ॥**

**તરંગો તણાય છે તારાં અંતઃકરણનાં**
**નિજમાં નિમગ્ન ?**
**હા.**
**ડહાપણની દાબડીમાં**
**તને**
**પટ મૂકી દઈને વહી જવાના**
**તારા**
**અભિલાષનો અંત આવ્યો ?**
**ના.**
**કેમ ?**
**આ અભિલાષને ક્યાં મૂકવો ?**

**॥ ૨ ॥**

**પૂરપાટ નીકળ્યો છે કિલ્લાની શોધમાં**
**તે હવે**
**અટક.**
**પાછો વળ.**
**શોધમાં ને શોધમાં હજી કેટલી સદીઓ**
**આમ પસાર કરીશ ?**

**એ**
**નહિ અટકે.**
**છે કિલ્લો.**
**છે કિલ્લાનો રચનાર.**
**મનમાં.**

॥ ૩ ॥

નાકાબંધી પાસે અટકીને ઊભેલી
કીડી
ચોકીદારના નસકોરામાં દાખલ થતાં જ
તડતિરાડો જોઈને
એક
સાવ નાગી તિરાડમાં પ્રવેશી.
સુગંધના ભંડારો જોઈ
એણે
આંખો મીંચી દીધી.
ઘસઘસાટ ઊંઘમાં નસકોરાં
એને
સદીઓથી જગાડે છે : જાગને !
સંભળાય છે
છતાં
એ
જાગતી નથી.

॥ ૪ ॥

અંધકારમાં
ટહુકો
ડૂબકી મારે છે અને બહાર આવે છે,
જાણે છે અને નથી. નથી અને છે.
મને કોણ આશ્વાસન આપે એવું કે —
જા
નહિ પડાવી લઉં
તારી પાસેથી
આ
તારો નિબિડ અંધકાર.

॥ ૫ ॥

ચાલ્યો ગયો.
બૂમ પાડું ને પડઘા સંભળાય
તે પહેલાં



એ
અંદર
ઇનસ્કેપની સ્તબ્ધતામાં ચાલ્યો ગયો.
સદીઓ પસાર થઈ ગઈ છે
છતાં
હું
એના પડઘાની પ્રતીક્ષામાં
ઊભો છું
અહર્નિશ લૅન્ડસ્કેપને તાકતો.

॥ ૬ ॥

ચિરાયેલા તડબૂચ જેવી લાલાશમાં
એ
નથી.
છતાં છે.
હથિયારનો ઘા છે અને
પછડાયેલો શાંત દેહ પણ છે.
આંખો મીંચી દીધા પછી પણ
છે
અંદર
મૂળ નાખીને ફેલાતો.

॥ ૭ ॥

એક વિદ્ધ હરિણીની જેમ
તરફડતી
હે મારી પ્રત્યક્ષતા
તારી આવતી કાલ કદી ન હો.
ન
હો
હું.
ન
હો
તું.
હો તો હાથ વગરના હો.

॥ ૮ ॥

જગાડો. કહું છું જગાડો —
ખુલ્લી વેરાન અણખેડાયેલી જમીનમાં
દોસ્ત થઈને ઊંઘી ગયેલા હાથોને પગોને.
આ નીરવતા દાહક છે
મર્મભેદક છે
કરડનારી છે.
એને હલાવો, ખેસવો, ખસેડો.
આ બૂમબરાડા શોરબકોર ઘોંઘાટ
સંદર્ભરહિત નથી.
એ
કેમ માત્ર મને જ સંભળાય છે ?
એક વખત
એક વાર
એક જ વખત
કોઈ પડઘો તો પાડો.

## ખેતર ચડ્યું હિલ્લોળે | લાલજી કાનપરિયા

પતંગિયાની પાંખે રમતું ખેતર ચડ્યું હિલ્લોળે
પાન પાન પર સવારનો આ તડકો પીઠી ચોળે !

શેઢા માથે સભા ભરીને
બેઠાં છે કૈં લેલાં
તૃણ તૃણમાં ફરકે કોનાં
શમણાંઓ છકેલાં ?
ચકલી એની ચાંચ ટચૂકડી ઝાકળમાં ઝબોળે !
પતંગિયાની પાંખે રમતું ખેતર ચડ્યું હિલ્લોળે.

લીલો લીલો કેફ ચડાવી
પવન મારતો આંટા
આમતેમ વરસાવે પંખી
ટહુકાઓના છાંટા !
ક્ષણ ક્ષણ કોની ઇચ્છાઓના લીલા અંકુર કોળે ?
પતંગિયાની પાંખે રમતું ખેતર ચડ્યું હિલ્લોળે.







## ટાઇટાનિકના તૂતક પર : એક ભૂંગળ ગાણું | સિતાંશુ યશશ્ચંદ્ર

ટાઇટાનિકના તૂતક પર એ બૅન્ડ બજાવે છે,
બલિયે ! નચ બલિયે, નચ બલિયે !
પરબોલીમાં બૂડતે બૂડતે હૅન્ડ હલાવે છે,
બલિયે ! નચ બલિયે, નચ બલિયે !

બૅન્ડ બજાવે, હશીશ લાવે, ફ્રેન્ડશિપ ડે છે આજે,
લિબરલ છે પેરન્ટ્સ ને બાબા બ્લૅક શીપ ડે છે આજે,
ઘેટાં-ઘેટી ઘણું ભણ્યાં — કૉલેજ ઇલેક્શન રાખો,
નિયમ-નિયમ કરટો છે ? ટે માસ્તરને મારી લાખો !
કૉન્ગી-ભાજપ કારિયાલઈથી હુકમો આવે છે,
બલિયે ! નચ બલિયે, નચ બલિયે !

વાજતે ગાજતે કેવું કાઢ્યું ’તું વરણાગી વહાણ,
નાખોદો નીકળ્યો આ તો દરિયાથી સાવ અજાણ !

ક્યાંથી તરતા આવ્યા ટાઢાબોળ બરફના પ્હાડ ?
ચીન ત્રાટક્યું ત્યાં તો, ચાચા, ફાટી ગઈ ’તી રાડ !

આઇસબર્ગ સાથે અથડાઈ બૂડવા બેઠું જ્યારે જહાજ,
ત્યારે કૅપ્ટનની કેબિનનો સજ્યો સરકસી સાજ !

બૅન્ડ બજે તૂતક પર, તળિયે બૉઇલર રૂમમાં દરિયો,
કૅપ્ટનની કેબિનમાં જલસો સર્કસ કેરો કરિયો !

પાળેલો ડ્રેગન લઈ અંદર આવ્યો લાયન-ટેઇમર,
આઇ.એમ.એફ.ના ચાબૂકવાળો, ઇરાકનો બિગ-ગેઇમર !

રિંગ માસ્ટરને સિંઘ ને સિન્હા બેઉ વધાવે છે !
બલિયે ! નચ બલિયે, નચ બલિયે !

તૂતક પર છે મ્યુજિકવાલા, ભંડકિયે પેલીઓ,
ચડી ચડીને નાચે બેડી ખખડાવી ઘેલીઓ !

‘બલિયે’ કહીને બોલાવે છે તેથી શી હરખાતી,
‘નચ’ કહેતાંમાં નીતરતી ચાદર જેવી અમળાતી !

પડઘમવાળો આખા કૅમ્પસનો ઇકલૌતો માસ્ટર,
સરસતીમાતા મૂગાંમંતર, આ તે બૉમ્બે બ્લાસ્ટર !

નીચે ગાંડો દરિયો ગરજે, જાવ તો જાવું ક્યાં ?
લાઉડસ્પીકર તૂતક પર બોલે : બોલો યા-યા-યા !

સ્ટીમર બૂડવા બેઠી છે ત્યાં તૂતકનો શો વાંક ?
બટ આ બૅન્ડ માસ્ટરે, મામુ, આડો વાળ્યો આંક !

વહાણ તળિયે તૂટ્યું છે, આ જાણે છે કે નહીં ?
પાગલ થઈ નાચે છે બલિયા, સમજે છે સહી-સહી !

સાફ-સાફ સમજે છે, તેથી તો વગડાવે છે,
બલિયે ! નચ બલિયે, નચ બલિયે !

ક્લાઇવ ને કર્ઝન મોજે-મોજે મછવાઓ લઈ આવ્યા,
ડૂબી રહેલા લોકો માટે સુંદર શૅમ્પૂ લાવ્યા !

વચ્ચે ડૂબે વહાણ – જલ્સા, બૅન્ડ ને સરકસવાળું,
એની ચારે તરફે મરચન્ટ – મછવાઓનું ટોળું !

ટેક-ઓવરનો ભાવ જ્યાં ટાઇટાનિક-ટાયફૂને પૂછ્યો,
ઘૂઘવતો ઇતિહાસ ઘોર ત્યાં એન્જિન રૂમમાં ઘૂસ્યો.

તૂતક પર ત્યારે મસ્તીમાં ઝૂમ્યાં સહુ મસ્તાનાં,
લૅબ-લેક્ચર રૂમ લૉક્ડ — સોણિયે ! સુણ યે સુંદર ગાણા !

જાંઘ હલાવે છે, હેઠળનો એન્ડ અડાવે છે,
બલિયે ! નચ બલિયે, નચ બલિયે !
ગરક થાય છે, તોય મરકતાં કોલા લાવે છે,
બલિયે ! નચ બલિયે, નચ બલિયે !
કમળ સૂંઘતાં હાઈ થઈ કોન્ગી હૅન્ડ હલાવે છે,
બલિયે ! નચ બલિયે, નચ બલિયે !

૨૦૦૬, એપ્રિલ ૨૦૦૭



# ત્રણ કાવ્યો | ધીરુ પરીખ

## ૧. દ્વન્દ્વ-નિર્દ્વન્દ્વ

જાણું છું કે મારી ગાડી
પશ્ચિમ તરફ દોડી રહી :
બહાર જોઉં તો
પૂર્વ તરફ દોડી રહ્યાં છે
વૃક્ષો, તારના થાંભલા ને માઈલસ્ટોન.

સામસામી ગતિની આ શી અથડામણ !
એમાંથી છૂટવાને ચિત્ત કરે છે મથામણ.
પણ ના છૂટે કે ના છટકે,
પાછું ત્યાં ને ત્યાં જઈ અટકે :
ગતિ સામે ગતિનું આ કેવું દ્વન્દ્વ !

ત્યાં તો ગાડીના કો આંચકાએ
ભ્રાન્ત ચિત્ત જાગે :
અંદર હું ગતિમાન, બહાર બધુંય સ્થિતિવાન.
હવે કશો વિરોધ ન ભાસે
જ્યારે ગતિ અને સ્થિતિનું નિર્દ્વન્દ્વ સાચું લાગે.

## ૨. પ્રવેશ-પ્રસ્થાન

તાળીઓથી ગાડીના પ્રવેશને વધાવે નાનો બાળ;
મોટેરાંઓ આમતેમ આઘાંપાછાં થાય,
ગાડીની અંદર અને ગાડીની બહાર જાય,
લીધું અને લાવ્યાં તેની જ કેવળ રાખે ભાળ !
ખૉળાખૉળી આમતેમ દોડાદોડી મોટી
ગાડીના પ્રસ્થાનની ત્યાં વાગે છે સિસોટી :
ગાડીના પ્રસ્થાનનેય વધાવી રહેતો પેલો બાળ,
પ્રવેશ અને પ્રસ્થાનની લે, બસ, એટલી સંભાળ.

## ૩. ચાલવું-થોભવું

કેવળ ડ્રાઇવરના ઇશારે જ
ગાડીને ચાલવું રહ્યું,
એ થોભાવે ત્યાં થોભવામાં ગાડીએ
નિજનું કૈં નિજપણું લહ્યું.

ગાડીનું છે ગાડીપણું ચાલવામાં
ઊભી હોય ત્યારે ઊભા રહી મ્હાલવામાં;
ચાલવું અને થોભવું એ છે એનો ક્રમ,
ચાલવું અને થોભવાનું ઐક્ય, નથી વિભ્રમ.

## નભમાં પુગે પથારી | ઊજમશી પરમાર

આરત એવી કેવી પળ પળ આંખો જતી નિતારી,
ઝાલર હારોહાર બજે રે સુરતા તણી સિતારી.

રામદુવારે રટણ ઊગતું
વધી ઝાડ થઈ જાતું,
છાંય તણું પાથરણું
પારાવારે જઈ પથરાતું;
કોણ કહે છે સરત સાંઈની હદબ્હારી નહીં સારી ?
ઝાલર હારોહાર બજે રે સુરતા તણી સિતારી.

રણમાં ઝરણે ઝબોળાઈ
જાવાનું કદીએ ધાર્યું ?
અગન ધખે એની મહીં પગલું
પગલું મનભર ઠાર્યું;
અરે, દેઈ લંબાવ્યા ભેળી નભમાં પુગે પથારી;
ઝાલર હારોહાર બજે રે સુરતા તણી સિતારી.

સુવાંગ જાણે સાંજ સૂરની
મહીં ઓગળી હાલ્યા,
સુધ રહી ના કોઈ સાધની
એવી ઝણથી ઝાલ્યા,
અચળ અવસ્થા કદીએ થઈ ના, નહીં કદીય થનારી;
ઝાલર હારોહાર બજે રે સુરતા તણી સિતારી.



## રંગભર રમવા ગ્યા'તા | હરિશ્ચન્દ્ર જોશી

ઊંડો કૂવો અવાવરો ને આંખે વળગી ઝાંખ,
રે સપનાં સીંચવા ગ્યા'તા;
ઘર પછવાડે પીલુડી ને ફરતી બાવળ કાંટ્ય,
રે પીડા વીણવા ગ્યા'તા;
લીમડે બેઠી ખિસકોલી બૈ કાપે ટગલી ડાળ,
રે અમથું ઝૂલવા ગ્યા'તા;
ગંધના ઝામણ છોડવા ને ટેરવે લાગ્યા ડંખ,
રે ફૂલડાં ચૂંટવા ગ્યા'તા;
છીછરા કાંઠા છેતરે ને તાણી જાતા ક્યાંય,
રે નદીએ છબવા ગ્યા'તા;
ખાલી ખાલી હથેળિયુંને ચણશે ક્યાંથી મોર ?
રે દિવસો લણવા ગ્યા'તા;
રંગ કસુંબલ આંખડીની વાગી તમ્મર ઠેસ,
રે ઝીલણ ઝીલવા ગ્યા'તા;
સૈયર હાલે મલપતી હું મારગ આખે રોઈ,
રે રંગભર રમવા ગ્યા'તા.

## પારસ પૂતળી… | હરિશ્ચંદ્ર જોશી

ચૈતર ચડતો અંગમાં રૂંવે રૂંવે મ્હોર
મ્હેકે આઠે પ્હોર હું વાસંતી લ્હેરખી.

તકતામાં મોહી પડી ભૂલી સઘળું ભાન
મારામાં ગુલતાન હું પારસની પૂતળી.

ફળિયામાં સૂતી રહી માથે ઓઢી રાત
ઓકળિયાળી ભાત ઝલમલ મારી આંખમાં.

વાદળ બેવડ નીચવ્યાં ટીપું વરસ્યું એક
ભીંજાણી હું છેક માટી ભીની મ્હોરતા.

પાલવના પંખી ઊડ્યાં લઈ મુજને સંગાથ
ભરે પવનને બાથ પાછળ ઊભો સાયબો.

## અજાણ્યા શહેરમાં આવ્યા | પાર્થ મહાબાહુ

બરફની જેમ ઓગળતા અજાણ્યા શહેરમાં આવ્યા
ચરૂની જેમ ઊકળતા અજાણ્યા શહેરમાં આવ્યા.

સૂરજ ધોળા દિ'યે અંજાય એવા પેંતરા રૂપે
દીવો પેટાવી નીકળતા અજાણ્યા શહેરમાં આવ્યા.

મજાની ઓથમાં પીડા, ફૂલોની સોડમાં કાંટા
સુખેથી લોહી નીંગળતા અજાણ્યા શહેરમાં આવ્યા.

કથાઓ સ્વપ્ન નીતરતી ને ઝીણાં ગીત ઝરણાંનાં
છબિ પાસેથી સાંભળતા અજાણ્યા શહેરમાં આવ્યા.

ગણીને કીમતી જીવતર લપેટે થાકના તાકા
અચાનક સાવ ઊખળતા અજાણ્યા શહેરમાં આવ્યા.

## તેનાથી આગળ છે કશું | 'રાઝ' નવસારવી

જે તમને સમજાય છે તેનાથી આગળ છે કશું ?
વિસ્મયો સર્જાય છે તેનાથી આગળ છે કશું !

ફક્ત મરમી આંખ એના મર્મને પામી શકે
અક્ષરમાં આલેખાય છે તેનાથી આગળ છે કશું ?

આંખ તો છલકાઈ ગઈ એના વિચારે એ ખરું
દિલમાં જે ઘૂંટાય છે તેનાથી આગળ છે કશું ?

હું દુઆ દઉં છું તને કે ત્યાં સુધી પહોંચી શકે
જે તને દેખાય છે તેનાથી આગળ છે કશું ?

એ તો છલના છે તને ઘરમાં જ રોકી રાખશે,
જે તને વીંટળાય છે તેનાથી આગળ છે કશું ?

એ જરૂરી છે નજર તારી સમયને ઓળખે,
'રાઝ' જે કંઈ થાય છે તેનાથી આગળ છે કશું ?



## અનુવાદ તૃણ અને તારકો વચ્ચે | ઉશનસ્

**અંગ્રેજી ભાષાંતર : પ્રદીપ ખાંડવાલા**


è.´Ü. : 28–9–1920

જન્મસ્થળ અને વતન : સાવલી (જિ. વડોદરા)

કાવ્યગ્રંથ : 'સમસ્ત કવિતા' (૧૯૯૬) – તેમની ૧૯૫૫થી ૧૯૯૫ સુધી પ્રગટ થયેલા કાવ્યગ્રંથોમાંની સમગ્ર કવિતાનો સંગ્રહ; 'એક માનવીને લેખે' (૧૯૯૬), 'મારાં નક્ષત્રો' (૧૯૯૭), 'એકસ્ટસી અને અછાંદસી' (૨૦૦૦), 'છેલ્લો વળાંક' (૨૦૦૫), 'ઉપાન્ત્ય' (૨૦૦૫). નર્મદ સુવર્ણચંદ્રક (૧૯૬૭), રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૭૨), સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર (૧૯૭૬), ગુજરાત સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર (૨૦૦૦), નરસિંહ મહેતા એવૉર્ડ (૨૦૦૧) આદિ પુરસ્કાર / એવૉર્ડથી સન્માનિત.

## તૃણ અને તારકો વચ્ચે | ઉશનસ્

ઘણીય વેળા
જાગી જતાં માઝમ રાતના મેં
જોયા કર્યો સ્ફટિકનિર્મલ અંધકાર.
ઘણા ઘણા તારક-ઑગળેલો,
કો સત્ત્વ શો ચેતન વિસ્ફુરંત,
પૃથ્વી તણી પીઠ પરે ઊભા રહી;
ભૂપૃષ્ઠ ને વ્યોમ વચાળ
કો વસ્ત્ર શો ફર્ફરતો વિશાળ
અડ્યા કરે ઝાપટ જેની રેશમી;
અંધાર મેં અનુભવ્યો કંઈ વેળ પૃથ્વીપે
રોમાંચના સઘન-કાનન-અંતરાલમાં
વાયુ તણી લહરી શો મૃદુ મર્મરંત.

આકાશના તારકતાંતણા ને
ધરાની તીણી તૃણપત્તીઓથી
વણાયલું વસ્ત્ર જ અંધકાર આ;
મેં જોયું છે ઘણીય વાર અસૂરી રાતે

## Between Stars and Blades of Grass | `Ushanas'

Many times. waking up
on a sable midnight
I have kept watching
crystal-clear dark.
This melt-light
of numerous stars
reposing on the Earth's back
evokes as essence
conscious existence.
It flutters
like a vast fabric
between the sky
and the Earth's crust.
Its silken flapping touches
brushes against me.
I have often sensed
this darkness on the Earth
gently murmuring
like an air current
at the core of
dense-forest rapture.

This dark is but a fabric
woven from
the sky's star-threads
and the Earth's
needle-sharp grass-blades.
Often I have seen
at the dead of night





કે તારકો ઝૂકંત છેક નીચે ધરા પે,
રે કેટલીય પડતા ખરી, ઝંપલાવતા
આ તૃણની ટોચ વડે વીંધાઈ જૈ
પ્રોવાઈ
મોતી થવા સૂરજ-તેજનું પીણું
પીવા;
જેને તમે ઝાકળ કહો પ્રભાતે –
–ને જોઈ છે મેં તૃણપત્તીઓને
ઊંચે ઊંચે વધતી આભ-પીઠે વવાઈ
(આકાશમાંયે ધરતી તણું ધરું !—)
તારા તણું ખેતર થૈ ફળી જવા.
તારા તણાં કણસલાં કંઈ મેં દીઠાં છે;
ને જોયું છે મેં મુજમાં રચાતું
માટી અને તેજનું ચક્રવાલ કો
લીલી અને ઉજ્જ્વલ ઝાંયવાળું
મેં અંધકારે મુજને દીઠો છે
કાયાહીણો કેવળ પારદર્શક
કો સૂક્ષ્મ સંવેદનશીલ માધ્યમ,
કો સ્તંભ ટ્રાન્સમીટરનો સીમમાં ઊભેલ ?
ત્યારે મને કશુંક ભાન ઊંડું ઊંડું થતું :
જાણે હું કોઈ ગ્રહ છું તૃણ-તારકોનો
આ આભ ને અવનીની અધવચ્ચ ક્યાંક
જાણે
હું તારકો ને તૃણની બિચોબિચ,
છું તારકો ને તૃણથી ખીચોખીચ !

that stars stoop
down to the Earth.
Oh ! So many drop
and get pierced
by the pointed grass-blades
and turn into threaded pearls
to quaff solar-light
that others at morn call
the dew of dawn.

And I have seen grass-blades
shoot upwards and take root
on the sky's back
(Earthly plants in the sky !)
to turn into star-fields
and ripen.
I have seen many
a ripening ear of stars –
and I have seen forming
within me a horizon
of soil and light
tinged green and luminous.

I have seen
myself bodiless in that dark
only transparent
a subtle, sensitive medium –
a transmission tower
up at the outskirts perhaps ?
Then deep inside
I have sensed something :
between
the sky and the Earth somewhere
I am
a planet of grass and stars
as if
I reside right in the midst
of grass and stars
I am stuffed full
of grass and stars !

**Tr. : Pradip Khandwalla**



## વાર્તા

# સંપતરાય અભ્યાસગૃહ

**મોહનલાલ પટેલ**

સુબન્ધુની સ્થિતિ કૃષ્ણને મળીને પાછા ફરેલા સુદામા જેવી થઈ. બધું બદલાઈ ગયું હતું. પોતે જે છાત્રાલયના મકાનમાં રહ્યો હતો એ આખુંય મકાન અદશ્ય થઈ ગયું હતું અને એના સ્થાને એક વિશાળ 'વિદ્યાર્થી ભવન' ઊભું થયું હતું. સંસ્થાનું કાર્યાલય કે ગૃહપતિની ઑફિસ શોધ્યાં જડે એમ નહોતાં. કોઈ છાત્રને પૂછ્યું અને એ એને ગૃહપતિના કાર્યાલય સુધી દોરી ગયો. ગૃહપતિનું કાર્યાલય અગાઉની જેમ છાત્રાલયની એક ઓરડીમાં જ નહીં પણ સ્વતંત્ર મકાન રૂપે હતું.

કાર્યાલયના દ્વાર બહાર સ્ટૂલ ઉપર એક સેવક બેઠો હતો. આગંતુકને જોઈને એ ઊભો થયો અને પૂછ્યું :

'કોનું કામ છે ?'

'ગૃહપતિ સાહેબ અંદર છે ?'

'હા, બધા અંદર જ છે.'

'બધા ?' સુબન્ધુને આ શબ્દ નવો જણાયો. અંદર પ્રવેશ્યા પછી 'બધા' શબ્દનો એને અર્થબોધ થયો. અંદર ત્રણ ગૃહપતિ અને એક કારકુન હતા.

સુબન્ધુ અહીં છાત્ર તરીકે હતો ત્યારે એક ગૃહપતિ સંપતભાઈ અને એક હિસાબનીસ ઠાકોરભાઈ એમ ફક્ત બે જણ છાત્રાલયની એક ઓરડીમાં બેસતા. બધો કારોબાર અહીં થતો. અત્યારે આ કાર્યાલયમાં બેઠેલા ચારેય જણ સુબન્ધુ માટે અજાણ્યા હતા. જે ઉમળકાથી એ કાર્યાલયમાં પ્રવશ્યો હતો એ ઉમળકો વિલાઈ ગયો. એણે ચારમાંના એકને પૂછ્યું : 'સંપતભાઈ સાહેબ નથી ?'

કાર્યાલયમાં બેઠેલા ચારેય જણાએ એકબીજા સામે જોયું. પછી એક જણે જવાબ આપ્યો : 'એમને છૂટા થયે તો એક દાયકો થયો.'

'છૂટા થયા' શબ્દો સુબન્ધુને ખૂંચ્યા. પોતે છાત્રાલયમાં હતો ત્યારે સંપતભાઈ યુવાન હતા. કૉલેજના અભ્યાસ પછી તરત ગૃહપતિ બન્યા હોય એવું જણાતું હતું. સાંભળ્યા પ્રમાણે તો એ અંગ્રેજી વિષય સાથે બી.એ.માં પ્રથમ વર્ગમાં પાસ થયા હતા. પોતાના અંગત રસ અને શોખથી છાત્રાલયના ગૃહપતિ બન્યા હતા. આ સોળ વર્ષ પહેલાંની વાત. અત્યારે છૂટા થવાની એમની ઉંમર ન ગણાય. ઊલટું, અનુભવના આધારે વધારે સક્ષમ બનીને કામ કરતા હોય. છાત્રોમાં એ અત્યંત પ્રિય હતા... છૂટા કેમ થયા હોય ? કદાચ અન્ય સ્થળે સેવાઓ આપતા હોય. કૉલેજમાં પણ જોડાયા હોય. એકાદ-બે તર્ક કર્યા પછી સુબન્ધુએ પૂછ્યું : 'હાલ એ ક્યાં છે એ કહી શકશો ?'

'આ શહેરમાં ક્યાંક રહે છે.'

આ કંઈ બહુ મોટું શહેર નહોતું. પોતે અહીં હતો ત્યારે એની ત્રીસ હજારની વસ્તી

હતી. અત્યારે કદાચ ચાલીસ હજાર જેટલી હશે. સંપતભાઈ જેવો માણસ આ શહેરમાં વસતો હોય અને એના માટે 'ક્યાંક રહે છે' એવું સાંભળવું પડે એ કેવું ?'

'ક્યાંક એટલે ક્યાં ?'

'શહેરના પૂર્વ છેડે તળાવ વિસ્તારમાં ક્યાંક રહે છે. એમનું ચોક્કસ ઠેકાણું અહીંના જૂના સેવક વસ્તારામ આપી શકે.'

'વસ્તારામ મળી શકશે ?'

'અત્યારે વેકેશન ચાલે છે એટલે થોડા દિવસ માટે એ એમના વતન ગયા છે.'

'એમનું વતન ?'

'સુંદરપુર ગામ.'

સુબન્ધુને સુંદરપુર ગામની ખબર હતી. એક વખત એ ગામમાં આગ લાગી હતી એટલે બધા છાત્રો એ આગને હોલવવા માટે એ ગામ તરફ ભાગ્યા હતા. છાત્રો આંધળિયાં કરીને કશું સાહસ ન કરી બેસે એ ચિંતામાં સંપતભાઈ સાહેબ હાંફળા-ફાંફળા એ છાત્રોની પાછળ દોડી આવ્યા હતા. સુબન્ધુને એ દિવસ અને એ ગામ બરાબર યાદ હતાં.

કેમ્પસના મુખ્ય દરવાજા આગળ પાર્ક કરેલી ભાડાની એમ્બેસેડરમાં બેઠા પછી સુબન્ધુએ ડ્રાઇવરને કહ્યું : 'આપણે સુંદરપુર જવાનું છે. રસ્તો હું બતાવીશ.'

સુંદરપુર જવા માટેનો એક વખતનો ધૂળિયો રસ્તો હવે પાકો બની ગયો હતો. વચ્ચે એક નેળિયું આવતું હતું તે પણ આ પાકો રસ્તો થયા પછી અદૃશ્ય થઈ ગયું હતું.

સુંદરપુર પહોંચ્યા પછી વસ્તારામનું ઘર શોધતાં વાર ન લાગી. ગામનાં બાળકો પણ આ વૃદ્ધને જાણતાં હોય એવું લાગ્યું. વસ્તારામનું ઘર એક સાવ સાંકડી નવેળીમાં હતું. કાર નવેળીના મુખ આગળ થોભાવીને સુબન્ધુ વસ્તારામના ઘર આગળ પહોંચ્યો. માળ વગરનું ઘર. આગળ મોવટીની એક વળીમાં ચકલાં માટે પાણીની ઠીબ બાંધેલી હતી. ઠીબની કિનારી પર બેસીને કેટલાંક ચકલાં ચાંચ ઊંચી-નીચી કરીને પાણી પીતાં હતાં. ઘર બંધ હતું. આંગણામાં બેત્રણ બાળકો અને એક કિશોર લખોટીએ રમતાં હતાં સુબન્ધુ કિશોરને કંઈ પૂછે એ પહેલાં માથા પર પાણીની ચરુડી અને કાખમાં ઘડા સાથે એક સ્ત્રી પસાર થતી હતી. એને એણે પૂછ્યું : 'બહેન, વસ્તારામનું ઘર બંધ છે. એ ક્યાં મળી શકે ?'

'ખેતરમાં.'

'મારે એમને મળવું છે.'

સ્ત્રીએ તત્ક્ષણ પેલા કિશોરને કહ્યું : 'ચંદુ, આમને વસ્તાભાના ખેતરે લઈ જા.'

ચંદુએ સુબન્ધુને વસ્તારામના ખેતરે પહોંચાડવાની તૈયારી બતાવી.

હજુ પેલી સ્ત્રી ઊભી હતી. સુબન્ધુએ એને પૂછ્યું : 'ખેતર સુધી મોટર જઈ શકશે ?'

'ટ્રેક્ટર જાય છે એટલે મોટરેય જશે જ ને.'

'ચાલો ચંદુભાઈ, આપણે કારમાં બેસીને જઈએ.'

કારનું નામ પડતાં ચંદુના ઉત્સાહમાં ઉછાળો આવ્યો. હળવા થેકડા સાથે એ આગળ થયો.

ખેતરમાં પ્રવેશતાં સુબન્ધુનું મન પ્રસન્ન થઈ ઊઠ્યું. ખેતરમાં વસ્તારામના પુત્રો અને પુત્રવધૂઓ કામ કરતાં હતાં. વસ્તારામ શેઢા પરના એક ઝાડની છાયામાં બેઠા હતા.



કોઈ શહેરી યુવાનને ખેતરમાં પ્રવેશેલો જોઈ જરા વિસ્મયથી વસ્તારામ એને જોઈ રહ્યા.

સુબન્ધુ નજીક જઈને બોલ્યો : 'ઓળખો છો, વસ્તારામભાઈ ?'

વસ્તારામ સુબન્ધુને બરાબર નિહાળી રહ્યા. પછી એમણે કહ્યું : 'કંઈ ઓળખાણ ન પડી, ભાઈ.'

'હું બૉર્ડિંગમાં ભણતો હતો. સોળ વર્ષ થઈ ગયાં બૉર્ડિંગ છોડ્યે. તમે વૃદ્ધ થયા. ન ઓળખો. હું બૉર્ડિંગમાં સાત વરસ રહ્યો. સો છોકરાં હતાં. હું સુબન્ધુ. બધા મને બન્ધુ કહેતા.'

એકાએક યાદ આવતું હોય એમ વસ્તારામ બોલ્યા : 'ઓળખ્યા, ઓળખ્યા બન્ધુભાઈ, તમે તો રમતગમતમાં અને નાટકમાં એક્કા હતા. એક વાર તમે રબારી બન્યા હતા. દુશમુશ (આબેહૂબ) રબારી !!... અમારા ખેતર સુધી કેમ પગલાં થયાં, બન્ધુભાઈ ?'

'હું આવ્યો હતો સંપતભાઈ સાહેબને મળવા. પણ એ તો હવે છાત્રાલયમાં નથી. એ ક્યાં રહે છે એટલું પૂછવા અહીં સુધી આવ્યો છું. સારું થયું, તમને પણ મળવાનો જોગ થયો.'

સુબન્ધુ આટલું બોલી રહ્યો ત્યાં સુધીમાં વસ્તારામના ચહેરા ઉપર ઘેરી ઉદાસી ફરી વળી. એ બોલ્યા : 'હા, હવે સંપતભાઈ બૉર્ડિંગમાં નથી.'

'કેમ એમ હશે ?'

'સંપતભાઈ સાહેબ માટે બૉર્ડિંગનાં અંજળપાણી પૂરાં થયાં હશે. બીજું શું કહી શકાય ?'

'પણ બૉર્ડિંગનાં અંજળપાણી એમને માટે પૂરાં થયાં એનું કંઈક તો કારણ હશેને ?'

'અમે તો ભાઈ શું કહેવાના ? મોટાની વાતોમાં ક્યાં માથું મારીએ ?' આટલું કહ્યા પછી ન રહેવાયું હોય એમ વસ્તારામે નવા પ્રમુખની જોહુકમી અને વારંવાર એમના તરફથી સંપતભાઈની માનહાનિ વિશે ઘણી વાતો કરી. છેવટે ઉમેર્યું : સંપતભાઈ જેવો માણસ સંસ્થાને કેટલા પુણ્યે મળે ? સંસ્થાનું પુણ્ય પરવાર્યું અને સંપતભાઈનું અંજળપાણી પૂરું થયું.'

થોડી વાર ભારે મૌન છવાયેલું રહ્યું. પછી જવાની તૈયારી કરતાં સુબન્ધુએ વસ્તારામને પૂછ્યું : 'સંપતભાઈ સાહેબ શહેરમાં ક્યાં રહે છે ?'

'તમે કસ્બો જોયો છે ?'

'હા.'

'એના નાકે થોડાં હિન્દુઓનાં ઘર રહ્યાં છે. ગમે તેને પૂછશો તોય બતાવી દેશે.'

'ઠીક, જાઉં.'

'એમ કંઈ જવાય છે ? સોળ વર્ષે આવ્યા છો. ચા પીને જાઓ. ખેતરમાં બધી વ્યવસ્થા છે.'

'ક્ષમા કરો વસ્તાભાઈ, હું ઉતાવળમાં છું.'

'ઠીક, આગ્રહ કરતો નથી. સંપતભાઈ સાહેબને મારા રામરામ કહેજો. હમણાં હમણાં એમની તબિયત નરમ રહે છે એવું સાંભળ્યું છે. વરસે વરસે ઝાયણી (બેસતું વર્ષ)ના સપરમા દહાડે હું એમને મળવા જાઉં છું. ગયા વર્ષે જઈ શક્યો નથી. આવતી ઝાયણીએ જરૂર

જઈશ.'

સુબન્ધુએ વસ્તારામને વંદન કર્યાં અને છાત્રાલયના પુરાણા સેવકની વિદાય લીધી.

વસ્તારામના ખેતરમાંથી નીકળ્યા પછી સુબન્ધુ ચિત્તની એક જુદી સ્થિતિ સાથે પાછો ફરી રહ્યો હતો. ખેતરો વચ્ચેના માર્ગ ઉપર કાર એકધારી રફ્તારથી જઈ રહી હતી. ખેતરોના શાંત વાતાવરણમાં અત્યારે પોતાના છાત્રાલયવાસ સમયનાં મધુર સ્મરણોમાં સંપતભાઈ ખેંચાઈ રહ્યા હતા...

...એક દિવસ સાંજના ભોજન પછી છાત્રો આસપાસનાં ખેતરો તરફ ફરવા નીકળ્યા હતા અને એકાએક આંધી આવી. આકાશ કાળી રજકણોના ગોટાથી છવાઈ ગયું. અંધારું વ્યાપી ગયું. ૧૦૦ કિલોમીટર કરતાંય વધારે તેજ ગતિથી પવન ફૂંકાવા લાગ્યો. પવનના વેગમાં ક્યાંક વૃક્ષોનાં ડાળાં કડ્ડ્ અવાજ સાથે ચિરાઈને તૂટતાં જણાતાં હતાં. છાત્રો વેરવિખેર હતા. આવા વાતાવરણમાં સંપતભાઈ હાથમાં ટૉર્ચ લઈને છાત્રોને સાદ દેતા ઘૂમતા હતા. ટૉર્ચનું અજવાળું કશું કામ આપતું નહોતું. માત્ર સંપતભાઈનો ફાટેલો સાદ સંભળાતો હતો. એ દિવસે સંપતભાઈ સાંદિપની ઋષિ હતા.

અત્યારે ચલચિત્રની રોમાંચક કથાની જેમ સંપતભાઈ જુદી જુદી ઘટનાઓમાં સ્મરણમાં ઊભરાઈ રહ્યા હતા...

પણ ખેતરમાં વસ્તારામે શું કહ્યું ? રાજકારણમાં લગભગ નિષ્ફળ ગયેલા સંસ્થાના નવા પ્રમુખ, ચૂંટણીમાં ભારે શિકસ્ત ખાધા પછી છાત્રાલયના વહીવટમાં સક્રિય બન્યા હતા. રોજ સાંજે ફરવાના સમયે છાત્રાલયમાં આવતા. જાતજાતનાં સૂચનો કરતા અને હુકમો. છોડતા –

'એકેએક વિદ્યાર્થી પોતે કરેલા ખર્ચનો હિસાબ અને નોંધ રાખે એ જોવું અને એનું કડક પાલન કરાવવું. વિદ્યાર્થીએ જે ખર્ચ કર્યો હોય કે ખરીદી કરી હોય તેની બરાબર ખરાઈ કરવી. આજના વિદ્યાર્થી ઉસ્તાદ થઈ ગયા છે. જાય હૉટલમાં અને ખર્ચ લખે ચોપડીઓનું....

વિદ્યાર્થીઓ ઉપર કડક બંદોબસ્ત રાખો. બધું રામભરોસે છોડી દો એ ન ચાલે...'

સંપતભાઈના સ્વમાન ઉપર ઘા થતા હતા પણ વિદ્યાર્થીઓના હિતમાં, અપમાન ગળી જઈને ગૃહપતિપદ ઉપર એ ટકી રહ્યા હતા. પણ એક દિવસ પ્રમુખ મર્યાદા ઓળંગી ગયા. એમણે એમની બેફામ વાણીમાં કહેવા માંડ્યું : 'સંપતભાઈ, લોકોની ફરિયાદો વધી ગઈ છે. બૉર્ડિંગનાં છોકરાં ગામમાં બહુ રખડતા ફરે છે. રાત્રે તમે ધ્યાન રાખી શકતા નથી એટલે ચોરીછૂપીથી સિનેમા જોવા જાય છે. આવું બધું અમારે ક્યાં સુધી ચલાવવું ? આપણે આ બધું ન સંભાળી શકતા હોઈએ તો છૂટા થઈ જવું જોઈએ.'

અને બીજા જ દિવસે સંપતભાઈએ છાત્રાલય છોડ્યું.

ખેતરમાં આ બધી વાતો વસ્તારામે વિગતથી કહી હતી. અત્યારે સુબન્ધુ એ વિશે ભારે દુઃખ અનુભવી રહ્યો હતો. ચિત્તમાં એક બાજુ ઊભરાઈ રહેલાં સંસ્મરણો અને બીજી બાજુ આ દુઃખ – બધું ઘોળાઈ રહ્યું હતું.

કાર શહેર સુધી પહોંચી. સાંકડા માર્ગો અને સાંકડી ગલીઓમાંથી પસાર થવાનું હતું. સાંકડી ગલીઓમાં ઢાળના ચઢાવ-ઊતાર ખરા. સુબન્ધુએ ડ્રાઇવરનું મન પારખીને



કહ્યું : 'આપણે જ્યાં જવું છે ત્યાં સુધી ગાડી સારી રીતે જઈ શકશે.'

તળાવનો વિસ્તાર નજરે પડ્યો અને મોકળાશ વધી. શહેર પુરાણું અને ઐતિહાસિક મહત્તા ધરાવતું હતું એ તો અહીંની કેટલીક પુરાણી અને જર્જરિત ઇમારતો પરથી જોઈ શકાતું હતું, ગન્તવ્યસ્થાન નજીક આવતું ગયું તેમ સુબન્ધુને લાગ્યું કે સઘળો વિસ્તાર સ્લમ એરિયા (ગંદો વસવાટ) અને યુ.એચ.એચ. (અનફિટ ફૉર હ્યુમન હેબિટેશન) છે.

ગાડી પાર્ક કરાવીને એણે એક છોકરાને સંપતભાઈનું ઠેકાણું પૂછ્યું. છોકરાએ પહેલાં તો કહી દીધું : 'બીજી ગલીમાં ત્રીજું ઘર.' પણ પછી એણે જ કહ્યું : 'ચાલો હું બતાવું.'

પહેલી ગલી આગળથી પસાર થતાં સુબન્ધુને સંપતભાઈની હાલત સમજાઈ ગઈ. બીજી ગલીમાં પ્રવેશ કર્યો ત્યારે ન સમજાય એવી અણગમતી વાસ અકળાવી રહી. ભીની, વાસી અને કાંદાના રાંધણા વખતે પ્રગટ થાય છે એવી તીવ્ર હવા અહીં ફેલાયેલી હતી.

'આ રહ્યું તે સંપતભાઈ સાહેબનું ઘર' કહી છોકરો જતો રહ્યો.

લોખંડની કાટ ખાધેલી જાળી ખોલીને સુબન્ધુએ ઘરમાં પ્રવેશ કર્યો. ઘરની પહોળાઈ વધારે હતી પણ ઊંડાઈ ઓછી. આગળના ખંડ રૂપે પહોળી પરસાળ હતી. ભીંતો મેલી અને ક્યાંક ક્યાંક પ્લાસ્ટર ઊખડેલાં. ભેજનું કારણ હોય એવું જણાતું હતું. ઘરની અંદરનો ભાગ બે ઓરડામાં વિભક્ત હતો. બંને ઓરડાનાં બારણાં પરસાળમાં પડતાં હતાં. જમણી બાજુના ઓરડામાં કોતરણીવાળા જાડા પાયાવાળી એક ઘણી પુરાણી પાટ પર બિછાવેલા, મેલી ચાદરથી આચ્છાદિત ગાદલા પર સંપતભાઈ પીઠ પાછળ એક તકિયાનો આધાર રાખીને, ઊંચકેલા બંને ઢીંચણ ઉપર પાટિયું રાખીને કશુંક લખી રહ્યા હતા. સંપતભાઈના માથાના વાળ કાળા અને ધોળા એમ શબલિત હતા. દાઢી વધેલી હતી. નાક ઉપર ઘેરા કથ્થાઈ રંગની ઘસાઈ ગયેલી ફ્રેમવાળાં ચશ્માં હતાં.

સુબન્ધુ નજીક પહોંચ્યો. પરસાળમાં ગળાઈને આવતું અજવાળું અહીં ઝાંખું હતું. ઓરડાની પછીતમાં મૂકેલી જાળીમાંથી આવતું અજવાળું સંપતભાઈના લેખન-પાટિયા પર પડતું હતું એટલે કામ નભી જતું હતું.

સંપતભાઈને આ સ્થિતિમાં જોયા પછી સુબન્ધુએ છાત્રાલય છોડવા સંબંધમાં કંઈ પણ પૂછીને એમના મનને ઉદ્વિગ્ન ન કરવાનો નિર્ણય કરી લીધો. જે જાણવા જેવું હતું તે તો વસ્તારામ પાસેથી જાણી લીધું હતું. ઘાને વધારે દૂઝતો કરવાનો શો અર્થ ?

'મને ઓળખ્યો, સાહેબ ?' પોતાના તરફ ધ્યાનથી જોઈ રહેલા સંપતભાઈને સુબન્ધુએ પૂછ્યું.

સંપતભાઈ હર્ષના રણકાર સાથે હસી પડ્યા. એ જ બુલંદ હાસ્ય. એમણે કહ્યું : 'ચહેરાથી નહીં, પણ અવાજથી તને ઓળખી લીધો, બન્ધુ. ચહેરો જરા બદલાયો છે. અણસાર તો આવી ગયો હતો પણ અવાજે ખાતરી કરાવી દીધી. આવ, આવ. બેસ. છેક અહીં સુધી કેવી રીતે ભૂલો પડ્યો ?'

'ભૂલો નથી પડ્યો, સાહેબ. ઠીક ઠીક પૂછતાછ અને રખડપટ્ટી પછી પગેરું મેળવીને અહીં આવી પહોંચ્યો છું.'

'હમણાં ક્યાં છે ? શું કરે છે ?'

'અમેરિકાના લૉસ એન્જેલિસમાં છું અને એક મોટી કંપનીમાં કમ્પ્યૂટર એન્જિનિયર

તરીકે કામ કરું છું. અઠવાડિયાથી આવ્યો છું. અને સૌ પહેલાં તમારી મુલાકાતે નીકળ્યો છું. તીર્થયાત્રાએ નીકળ્યો હોઉં એવી શ્રદ્ધાથી નીકળ્યો હતો. પુણ્યભૂમિનાં દર્શન તો થયાં, દેવદર્શન બાકી હતું તેથી અહીં ચાલ્યો આવ્યો છું.' આ બોલતી વખતે સુબન્ધુના ચહેરા ઉપર એક મ્લાન સ્મિત પ્રસરી રહ્યું.

સંપતભાઈ હસી પડ્યા અને બોલ્યા : 'અરે ભાઈ, તું ભણીગણીને એન્જિનિયર થયો પણ કવિની ભાષા ક્યારથી શીખ્યો ?'

'એન્જિનિયર તો હું પછી થયો, આ ભાષા તો એનાં ઘણાં વર્ષો અગાઉ તમારી પાસેથી શીખ્યો હતો.' સુબન્ધુ જરા અટક્યો. પછી પૂછ્યું : 'એકલા છો, સાહેબ ?'

'પરણ્યા કે નહીં એવું સીધું પૂછને, ભલા ભાઈ. નજર ફેરવ અને વિચારી લે, એકલો હોવા છતાં આ ઘરમાં ભીંતો સિવાય કશું નથી. પરણ્યો હોત તો શી સ્થિતિ હોત ?'

'એ ખરું, પણ રહેવા માટે આ વિસ્તાર અને આ અંધારિયું ઘર કેમ પસંદ કર્યાં ?'

સંપતભાઈએ ખૂબ ઠંડકથી સુબન્ધુને જવાબ આપ્યો : 'જે દિવસે મેં છાત્રાલય છોડ્યું એ દિવસે મારા ખિસ્સામાં એક પગારની રકમ હતી. બાળકો સાથે કામ કરતાં કરતાં, કીટભ્રમર ન્યાય પ્રમાણે હું શિક્ષણનું પતંગિયું બની ગયો હતો. બીજું કંઈ સૂઝે એમ નહોતું. અને બીજી કોઈ આવડત પણ નહોતી. કહેવત છે ને, 'સુથારનું મન બાવળિયે.' મને આ વિસ્તારમાં રૂક્ષ બાવળનું વન દેખાયું. આ વિસ્તાર કેળવણીમાં પછાત હતો.

સાવ ક્ષુલ્લક ભાડામાં મકાન મળ્યું. આગળની પરસાળ મારા કાર્ય માટે બહુ અનુકૂળ હતી. કશું મહેનતાણું લીધા વગર બાળકોના ભણતર અને ઘડતરનું કામ શરૂ કર્યું... .....તું રોકાઈ જા. સાંજે પરસાળ બાળકોથી ભરાઈ જશે. બાળકો મેલાંઘેલાં, પણ આંખો ચમકારા મારતી.'

'એ બધું ખરું, પણ ભૂખ્યા પેટે કંઈ સેવા થાય છે ? નિર્વાહનું સાધન શું ?'

'માણસ નગુણો નથી. આગ્રહ કરીને કંઈક ને કંઈક મૂકી જાય છે. નિર્વાહ પૂરતું રાખી લઉં છું. વધારાનું આ બાળકો માટે જ વાપરી નાખું છું. કોઈને કપડાં, કોઈને પુસ્તક, કોઈને દફ્તર, કોઈને ચંપલ, કોઈને સ્લિપર અને પેન-પેન્સિલ-રબર તો સતત વહેંચાતાં જ રહે છે...'

'પણ માંદગીના સંજોગો માટે ?'

'એની બધી ચિંતા કસ્બાવાસીઓ કરે છે. એક વખત માંદગીના કારણે મારો ચૂલો ન સળગ્યો. કોણ જાણે ક્યાંથી વાત વહેતી થઈ ગઈ. અને એક મહિલા ટિફિન સાથે હાજર થઈ. હું કંઈ પૂછું એ પહેલાં એણે જ કહ્યું : 'ભાઈ સાહાબ, પાછળની એક પોળમાં અમારા એક બ્રાહ્મણ સંબંધી રહે છે. એમના ઘરની આ રસોઈ છે...'

મેં એ મહિલાને કહ્યું : 'તમે આ શું કર્યું, બહેન ? તમને ખીચડી બનાવતાં નથી આવડતી ?'

'ખીચડી બનાવતાં ન આવડે એવું હોય કંઈ ? પણ તમે રહ્યા હિન્દુ...'

'બહેન, કોઈ જાત-પાત વિનાનો હું માણસ છું. હવે કદીક મારો ચૂલો ન સળગે તો તમે જ ખીચડી બનાવીને મને આપી જજો. વધારે દિવસ ચૂલો બંધ રહે તો જુદા જુદા ઘરમાંથી ભાણું આવે એ મને ગમશે...'



'વિસ્તાર પછાત છે સુબન્ધુ, પણ અહીં પ્રેમની લહાણી છે. ખૂબ સુખી છું.'

'અમેરિકા જતાં પહેલાં એક વાર મળવા આવીશ' કહી સુબન્ધુએ સંપતભાઈના ચરણને સ્પર્શ કર્યો અને વિદાય લીધી.

સુબન્ધુ વિદાય થયો અને પછી કારમાં બેઠાં બેઠાં એ હવા-અજવાળાવાળું એક મકાન બાંધી રહ્યો. નીચે સળંગ હૉલ અને ઉપર બધી સગવડવાળું રહેઠાણ. એણે એ મકાનનું નામ પણ આપી દીધું : 'સંપતરાય અભ્યાસગૃહ.'

અને મનોમન એણે નિર્ણય કર્યો – મકાન ઉપર નામ ન કોતરાય ત્યાં સુધી આ બધું સંપતભાઈની જાણ બહાર જ થશે. એક સરપ્રાઇઝ !

r




## કવિતા

**અસર :** ફારૂક ઘાંચી (બાબુલ) ૨૦૦૬, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય (અમદાવાદ), પૃ. ૮૮, રૂ. ૬૦/-. **ગઝલમંથન :** જગતમિત્ર, ૨૦૦૭, વિમલ પ્રકાશન, પૃ. ૭૨, રૂ. ૨૦/- **માસૂમ હવાના મિસરા :** સં. અંકિત ત્રિવેદી, ૨૦૦૬, નવભારત સાહિત્ય મંદિર (અમદાવાદ), પૃ. ૧૮૧, રૂ. ૧૫૦/-. **મોબાઇલનું ભૂત :** હર્ષદેવ માધવ, ૨૦૦૬, પાર્શ્વ પબ્લિકેશન (અમદાવાદ), પૃ. ૭૨, રૂ. ૪૫/-. **આમ તો :** રસિક પંડ્યા, ૨૦૦૬, પ્રકા. રસિક પંડ્યા, પૃ. ૧૦૧, રૂ. ૮૦/-. **આવો, માનવ બનીએ અમૃત રંગ :** ડૉ. અરુણ બી. શેલત, ૨૦૦૭, શબ્દલોક પ્રકાશન, પૃ. ૧૦૭, રૂ. ૭૦/-. **આકાશનું અજવાળું :** સતીશ ડણાક, ૨૦૦૭, શબ્દલોક પ્રકાશન, પૃ. ૯૫, રૂ. ૬૦/-. **વાદળો ઘેરાય પણ :** કાસમ જખ્મી, ૨૦૦૬, પાર્શ્વ પબ્લિકેશન (અમદાવાદ), પૃ. ૯૧, રૂ. ૬૦/-. **સમય વચાળે હું :** મૌન બલોલી 'ખામોશ', ૨૦૦૭, પ્રકા. મૌન બલોલી (અમદાવાદ), પૃ. ૧૩૦, રૂ. ૫૫/-. **ચાડિયા, તારા મલકમાં :** નટવર પટેલ, ૨૦૦૬, ભાવિક પબ્લિકેશન (અમદાવાદ), પૃ. ૬૪, રૂ. ૩૨/-. **મંદ મંદ માધવ મલકે :** તરુલતા પટેલ, ૨૦૦૭, પ્રકા. તરુલતા ડી. પટેલ (નડિયાદ), પૃ. ૮૦, રૂ. ૪૦/-. **ગુજરાતીનાં લોકગીતો :** સં. ખોડીદાસ પરમાર, ૨૦૦૬, સાહિત્ય અકાદેમી (મુંબઈ), પૃ. ૨૭૨, રૂ. ૧૩૦/-. **ખેરિયત :** જલાલ મસ્તાન જલાલ, ૨૦૦૩, આર. આર. શેઠની કંપની (અમદાવાદ, મુંબઈ), પૃ. ૧૫૦, રૂ. ૮૦/-. **અંદર ખૂલતા દરવાજા :** યજ્ઞેશ દવે, ૨૦૦૬, આર. આર. શેઠની કંપની (અમદાવાદ, મુંબઈ), પૃ. ૯૦, રૂ. ૬૦/-. **પછડાટ :** નિર્મિશ ઠાકર, ૨૦૦૭, નવભારત સાહિત્ય મંદિર (અમદાવાદ), પૃ. ૫૭, રૂ. ૩૦/-. **તડકાની છાલક :** યાકુબ પરમાર, ૨૦૦૬, રંગદ્વાર પ્રકાશન (અમદાવાદ), પૃ. ૮૫, રૂ. ૭૦/-.

નિબંધ

# ઇલ્વદુર્ગ

**પ્રફુલ્લ રાવલ**

સહેજ દૂરથી ઈડરના ડુંગરો પાસેથી પસાર થવાનું અનેક વાર બન્યું હતું. પણ ત્યાં જવાતું નહીં. માત્ર ડુંગરોનું દર્શન થતું અને એ પથ્થરો જોતાં અશ્વિન મહેતાની તસવીરોનું સ્મરણ થતું અને ડુંગર પર જવાની ઇચ્છા તીવ્ર થતી. એ ડુંગરો મને બોલાવતા રહેતા અને હું શરમાળ શિશુની જેમ 'આવીશ' એવું કહીને હાથ હલાવતો પસાર થઈ જતો, પરંતુ બે હજાર ત્રણની ચૌદમી સપ્ટેમ્બરે તો ડુંગરોએ જાણે હઠ પકડી હોય એવા ચહેરે, મને દૂરથી આવતો જોઈને સમીરની સંગાથે સંદેશો મોકલ્યો. હું 'આવીશ' એમ કહું તે પહેલાં તો બારીમાંથી પ્રવેશ્યો, મને અડક્યો અને બીજી બારીમાંથી સડસડાટ નીકળી ગયો. અવકાશ જ ન રહ્યો કશા બહાનાનો. અને મારુતિ મહાપથ પરથી ડુંગર તરફ વાળી. તળેટીએ પહોંચ્યા. મારુતિ ત્યાં પાર્ક કરીને અમે ડુંગર પર ચડવા આગળ ધપ્યા. ચઢાણ પગથિયાંવાળું હતું. ઊંચે પગથિયાં પર નજર કરી તો ડુંગર પર કોઈ ચડતું દેખાતું નહોતું. મેં પથ્થરો સામે જોયું તો જાણે એ મારી પ્રતીક્ષા કરતા હતા ! પહેલા પગથિયે પગ મૂક્યો અને મારી ભીતરનો પ્રવાસી પરિવેશની સાથે વર્તમાનમાં ડગ ભરતો, ઘડીક અતીત તો ઘડીક વર્તમાનમાં રમત રમતો રહ્યો ! સ્મૃતિ ખોતરીને સંદર્ભ યાદ કર્યો ઈડરિયા ડુંગરનો. ક્યાંક વાંચ્યું હતું ઈડરનું જૂનું નામ. પણ અત્યારે યાદ આવતું નહોતું. સ્મૃતિને વળ દેતો દેતો ઈડરિયા ડુંગરના પથ્થરોની સૃષ્ટિ જોતો જોતો હું ચડી રહ્યો હતો. ઘણું મથતો રહ્યો પણ નામ યાદ ન આવ્યું. અચાનક બે આદિવાસી જેવી સ્ત્રીઓ પસાર થઈ તો એમની વાતચીતમાંથી સંભળાયો શબ્દ રાક્ષસ અને મને યાદ આવી ગયો ઇલ્વરાક્ષસ. આ ઇલ્વ સાથે દુર્ગ શબ્દ જોડાઈને સમાસ બન્યો ઇલ્વદુર્ગ. એ જ ઈડરનું  પુરાણું નામ. વિચારું છું કેમ પ્રજાએ રાક્ષસ સાથે જોડ્યું હશે નામ ?! ઇલ્વ અને વાતાપિ એ બે રાક્ષસોનો ત્રાસ હતો આ પ્રદેશમાં. ઋષિઓને રંજાડવા એ એમની પ્રવૃત્તિ હતી. વળી જનશ્રુતિમાં તો વિવિધ કથાઓ વ્યાપ્ત છે, પરંતુ મારે ઇતિહાસને વાગોળવો નથી. તથ્ય-અતથ્યની કોઈ માયાજાળમાં સપડાવું નથી. મારે તો ઈડરના ડુંગરના પથ્થરની નીરવ વાણી સાંભળવી છે.

ઈડરના આ ડુંગરો ઉપર વૃક્ષોનું તો નામનિશાન નથી. આખો ડુંગર અભિશપ્ત યોગી જેવો લાગે છે. માત્ર શિલાઓ. પણ લાગે ઉત્સુકા જેવી. એને સતત મનુષ્યની ઉત્સુકતા. માણસ જુએ અને શિલાઓનું જડત્વ જાણે અદશ્ય થઈ જાય ! રૂપ બદલાઈ જાય. પણ એનો પારખુ જણ હોવો જોઈએ. પ્રારંભે ચઢાણ સહેલું પણ પછી કસોટી કરે તેવું. કદાચ વયની અસર તળે કાઠું લાગતું હશે ચઢાણ. ઊતરતી સવારનો તડકો હજુ રમતિયાળ બન્યો નહોતો. બહુ સખત પણ બન્યો નહોતો. માની જેમ પસવારી રહ્યો'તો શિલાઓને. ચડતા ડાબી બાજુ ખીણ જેવું. નજર કરીએ તો દેખાય પથ્થરના ટુકડા વેરણછેરણ પડેલા. દેખાય વહેતું જળ. સંભળાય જળનો નિનાદ. કંઈક કોમળ ! જાણે નાની બાળાનો નિર્દોષ સ્વર ! ક્યારેક સંભળાય એનો ખિલખિલાટ અવાજ. અને ઈડરના ડુંગરોની છવિને નમણાશ અર્પે.

ધીમે ધીમે ડુંગર ચડું છું. શ્વાસ ક્યારેક ગતિશીલ બને છે. હું થોભું છું. પાસેના પથ્થર પર બેસું છું. નજર ઊર્ધ્વ થાય છે અને દેખાય છે રૂઠીરાણીનું માળિયું. છેક ત્યાં પહોંચવાનું છે. રાણી રિસાઈને ત્યાં બેસી જતી હશે ! કદાચ. નામ રુખમઈ હશે કદાચ ! રુખમઈ તો રુકમણીમાંથી બન્યું છે અને રુકમણી તો રુક્ષ્મણીનું જ રૂપ છે. એમ જ કૃષ્ણ યાદ આવી જાય છે. વાસ્તવમાં એ ચોકી છે. પ્રજા જોડી દે છે કથાઓ અને સ્થળનો મહિમા વધારી દે છે. એવી જ છે રણમલચોકી. સાવ જીર્ણ છતાં સ્મરણ આપે છે રાજા રણમલ્લનું. એ જ ઈડરની પ્રજાનો સાચો રાજા. દક્ષા તો થાકી ગઈ છે. વચ્ચે જ વિરામ લે છે. હું વળી ડગ ભરું છું. પથ્થરો ઊભા છે વીર યોદ્ધાની જેમ – વર્ષોથી. હવાની એક લહર મને અડકીને વહી જાય છે. હું સૂંઘું છું એ હવાને. સ્પર્શવા હાથ લંબાવું છું. એ સરકી જાય છે સર્પની જેમ. હું તાકી રહું છું પથ્થરોને. અનેક આકાર પામું છું અને પછી આદરું છું શોધ મને ગમતા આકારની. વિવિધ આકારના પથ્થરો મનને પરિતોષ આપે છે. પ્રકૃતિની આ લીલાને શબ્દસ્થ કરવાનો આ વ્યાયામ ખરે જ આહ્લાદક છે. કાળની થપાટ ખાઈ ખાઈને પણ એ પથ્થરો ઊભા છે અણનમ. ડગ્યા નથી. રણમલ્લ પણ ક્યાં ડગ્યો'તો ! લડ્યો'તો પૂર્ણ સામર્થ્યથી. જીત્યો'તો. આ ઈડરિયા ડુંગરો ત્યારે પામ્યા હશે અપૂર્વ આનંદ. કેવું રૂપ હશે ત્યારે એમનું ! વિચાર બદલાય છે ને સાથે જાણે બદલાય છે ડુંગરોના પથ્થરોનું રૂપ ! એ યોદ્ધા જેવા તો છે જ, પરંતુ પ્રેમાળ પણ લાગે છે ક્યારેક. ક્યારેક લાગે છે પ્રસન્ન. ક્યારેક લાગે છે બોલકા. ક્યારેક લાગે છે મનોરમ. ક્યારેક લાગે છે ઉત્સુક. ક્યારેક લાગે છે ત્રસ્ત. ક્યારેક લાગે અધીર. ક્યારેક લાગે શ્રાન્ત. યુગની કથા કાખમાં લઈને ઊભા છે આ ઈડરિયા ડુંગરો. પથ્થરોની આ લીલાથી મારું મન થાય છે પરિતૃપ્ત. આ પથ્થરો પાસે છે યુગજૂનો ઇતિહાસ. સરવા કાન કરીને સાંભળવાનું મન થાય છે. ક્યારેક તો બે શિલા મહોલ્લાના ઓટલે બેઠેલી ડોશી જેમ ગોષ્ઠિ કરતી લાગે છે.

આ ડુંગરોને ઓળખ છે વનકેસરી ભડવીર બાપ્પારાવની પણ. વલ્લભીના પતન પછી આ બાપ્પારાવે ઈડરમાં જીવનડગ ભર્યાં. ડુંગરોને એનો પણ ગર્વ છે. આ ઈડરિયા પથ્થરોને ભલે ઉમાશંકરે 'કોઈ ક્રુદ્ધ દેવે મુઠ્ઠી ભરીને નાખેલ બેફામ કાળની કચ્ચરો' રૂપે ઓળખાવ્યા હોય પણ એ 'કાળની કચ્ચરો' નથી. એ તો છે કાળનું રુક્ષ મનોરમ રૂપ. કેવા ભવ્ય લાગે છે ! પ્રત્યેક શિલાનું નોખું રૂપ છે. પથ્થરની કવિતા કેટલી રમ્ય છે ! પ્રત્યેક શિલા જાણે કુદરતનું મનહર કાવ્ય ! વનરાજી નથી એટલે પશુસૃષ્ટિ જોવા મળતી નથી. છતાંય સાંભળું છું દૂર તળેટીમાં ભાંભરતી ગાય. ઉમાશંકર જોશીની પંક્તિ અફળાય છે –

**'ડુંગરે ગાવલડી ભાંભરે**
**મને રહી રહી સાંભરે'**

મને પણ રહી રહીને સાંભરે છે પેલી પલ્લવી. પથ્થર પર ક્યાંક લખાયેલાં છે નામો – શબ્દયુગ્મ. હુંય ઇચ્છા કરું છું લખવાની અમારાં નામ. પણ... અમર તો થશે નહીં પણ વંચાશે તો ખરા ઠીક ઠીક સમય લગી. ડુંગરની એક ટોચે પહોંચ્યા. ત્યાં તો મોટું મેદાન હતું. દરગાહ હતી અને પછી હતું તળાવ. છેક ઉપર. પાસે હતું પ્રાચીન મંદિર. સ્થાપત્ય ખંડિત થઈને પડ્યા હતા. જમણી બાજુ દિગમ્બર જૈનનું મંદિર હતું. ક્યારેક વિચારું છું

ક્યાં ક્યાં પહોંચ્યા છે આ જૈનો ! ધર્મપ્રચાર-પ્રસારની ગતિ માનવજાતની સિદ્ધિ જ ગણવી રહી. આ તળાવનું પાણી જ નીચે જતું હતું. એ જ પેલું વહેતું જળ. કેટલાંક છોકરાંઓ નહાતાં હતાં. કોઈક તો સાવ નિર્વસ્ત્ર હતાં. પાસેના એક વૃક્ષ નીચે બેઠા. થાક લાગ્યો હતો. ઓગળ્યો. પાણી પીધું. સાવ હલકું. મધુર પણ ખરું. વાતાવરણ હજુ સખત બન્યું નહોતું. સૂર્ય આજે જાણે ચંદ્રનું રૂપ લઈને આવ્યો'તો. આથી આગળ ચડવા મન હાર્યું નહોતું. આગળ હું જ ગયો. રૂઠીરાણીનું માળિયું જોઈ આવ્યો. જોઈ અભયચોકી. પાછો ફર્યો ત્યારે મેલાઘેલા ભૂખરા ઈડરિયા પથ્થરો પર આછો તડકો રમી રહ્યો હતો. ને એ બોલી રહ્યા હતા. ભાષા હતી ન સમજાય એવી. પણ ભીનાશસભર હતો એ સ્વર. પછી ખ્યાલ આવ્યો. એક શિલા પર કોઈક અજાણ્યું પંખી બેઠું હતું. એનો જ ટહુકો સાંભળ્યો હતો મેં. બરાબર જોઉં તે પહેલાં તો ઊડી ગયું. પહોંચ્યું છેક રૂઠીરાણીના માળિયે. કદાચ મનાવશે રાણીને એ ! હવે હું ડુંગરોને મુગ્ધ નયને નીરખતો નીચે ઊતરી રહ્યો છું ને સમજાય છે આ તો અરવલ્લીના ડુંગરો. મારા જ ડુંગરો. રાજસ્થાન જતાં એનો જ સાથ રહેતો. એક વાર એ ડુંગરોએ મને ખૂબ પજવ્યો હતો. છતાંય મને અભીપ્સા તો છે ડુંગરો ખૂંદવાની. ડુંગર જોઉં છું અને દોડી જાઉં છું. ભલે મોડો મોડો પણ ઈડરિયા ડુંગરોને મળી આવ્યો તો ખરો ! જીત્યો એમ તો કેમ કહું. મારે ઈડરિયા ડુંગર જીતવા નથી. એ છે તો મારા બાલભેરુઓ. ભેરુઓને જિતાય નહીં. એની સાથે રમાય. હું રમું છું આ ડુંગરો સાથે.

હવે તળેટીએ આવી ગયો છું. હાથ ઊંચો કરીને 'આવજે' કહું છું ત્યારે આંખ કેવળ પથ્થરોના અનોખા રમ્ય આકારો જોતી નથી. એને દેખાય છે ઇતિહાસ સાચવતો કોઈ યુગપુરુષ. જેની પાસે છે વીતેલા સમયનો ખજાનો. કદાચ એ ખજાનો પામવાની ઊંડી ઇચ્છાએ હું ઈડરિયા ડુંગરો પાસે પાછો જવાનો છું. સમયને કદાચ પામી શકું – કદાચ જાણી શકું.

પણ સમય કહેશે ખરો મને એની આત્મકથા ?!

r




### પ્રકીર્ણ

**પ્રિ. કેશુભાઈ પટેલ સ્મરણિકા :** સંપા. વિનાયક રાવલ, ૨૦૦૭, પ્રા. અમૃતપર્વ સમિતિ, મહેસાણા, પૃ. ૧૦૦, રૂ. ૧૦૦/-. **પરંપરા ને પ્રગતિ :** પ્રિ. કેશુભાઈ પટેલ, ૨૦૦૭, પ્રકા. જય ઉમિયા પરિવાર, મહેસાણા, પૃ. ૧૭૬, રૂ. ૧૨૦/-. **જાતકકથા :** હરિવલ્લભ ભાયાણી, ૨૦૦૬, ઇમેજ પબ્લિકેશન પ્રા. લિ., મુંબઈ-અમદાવાદ, પૃ. ૧૪૪, રૂ. ૯૦/-. **અંતરનો ઉજાસ :** ડૉ. આઈ. કે. વીજળીવાળા, ૨૦૦૬, ઇમેજ પબ્લિકેશન્સ, મુંબઈ-અમદાવાદ, પૃ. ૭૧, રૂ. ૫૦/-. **ગીતા અને આ જિંદગી :** હરિભાઈ કોઠારી, ૨૦૦૬, ઇમેજ પબ્લિકેશન, મુંબઈ-અમદાવાદ, પૃ. ૨૫૪, રૂ. ૧૬૦/-.





## પૂંછડિયું સૉનેટ

**ચિનુ મોદી**

### જિંદગીને

**આશ્લેષમાં જકડી લીધ પ્રગાઢ, એવી**
**ઢંઢોળતો, પણ નહીં લવભાન, અંગે**
**સોળે સજેલ શણગાર – સવાર જેવી**
**વ્યાપી જતી નયનમાં ચઢતો નશો – ને**
**ચૂમી લઉં, શ્વસનમાં ધબકાર એક**
**થાયે ન થાય બસ ત્યાં શિર ઢાળી દેતી**
**મારા ખભે – પકડી બાહુ સમીપ લાવું,**
**ઘેરાયલાં નયન અર્ધ બિડાયલાં શાં !**
**બેસાડતો, ઢળી પડે, કરું સ્પર્શ ઘેરો**
**હુંકાર દે, ઘસઘસાટ પછી; જગાડું**
**ચૂમું, દઈ થપકી ગાલ પર વહાલ**
**વેરું ! વળી હચમચાવી દઉં ! છતાંય**
**આળોટતી નયનમાં મુજ, ઘેન કેવું !**

**ડંકા સરે... સમય શો સરકે ઘસાઈ**
**ગાઢી બની ગઈ હવે મુજ આ સગાઈ !**

('સૂરજનો હાથ') **– યૉસેફ મૅકવાન**

ઈ.સ. ૧૯૬૦ની આસપાસ ગુજરાતીમાં જે કોઈ નવા કવિઓ આવ્યા એમાં બે વિશેષતાઓ ખાસ જોવા મળતી. એ સમયનો નવ્ય કવિ અક્ષરમેળ છંદ સાથે ઘરોબો કેળવતો અને બીજું, એ સૉનેટ ચોક્કસ લખતો. પણ, ૧૯૬૦ પછી જ અછાંદસનું મોજું ગુજરાતી કવિતામાં પ્રસરે છે અને માત્રામેળ છંદ ગુજરાતી કવિતામાં અછાંદસ પછી વર્ચસ્વ ભોગવે છે. લાભશંકર, મનહર, હું અને યૉસેફ મેકવાન બુધસભામાં જઈ બચુભાઈની કાવ્યરુચિને અનુકૂળ કવિતા લખતા. લાભશંકર, યૉસેફ અને મારા અક્ષરમેળ છંદ પાકેપાકા. લાભશંકરની મિશ્રોપજાતિ વખણાય. યૉસેફનો હરિણી વખણાય અને મારો શિખરિણી વખણાય. આજે યૉસેફના 'વસંતતિલકા'માં લખાયેલ 'પૂંછડિયા' સૉનેટની વાત કરવી છે. ઉમાશંકરે પંદર પંક્તિના કાવ્યને 'પૂંછડિયું સૉનેટ' કહેલું. જેમ આખા પતંગને પૂંછડું બાંધીને ચડાવવામાં આવે એમ કવિ ચૌદ પંક્તિ પછી પણ અનિવાર્ય આવતી એક પંક્તિ ઉમેરે ત્યારે સૉનેટની

કડક શિસ્તને એ વળોટી જાય છે અને આવા પંદર પંક્તિના કાવ્યને ઉમાશંકર 'પૂંછડિયું સૉનેટ' કહે છે.

નિરંજન ભગત, પ્રિયકાન્ત મણિયાર, નલિન રાવળની જેમ યૉસેફને પણ ઉમાશંકરભાઈનું બહુ આકર્ષણ. ઉમાશંકરને પણ આ કવિમાં ખાસ્સો રસ પડેલો. એક વાર એક વ્યાખ્યાનમાં એમણે એક સમયે એમ કહેલું કે, હમણાં મારી નજર બે કવિઓ ઉપર છે : લાભશંકર અને યૉસેફ. યૉસેફની પહેલી કવિતા હરિણી છંદમાં 'સંસ્કૃતિ'માં છપાયેલી અને એ છપાયાનો આનંદ મેં સાક્ષાત જોયો છે. યૉસેફ તો છાંદસ-અછાંદસ ગીત, ગઝલ તમામ કાવ્યપ્રકારો સાથે સાતત્યપૂર્ણ સંબંધ રાખતો કવિ છે. પણ, મને એનું અક્ષરમેળ છંદમાં થયેલું કામ કાયમ ગમેલું છે. 'સૂરજનો હાથ' એ સંગ્રહમાં પૃષ્ઠ ૯૬ ઉપર પ્રગટ થયેલ 'જિંદગીને' નામે એનું પૂંછડિયું સૉનેટ છે. આજે આ રચના વિશે આપણે વાત કરવાના છીએ.

આ કવિ કહે છે કે, જિંદગીને એણે બરાબર બથમાં લઈ લીધી છે. પ્રગાઢ આશ્લેષમાં જકડાયેલ જિંદગી આશ્લેષનો એવો તો આનંદ માણી રહી છે કે, એ પ્રેમના ઘેનમાં છે. કોઈ સોળ શણગાર સજેલી નવોઢાને આશ્લેષમાં લીધી હોય અને એ જેટલી શૃંગારમય થયેલી હોય એવી જિંદગી રસલીન છે. આને કારણે નયનમાં નશો વ્યાપી જતો. અને એ નશામાં ને નશામાં ચકચૂર થઈ કવિ કહે છે કે હું જિંદગીને ચૂમી લઉં છું. અને આ ચુંબનની ક્ષણે અમારા ધબકાર એક થાય ન થાય ત્યાં તો એ મારા ખભે માથું ઢાળી દેતી અને એટલે હું એને મારા બે બાહુઓમાં પકડી મારી સમીપ લઈ આવતો. અને ત્યારે એના નયનો અડધા બિડાતાં. પછી કવિ કહે છે કે, જિંદગીને હું બેસાડતો અને એને હું ગાઢ સ્પર્શ આપતો. અને એ હું-કાર ભણતી ભણતી ઘસઘસાટ ઊંઘી જતી તો એને હું જગાડતો. એના ગાલ પર આછી આછી ટપલી મારતો. એને ચૂમતો. પછી બહુ આવેગમાં આવી જાઉં તો એને હચમચાવી નાખતો. છતાંય મારી નજરમાં ને નજરમાં જિંદગી રહેતી હતી.

એક પછી એક ડંકા પડે. સમય વીતે, સમય સરે. અને મારી અને જિંદગીની સગાઈ સમય વધારે ને વધારે ગાઢ બનાવતો જાય છે. છેલ્લી બે પંક્તિનું પદ્ય માણવા જેવું છે.

**''ડંકા સરે... સમય શો સરકે ઘસાઈ**
**ગાઢી બની ગઈ હવે મુજ આ સગાઈ.''**

અહીં ચુસ્ત રીતે 'વસંતતિલકા' છંદ કવિએ ઉપયોગમાં લીધો છે અને સૉનેટને છેલ્લી બે પંક્તિમાં તો ચુસ્ત અંત્યાનુપ્રાસ જોઈએ જ. એ અહીં 'ઘસાઈ' અને 'સગાઈ' દ્વારા સિદ્ધ થાય છે. 'વસંતતિલકા'ને કવિએ અહીં વાતચીતનો છંદ બનાવી દીધો છે. શૃંગારનું પણ આલેખન જિંદગી તરફના રતિભાવને પ્રગટ કરે છે. ચંદ્રશંકર ભટ્ટ અને ચિમનભાઈ ત્રિવેદીએ અને પછી સ્વતંત્ર રીતે બંનેએ તથા મણિલાલ હ. પટેલ અને વિનાયક રાવલે ગુજરાતી સૉનેટનાં સંપાદન કર્યાં છે. આ 'પૂંછડિયું સૉનેટ' એમાં ખૂબ સહેલાઈથી પ્રવેશી શકે એમ છે.

r



## વ્યંગવિનોદ (અવળ આસ્વાદ) પતિની હૃદયવ્યથાનું કાવ્ય !

**નિર્મિશ ઠાકર**

એક વાચક અને ચાહક તરીકે જ નહીં, એક પતિ તરીકે પણ મારી સંવેદનાના તાર જે કાવ્ય સાથે જોડાઈ ગયા છે, એ કાવ્યને માણીશું ?

S

ચાલો, આપણે કરીએ વનની વાતો, ઉપવનની વાતો, રણની વાતો, મરણની વાતો, જીવનની વાતો, સ્મરણની વાતો, સ્ટફ કરેલા હરણની વાતો, થીજી ગયેલા ઝરણની વાતો, તો, કદાચ, પરંતુ, અથવા, પણ-ની વાતો, કોઈ અજાણ્યા જણની વાતો, આપણા જખમની, કોઈના વ્રણની વાતો, પ્રતિબિંબ વિનાના એકલવાયા દર્પણની વાતો, અર્પણની વાતો, સમર્પણની વાતો, શરણની વાતો, એક, બે ને ત્રણની વાતો – આપણે કેવળ વાતો વાતો વાતો કરીએ. થાકી જઈએ, કંટાળી જઈએ એટલી વાતો, દિવસ ને રાતો, કેવળ વાતો – અને આમ એકલતાના હાડપિંજરને વાઘા પહેરાવીએ.

**– સુરેશ દલાલ**

S

કવિને પોતાના કાવ્યનો ગમે તે અર્થ અભિપ્રેત હોય, પણ હકીકત એ છે કે કાવ્ય ભાવકે-ભાવકે જુદો અર્થ આપતું હોય છે. હું માનું છું કે કવિ શ્રી સુરેશ દલાલ કવિ તરીકે અને પતિ તરીકે કદાચ સુખી હશે, પણ હું એ સુખદ સ્થિતિમાં નથી. એ કારણે આ કાવ્યમાં મને એક દુઃખી પતિની હૃદયવ્યથાના પડઘા સ્પષ્ટ સંભળાય છે, ને સંભળાય જ, કારણ કે પતિએ માત્ર સાંભળવાનું જ હોય છે, બોલવાનો હક છે ?? (મારી પત્ની પિયર ગઈ હોવાથી હું આ આસ્વાદ (?) લખી શક્યો છું, એની નોંધ લેશો ?)

'દોસ્ત, તારા પપ્પા મરી ગયા, એ જાણી બહુ દુઃખ થયું. છેલ્લે એ શું બોલેલા ?'

'કશું નહીં, મમ્મી પાસે જ બેઠેલીને !'

આ જાણીતી જોકને પણ હું પતિની વેદનાનું લઘુકાવ્ય જ કહું છું. બોલવાનો મોકો જ ના મળે તો પતિ શું વાતો કરે ? કોની સાથે વાતો કરે ? ક્યારે વાતો કરે ? મને લાગે છે કે પૂર્વભૂમિકા યોગ્ય રીતે બંધાઈ ગઈ છે, હવે તમે આ ઍંગલથી સુરેશભાઈનું કાવ્ય ફરી એક વાર વાંચો, પ્લીઝ !

સુરેશભાઈએ અગાઉ પણ ગદ્યકાવ્યો લખ્યાં છે, સૉનેટ પણ લખ્યાં છે, પણ તેઓ મુખ્યત્વે ગીતો અને લયના કવિ છે. પણ આ કાવ્યમાં એમણે આંતરિક-આવશ્યકતા-વશ લયનો હાથ છોડી દીધો છે. હું તો આ કાવ્યમાં પતિત્વનો વિ-લય જોઉં છું, એટલે ગદ્યકાવ્યની સાર્થકતા પણ સિદ્ધ થતી જોઉં છું !

‘ચાલો’ શબ્દથી કાવ્યનો કલાત્મક ઉઘાડ થાય છે, એમાં પતિના વેદનાજન્ય આનંદનો પણ ઉઘાડ છે. પતિને કોઈ ચોક્કસ ગાળા પૂરતી સ્વતંત્રતા મળેલી જણાય છે, એટલે કદાચ એની પત્ની પિયર ગઈ હશે, એમ માનવા આપણે પ્રેરાઈએ છીએ. માંડ મળેલી ખુશીને વ્યક્ત કરતાં, પતિ અન્યોને પણ સહભાગી બનાવતાં કહે છે : ‘ચાલો.’ પછી ?

સિમેન્ટ-કૉંક્રિટના જંગલમાં બેઠેલાને બોલવાની તક મળતાં જ વાતો કરવી છે, વનની અને ઉપવનની. (એ પછી ‘રણ-મરણ’ પણ આવશે !) અહીં સુરેશભાઈની ખાસ શૈલીનો સ્પર્શ પણ અનુભવાશે. ‘હું સંત છું, વસંત છું !’ એવું ના લખે, ત્યાં સુધી એમને ચેન ના પડે. જોકે પત્ની સાથે પ્રાસ ન બેસાડી શકેલ પતિની સંવેદના વ્યક્ત કરવામાં ‘વન-ઉપવન’ જેવા પ્રાસયુક્ત શબ્દો સફળ છે, એનું સુફળ હું જોઈ શકું છું. પતિને હજી સુધી ‘વન-ઉપવન’ યાદ છે, એનો આપણને પણ આનંદ છે. યાદ તો હોય જ, કારણ કે એ ક્યારેક તો કુંવારો અને આઝાદ હતો જ. પતિ આ રીતે અને આ બાબતે વાતો કરવા ઝંખે છે, એ જોઈ મને પેલા ફિલ્મગીતની પંક્તિઓ યાદ આવી જાય છે... ‘આજ ફિર જીને કી તમન્ના હૈ ! આજ ફિર જીને કા ઇરાદા હૈ...’ ખેર, એ પતિના ભાગ્યમાં જેટલા કલાક કે દિવસ જીવવાનું લખ્યું હશે, એટલું જ એ જીવી શકશે. (પછી તો પેલી પિયરથી પાછી આવશેને !)

આ કાવ્યની ખાસ વિશેષતાઓ છે તે એમાં આવતા ભાવ-પલટાઓ. પતિ અહીં આનંદ અને વેદના વચ્ચે ઝૂલે છે, લોલકની જેમ ! ‘વન-ઉપવનની વાતો’ પછી એ સીધો ‘રણ-મરણની વાતો’ પર પહોંચી જાય છે ! શૈલી ઉપરાંત આપણે પતિની વેદના પણ પકડવાની છે. (એ હું તમને પકડાવીને જ રહીશ !) સુરેશભાઈ સિવાય સૌ જાણે છે કે દામ્પત્યજીવન જ એક રણ છે ! ને રણમાં તો મ-રણ જ હોય ! અહીં મરેલો પતિ શારીરિક રીતે તો જીવે છે, એ ખરું. એને તો એનીયે વાતો કરવી છે, પણ એની આત્મકથા એ કોને કહે ! (બીજા પતિઓને પરમિશન મળે તો સાંભળવા આવેને ?) રણમાં માનસિક રીતે મરી ગયેલો પતિ સ્ટફ કરેલા હરણ જેવો થઈ ગયો છે. (એક આડ-વાત કહું ? કુંવારો હોવા છતાં, મને સલમાનખાન પણ સ્ટફ કરેલા હરણ જેવો દેખાય છે, ખાસ તો કોર્ટમાં પેશ થાય છે ત્યારે !)

પતિના હૃદયમાં સુંદર આશાઓનું પણ એક ઝરણ છે, પણ એ થીજી ગયેલું છે. આખેઆખા પતિઓ થીજી જાય એવી હૃદયવિદારક સ્થિતિઓની ચોખવટ નથી કરતો, પણ એમાં ઝરણ તો થીજી જ જાય, સ્વાભાવિક છે ! તો કદાચ – પરંતુ – અથવા – પણ જેવા શબ્દો પ્રયોજી કવિશ્રીએ કેવો આડકતરો ઇશારો આપ્યો છે ! પત્નીની આક્રમકતા સામે નિષ્ફળ જતાં પહેલાં પતિઓ એવા શબ્દોથી જ પોતાનો બચાવ કરવા ઝઝૂમતા હોય છે, સાવ હાસ્યાસ્પદ રીતે ! આ એ શબ્દો છે જેના ઉપયોગ વડે તમે ઑફિસના બૉસ સામેય ટકી શકતા નથી ! તો, કદાચ, પરંતુ, અથવા, પણ ! આ શબ્દોથી ટકવું અશક્ય, અ-ટકવું જ રહ્યું.

જ્યાં જખમ અને વ્રણની વાતો આવે છે, ત્યાં કાવ્ય મુખર થઈ જાય છે. પણ ‘કોઈ અજાણ્યો જણ’ અને ‘પ્રતિબિંબ વિનાનું દર્પણ’ જેવા શબ્દો દ્વારા કવિએ પતિની (અવ)દશા અને દિશા(શૂન્યતા)નો હિસાબ અત્યંત કુશળતાથી આપ્યો છે. શૈલીને કારણે દર્પણની પાછળ



અર્પણ-સમર્પણ આવે જ, પણ કાવ્યનો પાયો મજબૂત હોવાને કારણે, એ સહ્ય બની રહે છે. સમર્પણ કરતાંયે વધુ સશક્ત શબ્દ છે ‘શરણ’. સ્ટફ કરેલો હરણ કોના શરણમાં છે, એની સ્પષ્ટતા જરૂરી ખરી ?

પતિને તો રાતદિવસ, થાકી-કંટાળી જવાય ત્યાં સુધી વાતો કરવી છે, પણ કોની સાથે ? તો કહે... એકલતાના હાડપિંજર સાથે ! શહેરની ભરી ભીડમાંયે પતિ એકલો છે, છતાં એવો એકલો પતિ એકલો નથી, એવા તો કૈંક પતિઓ છે ! ના સમજ્યા ? (તો તમે સુખી પતિ હશો !) આવી વ્યથાઓમાં ડૂબી ગયેલા, બોલવાયે ન પામતા પતિઓને ધ્યાનમાં રાખી એક યાદગાર ફિલ્મગીત લખાયેલું અને કિશોરકુમારે ગાયેલું, એના શબ્દો સૌ મૂંગા પતિઓને અર્પણ છે : ‘અપની તન્હાઈ કા ઔરોં સે ના શિકવા કરના. તુમ અકેલે હી નહીં હો, સભી અકેલે હૈં ! યે અકેલા સફર નહીં ગુજરા...’

પોતાના જ કાવ્યમાં રજૂ થયેલી આ વેદના, ખુદ સુરેશભાઈ જ નહીં સમજી શકે, કારણ કે તેઓ સુખી પતિ છે ! આ તો દુઃખી નિર્મિશો માટેનું કાવ્ય છે, અસ્તુ.




## પ્રકીર્ણ

**બહુરત્ના વસુંધરા :** સંપા. સુરેશ દલાલ, મહેશ દવે, ૨૦૦૬, ઇમેજ પબ્લિકેશન, મુંબઈ-અમદાવાદ, પૃ. ૨૯૩, રૂ. ૩૫૦/-. **ભિવંડી હુલ્લડ અને શાંતિના પ્રયોગો :** લે. સુરેશ ખોપડે, અનુ. કિશોર ગૌડ, ગંગાબા પરિવાર પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૬, પૃ. ૧૩૨, રૂ. ૧૦૦/-. **કાપાલિકા :** પ્રમુખ દત્ત, ૨૦૦૬, શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, અમદાવાદ, પૃ. ૨૦૮, રૂ. ૧૪૦/-. **વાલમના નાગરોની વંશાવલી :** જશવંત પંડ્યા, ૨૦૦૬, વાલમ નાગર પરિવાર, અમદાવાદ, પૃ. ૪૧, રૂ. Nil. **વૈજ્ઞાનિક અભિગમના પ્રસારમાં માધ્યમોનો ફાળો :** યાસીન દલાલ, ૨૦૦૬, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, પૃ. ૧૩૨, રૂ. Nil. **સમેતશિખર વંદું જિન વીશ :** ડૉ. કવિન શાહ, ૨૦૦૬, પ્રકા. રીટા કે. શાહ, પૃ. ૪૬૨, રૂ. ૧૮૦/-. **ચરોતરમાં બોલાતી કહેવતોનો સંગ્રહ :** ચતુર પટેલ, ૨૦૦૬, ડૉ. સી. એસ. પટેલ, પૃ. ૩૦૪, રૂ. ૨૫૦/-. **સરોજ પાઠક :** સંપા. રમણ પાઠક ‘વાચસ્પતિ’, ૨૦૦૬, પ્રકા. રમણ પાઠક, સુરત, પૃ. ૭૯, રૂ. Nil. **આંબેડકર સંદેશ :** સં. કરસનભાઈ ખરા, ૨૦૦૬, પ્રકા. કરસનભાઈ ખરા, પૃ. ૩૬, રૂ. ૨૫/-. **રાધા-કૃષ્ણ વિષયક ગુજરાતી ગીતકવિતા :** ડૉ. મનોરમા ડી. પટેલ, ૨૦૦૬, ડૉ. મનોરમા પટેલ, ૩૧, દત્તનગર સોસા., નાવકવાડા, વલસાડ-૩૯૬૦૦૧, પૃ. ૮+૫૮૬, રૂ. ૩૨૫/-.

## ભારતીય સાહિત્ય  બે કાવ્યો • રાજારામ ભાદૂ

**અનુવાદ : નલિની માડગાંવકર**

### ૧. શબ્દોની દુનિયા

જેમ એક ખડક ભેદીને
પ્રગટ થાય છે ઝરણું
કલકલ કરતું
તેમ એક ભ્રાંતિ તૂટીને
પ્રગટ થાય છે વિચાર
શબ્દ-શબ્દ ઝરે છે.

મેં સર્જી છે શબ્દોની દુનિયા
બિંબથી બિંબ સુધી.
જેમ પક્ષી બનાવે છે માળો
એક એક તણખલાં ભેગાં કરી

શું શબ્દોથી રચાય છે માળો ?
જેમાં છુપાવી શકું પોતાનું માથું
બચી જાઉં ઝંઝાવાતી પ્રહારોથી
અને ઠંડીના રોષથી.

ના, નથી બનતું આવું શબ્દોથી,
શબ્દોની દુનિયામાં તો
ગગનવિહારી બની રહેવાનું છે.

### ૨. હાથમાં નથી સપડાતા પડછાયા

અસ્તિત્વનું નક્કર પ્રમાણ છે પડછાયો
ખુદને સ્પર્શતો છતાં ખુદથી દૂર
હંમેશાં ખુદથી નિકટ અને
નિતાંત અળગો.
અંધારામાં સાથ છોડી દે છે પડછાયો
ત્યારે આપણે જાતે જ પોતાના અસ્તિત્વની
સાક્ષી પૂરવી પડે છે.



પ્રકાશ જેટલો ત્રાંસો પડે
એટલો જ પડછાયો લાંબો પડે
પ્રકાશ જ્યારે સીધો માથા પર પડે
પડછાયો ત્યારે આપણી ભીતર સમાઈ જાય.

પડછાયા તો આપણી સાથે જન્મ્યા છે
અને આપણા અદશ્ય થવાની સાથોસાથ
એ અદશ્ય થઈ જવાના.
એવું કહેવાય છે કે ખુદ આપણે જ
પરિવર્તિત થઈ જઈએ છીએ
અદશ્ય પડછાયાઓમાં.
આપણી પાસે રહેવા છતાંય આપણાથી
એ કેટલા દૂર છે !
પડછાયાઓ ક્યારેય સંવાદ નથી કરતા
હાથમાં પકડાતા નથી પડછાયા.

હું મારા પડછાયાથી
મુક્ત થવા ઇચ્છું છું
ત્યારે એ તો છવાઈ જાય છે મારા પર
એક પ્રેતછાયા બનીને.

r




### પ્રકીર્ણ

**મારી લોકયાત્રા :** ભગવાનદાસ પટેલ, ૨૦૦૬, નયન સૂર્યાનંદ લોકપ્રતિષ્ઠાન, અંજુ એન્ટરપ્રાઈસ, વિજય વિક્રમ કો.ઓ.હા.સો., સી.એલ.સી. રોડ નં. ૪, મુંબઈ-૬૮, પૃ. ૧૪૨, રૂ. ૧૨૫/-. **ભર્યું ભર્યું અસ્તિત્વ :** કૃષ્ણકાન્ત કડકિયા, ૨૦૦૭, પ્ર. કૃષ્ણકાન્ત કડકિયા, એમ ૮૨/૩૮૫, સ્વરૂપ, સરસ્વતીનગર, અમદાવાદ-૧૫, પૃ. ૨૮૮, રૂ. ૧૭૦/-. **ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની ૧૦૫ની માર્ગદર્શિકા :** અમૃતલાલ એસ. પટેલ, ૨૦૦૬, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૪૫, રૂ. ૫૦/-. **અશ્રુ આઝાદીની આંખનાં :** ડૉ. ચંદ્રકાન્ત મહેતા, ૨૦૦૬, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૪૩, રૂ. ૭૫/-. **સમીક્ષિત :** દિનેશ દેસાઈ, ૨૦૦૬, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૫૪, રૂ. ૧૦૫/-.

વિવેચન

# નાટ્યલેખન

**સતીશ વ્યાસ**

સામાન્યતઃ સર્જન અને સર્જનપ્રક્રિયા અંગે વાત કરીએ છીએ ત્યારે કાવ્ય, વાર્તા અને નવલકથા અંગે જ વિશેષ વિચારણા થાય છે. નાટ્યલેખન અંગે વાત નથી થતી એમ નહીં પણ અછડતી થાય છે. આ વિવિધ પ્રકારો દરમ્યાન તે તે પ્રકારના લેખકોએ પ્રકારવિશેષ અંગે સજ્જતા – સાવધાની રાખવાની જ હોય એ સમજી શકાય એવું છે. નિબંધ જેવા પ્રકાર વિશે તો એના આરંભકાળથી જ ચેતવણી ઉચ્ચારવામાં આવી હતી કે, ‘નિબંધ લખવો એ જેવીતેવી વાત નથી.’ પણ એ ઉચ્ચારનારે પણ નિબંધલેખનપ્રક્રિયા અંગે કોઈ ગંભીર વાત કરી નહીં. હજી નિબંધ યદ્વાતદ્વા ફંગોળાતો જ રહ્યો છે. નાટ્યલેખન સંદર્ભે પણ કશી ઠોસ વિચારણા આપણે ત્યાં થઈ નહીં, થઈ શકી નહીં એનાં કારણોમાં આ સ્વરૂપ પરત્વેની આપણી ઉપરછલ્લી જાણકારી, કંઈક અંશે ઉપેક્ષાવૃત્તિ અને ઉદાસીનતા પણ કારણભૂત હશે.

નાટ્યલેખન અંગે વાત કરીએ છીએ ત્યારે આ કળાપ્રકાર પ્રસ્તુતિ સાથે સંકળાયેલો છે એનું પ્રથમ ધ્યાન રાખવું પડે. આ પ્રસ્તુતિનાં એકાધિક અંગો અંગે નાટ્યલેખકે સભાન રહેવું પડે. એની સામે, લખતી વખતે, નિરંતર એનો પ્રેક્ષક બેઠો હોય છે. કંઈક અણરુચતું આવી જાય તો એ ઊભો થઈને એને વારે-ટપારે છે, એનું લખાણ રદ કરવાની કે બદલવાની ફરજ પાડે છે. લેખકને એના આ પ્રેક્ષકની ઉપેક્ષા પરવડી શકે નહીં. આ પ્રેક્ષક નાટક જોવા માટે એવું ધન, એનો સમય અને એવા જીવનનો એ સમય માટેનો મહત્ત્વનો ભોગ આપીને આવ્યો છે. એના પ્રત્યેનો અનાદર નાટ્યલેખક નહીં રાખી શકે. એને મૂર્ખ કે અનભિજ્ઞ માનીને ચાલવાથી પણ નહીં ચાલી શકે. એની અપેક્ષાઓ, એનું સ્તર, એની ય સામાજિક-સાંસ્કૃતિક ભૂમિકા, એની સંવેદના આદિનો લેખકના મનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ ખયાલ રહેવાનો. નાટકના લેખકને માટે આ પ્રેક્ષકસમુદાય એનો આરાધ્ય છે. એની સાથેની છેડછાડ કે છેતરામણી એક પ્રકારનો અપરાધ જ બની રહે. એ સમુદાય બદલાતો રહે છે પણ નાટ્યલેખક માટે તો એ બદલાતો રહેતો સમુદાય વિશેષ કસોટીકારક છે. દરેક વખતે એની સામે એક નવી રમણી આવીને ઊભી હોય છે. એને લાડ પણ લડાવવાં પડે, મધુર ઠપકો પણ આપવો પડે, એને રડાવવી પણ પડે કે એને પરિરંભવી કે ચૂમવી પણ પડે, પણ છે એ નિત્ય આરાધ્ય. એ રીતે જ નાટ્યલેખકે પ્રેક્ષકને રીઝવવાનો છે, ક્વચિત્ એની રુચિને ખીલવી એનું સમાર્જન પણ કરવાનું છે. આ પ્રેક્ષક સમાજનું પ્રતિનિધિત્વ કરે છે, ‘સામાજિક’ છે. નાટ્યલેખક સામે સીધો જ એનો સમાજ છે. અલબત્ત નાટક લખતાં લખતાં એ પણ ધ્યાન રાખવાનું જ છે કે કલાસિદ્ધિ અર્થે આ જ સામાજિકતામાંથી, આ જ સમકાલીનતામાં આ જ પ્રેક્ષકને એના નાટ્યપ્રપંચ દ્વારા એણે ઉપર ઉઠાવી બહાર પણ કાઢવાનો છે તેથી એ પ્રેક્ષકને સમસામાજિકતાથી પાર રહેતું માનવ્ય પરખાય અને એ દ્વારા કળામાં પ્રગટ થતા માનવ્યની એ સમ્મુખ થાય. કોઈક બાળકને પાણીમાં ડૂબકી ખવડાવી પછી એને બહાર કાઢીએ ત્યારે એની સામે ખુલ્લું આકાશ, મુક્ત



ભીની હવા અને સદ્યસ્નાતા પ્રકૃતિ ખુલ્લા રૂપે દેખાવા – અનુભવાવા માંડે છે. એવું જ કશુંક નાટ્યલેખક પ્રેક્ષક માટે નિમજ્જન રચી શકે.

નાટ્યલેખકે એના અભિનેતાઓ અને દિગ્દર્શકોની પણ કાળજી લેવી પડે છે. એમની ક્ષમતા, એમની અપેક્ષા પણ એટલાં જ મહત્ત્વનાં છે. એમની કોઈ વિશિષ્ટ આગવી શૈલી હોય તો એ પણ નાટ્યલેખકને બાંધે છે. અશરફખાન જેવો અભિનેતા હોય તો પ્રભુલાલ દ્વિવેદીએ એને માટે એવી ગાયકીને અનુરૂપ ગીત જ લખવું પડે. પ્રવીણ જોશી માટે મધુ રાય કે સિતાંશુભાઈએ એની વાક્છટાને શોભે એવી જ વાગ્મિતા રચવી પડે. એની મંચ પરની ગતિને ધ્યાનમાં રાખીને જ સંવાદ રચવો પડે. આ માત્ર ‘બોલ’ની ભાષા નથી, પણ ‘ચાલ’ની ભાષા છે. ચાલ કે ગતિનું રૂપ છે એનું ધ્યાન નાટ્યલેખકે રાખવું પડે. નારીપાત્રો આજે પણ નડે છે. એક કે બે નારીપાત્રો હોય તો બસ, એની પાછળ એની સામાજિક જવાબદારી, એની આર્થિક જવાબદારી સંકળાયેલી છે. એ કેટલાં રિહર્સલ્સ આપી શકશે એનો ખયાલ રાખવો પડે છે. બહારગામ આવવા માટે એ કેવી તૈયારી રહેશે એ જાણવું પડે. આ બધાં વ્યવહારુ પાસાંને જાણ્યા વિના નાટ્યલેખન નહીં કરી શકાય. હા, ક્યારેક માગ પ્રમાણે માત્ર નારીભૂમિકાવાળાં નાટકો પણ લખવાં પડે. એમ કરવાનો આનંદ પણ આવે. એવા કથાઘટકો મળી પણ આવે. નારીવૉર્ડ, નારીમંડળો, નારીબૅન્ક, નારીપોલીસચોકી, નારીજેલ, નારીછાત્રાલયો, નારીકૉલેજ-શાળા, નારીઆશ્રમો, વેશ્યાગૃહો, સંન્યાસિનીમંડળો આદિના કથાઘટકો એને માટેની સામગ્રી બની રહે. એની મુલાકાત પણ લેવી પડે કે ક્યારેક માત્ર ફૅન્ટસીથી કે કલ્પનાથી પણ એ થઈ શકે. આવું અનેક લેખકોને કરવું પણ પડ્યું છે એ આપણે જાણીએ છીએ.

ક્યારેક આપણે કોઈ એક દિગ્દર્શક સાથેના મેળમિલાપને કારણે એની શૈલી અનુસાર નાટક લખતા હોઈએ છીએ. એક સમયે તો નાટ્યલેખક જ નટમંડળીની સાથે જ રહેતો અને આવશ્યકતા અનુસાર વચ્ચે વચ્ચે નાટકમાં સુધારા-વધારા કરી લેતો. કેટલાય લેખકોએ વચ્ચે વચ્ચે દશ્યો બદલ્યાં કે ઉમેર્યાં હોય એનાં દૃષ્ટાંતો છે. એક સમયે વીરમગામમાં ગીત વિનાનું નાટક ભજવી શકાતું નહીં. નાટ્યલેખકોએ એવે સમયે ગીતો લખીને ઉમેર્યાં છે. દિગ્દર્શકે નાટ્યલેખકને આવી પ્રત બદલવા કહ્યું – વીનવ્યું હોય. બન્ને વચ્ચે એક વણલખ્યો કરાર હોય છે. ક્યારેક દિગ્દર્શક પોષાકનાટ્ય (કોસ્ચ્યુમ પ્લે) કે ઐતિહાસિક નાટકની માગ કરે ત્યારે એવું યે લખવું પડે. એ કોઈ ભવ્ય પ્રસ્તુતિ સાથે સંકળાયેલું નાટક ઇચ્છતો હોય તો પ્રકાશ-મંચસજ્જા આદિનાં અવકાશસ્થાનો રચતાં નાટકકારને ફાવવું જોઈએ.

આમે ય નાટક અભિનેય કલાપ્રકાર છે. લેખકે ચતુર્વિધ અભિનયને અવકાશ મળે એમ નાટક લખવાનું હોય છે. આંગિક આહાર્ય સાત્ત્વિકને જે-તે સ્થાને તક મળે એનું ધ્યાન રાખ્યા વિના મંચનું નાટક માત્ર શબ્દોથી ખખડ્યા કરે એ ન ચાલે. અહીં માત્ર કથા કહેવાની નથી. અહીં તો ‘કથવા’ કરતાં ‘કરવા’નો મહિમા છે. દલપતરામે નાટક માટે ‘કરી દેખાડવા’ જેવા શબ્દ-પ્રયોગો કર્યા છે એ સૂચક છે. અહીં સતત કંઈક કરવાનું છે. કાર્ય મહત્ત્વનું છે. મંચ ઉપર નિરંતર ક્રિયાશીલતા રચાવી જોઈએ. એ મંદ કે ત્વરિત હોય એનો વાંધો નહીં, પણ કંઈક ચાલ્યા કરવું જોઈએ. સ્થગિતતાને અને નાટકને આડવેર છે.

આ દશ્યપ્રકાર છે. અહીં કથન-વર્ણનને સ્થાને દશ્યો બનવાં જોઈએ. દશ્યો રમણીય

હોવાં ઘટે. કેટલાંક દૃશ્યો પ્રેક્ષકો સ્વીકારી શકતાં નથી. રડતું બાળક, બળાત્કાર જેવાં દૃશ્યો હજી પ્રેક્ષકોને ગમતાં નથી. એમાં બેહૂદગી પણ લાગે છે. જો અનિવાર્ય હોય તો સાંકેતિકતા દ્વારા એ દર્શાવી શકાય. એમાં લેખક તરીકે સર્જકતા દાખવવાનો અવકાશ પણ ઘણો ઊભો થાય છે. વધારે પાત્રો આવે ત્યારે તો દિગ્દર્શક માટે આ દૃશ્યો કઈ રીતે રચવાં એની મૂંઝવણ ઊભી થાય છે. એ માત્ર દિગ્દર્શક પર છોડી દઈ નાટકલેખક છટકી શકે નહીં. એણે, બને તો, કોઈ દિગ્દર્શકને પૂછી એવાં દૃશ્યો કરવાં જોઈએ. પાત્રોની ગતિવિધિને એણે આમ દૃશ્યાત્મક રીતે ઊભી કરવાની હોઈ એની આંખ સામે સતત દૃશ્યો રચાવાં જોઈએ. એક દૃશ્યમાં એક પ્રયુક્તિ યોજાઈ હોય તો બીજા દૃશ્યમાં એની એ પ્રયુક્તિ પ્રેક્ષક સ્વીકારતો નથી. નાટ્યલેખકે અને દિગ્દર્શકે આવાં પુનરાવર્તનો ટાળવાં જ પડે.

નાટકમાં બને ત્યાં સુધી એક જ સ્થળ પસંદ કરવું હિતાવહ છે. ઍરિસ્ટોટલકથિત ત્રિવિધ એકતા (સ્થળ, સમય, કાર્યની) આજે પણ એટલી જ પ્રસ્તુત છે. સ્થળ-સમયનાં ઝાઝાં પરિવર્તનો નોખી મંચવ્યવસ્થા તો અપેક્ષે જ, પણ પ્રેક્ષકચિત્તને પણ વિક્ષુબ્ધ કરે. કેટલાક પ્રયોગશીલ સર્જકો પ્રેક્ષકોને બધી દિશામાં ફરતાં રહેવું પડે એવા નાટ્યપ્રયોગો કરે છે. પ્રેક્ષકગૃહ કે ખુરશી રિવૉલ્વિંગ હોય તો વાંધો ન આવે, પણ જો પ્રેક્ષકને કષ્ટ ઉઠાવવું પડશે તો એ એને માટે માનસિક રીતે તૈયાર નહીં હોય. કેખુશરુ કાબરાજીએ 'નળદમયંતી'ના જનાના પ્રયોગમાં બાળકો માટે પ્રેક્ષકગૃહની બહાર પારણાં મુકાવડાવ્યાં હતાં એ સ્મરણમાં રાખવા જેવું છે. પ્રેક્ષકોને પૂરી આસાયેશ આપીને જ નાટ્યપ્રયોગ થઈ શકશે. આવા વિકાસને અંતે જ આપણે આજે વાતાનુકૂલિત પિક્ચરફ્રેમ ધરાવતાં નાટ્યગૃહો તરફ વળ્યા છીએ.

લેખક કયા મંચ માટે લખે છે એ પણ મહત્ત્વનું છે. હજી આપણાં નાટકોમાં 'પડદો ખૂલે છે' અને 'પડદો બંધ થાય છે'નાં રંગસૂચનો આવે છે. સ્પષ્ટ છે કે એવાં નાટકો પડદાવાળા મંચ માટે લખાયાં છે. પ્રોસેનિયમની ફ્રેમને ધ્યાનમાં રાખીને લખાતાં નાટકોમાં પાત્રોના આવ-જાની સૂચના એ મંચની ભૂગોળને ધ્યાનમાં રાખીને જ લખવાની રહે. નાટક સ્થિર મંચ માટે છે કે ફરતા રંગમંચ માટે એનું પણ પહેલેથી જ ધ્યાન રાખવું પડે. પાત્રોને વારંવાર વેશ-પરિવર્તન કરવાં પડે તો એટલો સમય એને મળી રહે એનું લેખન દરમ્યાન ધ્યાન રાખવું પડે.

લેખકનો સીધો પ્રવેશ નાટક માટે હાનિકર્તા છે. એણે સ્વવિલોપન કરવાનું છે. એણે એનાં પાત્રોને જ બોલવા-વર્તવા દેવાનાં છે. એ એની કઠપૂતળીઓ નથી. નર્યું તાટસ્થ્ય નાટક માટે અપેક્ષિત છે. આમેય નાટક લેખકે પોતાને માટે લખવાનું હોતું નથી. એ બીજાને માટે છે અને એ બીજાને માટે લખીને જ એણે આનંદ મેળવવાનો હોય છે. આ પારમાર્થિક કળા છે. એક પ્રકારનું ગુપ્તદાન છે. બીજાને માટે અને બીજાનું હોઈ, ચરિત્રો દ્વારા જ પ્રગટતું હોઈ એમાં લેખકની ભાષા ચાલી શકતી નથી. લેખકે ચરિત્રની ભાષાનું નિર્માણ કરવાનું છે. આ માટે એણે મનુષ્યસ્વભાવનું વ્યાપક અને ઊંડું નિરીક્ષણ-શ્રવણ કર્યું હોય તો એને એ વિશેષ લાભકર્તા નીવડે. આમ કરતી વેળા એણે માત્ર નકલખોરી કે ચાળાની ભાષા નથી કરવાની. પારસી કે મરાઠી કે કાઠિયાવાડી પાત્રો લાવીએ એટલે એ બોલી કે ભાષાના પ્રયોગો કરવા એ તો માત્ર ચાળા થયા. (ચં. ચી. મહેતામાં આવતાં આવાં પાત્રોની ભાષા ઘણી વાર ચાળાથી આગળ વધતી જણાતી નથી.) તે તે પાત્રોની ચરિત્રગત લાક્ષણિકતાઓ પ્રગટ કરતી, તેના ભિન્ન ભિન્ન ભાષાંતરો રચતી, લહેકાઓ ઊભા કરતી ભાષા દ્વારા જ



એ વિશેષ સફળ રહે. ન્હાનાલાલ જેવાને આમ કરવા ઘણું મથવું પડ્યું છે ને એમનો પનો ટૂંકો પડ્યો છે એ આપણે જાણીએ છીએ.

અલબત્ત, જ્યારે લેખક પોતાના દૃષ્ટિકોણ માટે જ નાટક લખે અને સભાનતાપૂર્વક ચરિત્રભાષાને અતિક્રમી જાય ત્યારે જુદો પ્રશ્ન બને છે. એવે વખતે એ માત્ર નાટ્યતત્ત્વ જ સિદ્ધ કરવા માગે છે એમ સમજવું ઘટે. જોકે એણે દૃશ્યો તો કરવાં જ પડે. એને અભિનેય રૂપ તો આપવું જ પડે. રંગભૂમિની, મંચનની વિવિધ પ્રયુક્તિઓ તો સંયોજવી જ પડે. અન્યથા માત્ર દૃષ્ટિકોણને કારણે એ રચના નાટક તરીકે ટકી શકે નહીં.

નાટક સદ્ય પ્રત્યાયનક્ષમતાની અપેક્ષા રાખતો પ્રકાર છે. બધું ખુલ્લેખુલ્લું ભલે ન કહીએ કે કરીએ પણ ઝાઝું વિલંબન પણ એને નહીં પાલવે. જટિલ લાગતાં કથાઘટકો પણ એની પ્રત્યાયનક્ષમતાને કારણે મંચ પર સફળ રહ્યાં છે. 'વેઇટિંગ ફૉર ગોદો'ને કેદીઓ પોતાની સ્થિતિ સાથે સરખાવીને માણી શકવાનું આપણે જાણીએ છીએ. નાટકનાં વાક્યો સંકુલ ઓછાં અને સાદાં વધારે હોય એ ઇષ્ટ. હા, વાગ્મિતાનો એક ચોક્કસ પ્રેક્ષકપ્રભાવ હોય છે. એનો વિનિયોગ થઈ શકે, પણ સતત વાગ્મિતામાં રાચતી પદાવલિ નાટકને સદ્યભોગ્ય બનાવતી નથી. અહીં પણ ન્હાનાલાલનાં નાટકો સ્મરણે ચઢશે. હા, કોઈ શૈલીગત પ્રયોગ અર્થે એકાદ નાટક એવું હોઈ શકે (સ્ટાઇલાઇઝેશન), પણ હંમેશાં એવા પ્રયોગો આવકાર્ય નીવડતા નથી.

કથન-વર્ણન નાટકને માટે હાનિકારક છે. એનું તરત જ દૃશ્યોમાં રૂપાન્તર કરી દેવું પડે. અહીં ભૂતકાળ કે ભવિષ્યકાળની વાતને પણ ચાલુ વર્તમાનકાળમાં જ ઢાળવી પડે. રામ કે કૃષ્ણ અત્યારે જ આપણી સામે રજૂ થઈ રહ્યા છે. આ કુરુક્ષેત્ર આપણી સામે અત્યારે જ લડાઈ રહ્યું છે. આ સાંપ્રત ક્ષણ નાટક માટે અનિવાર્ય છે. ઍરિસ્ટોટલે પણ આથી જ 'Not narrated, but presented' જેવા શબ્દસમૂહ વાપર્યા છે એ યાદ રાખવું ઘટે.

નાટકસંદર્ભે ઘણી વાર અતિશયતાની, સ્થૂળતાની ચર્ચા થાય છે. આવી ચર્ચા કરનારાઓ આ સ્વરૂપની મર્યાદાઓથી અભણ હોવાનો સંભવ છે. મૂળે જ આ કળા સ્થૂળ પદાર્થો સાથે સંબંધ રાખનારી છે. ઘણી વાર છેવાડાના પ્રેક્ષક સુધી પહોંચવા માધ્યમની સ્થૂળતા ઉપરાંત અભિનય અને ભાષાની સ્થૂળતાનો પણ લેખકે ઉપયોગ કરવો પડે. અહીં જાડા ધાનનો પણ છેવટે તો પોષક એવો રોટલો ઘડવાનો ને ખાવાનો છે. ધાન ભલે જાડું હોય પણ એનો ગુણ તો પોષક જ રાખવાનો છે. આ મેંદો નથી, રાજગરો કે બાવટો છે. એ કરકરો ભલે હો પણ આ કરકરાપણું જ એનું નાટ્યગત સૌંદર્ય રચે છે. આ આખોય કળાપ્રકાર કરકરો છે. એ ખૂંચતો ખૂંચતો રમતે ચઢાવે છે. એને 'ક્રીડનક' અમથું જ નથી કહેવામાં આવ્યું. આ અર્થમાં આ લેખન નથી, પણ રમણ છે. એટલે ખરેખર તો નાટ્યલેખનને બદલે નાટ્યરમણ સંજ્ઞા જ પ્રયોજવી જોઈએ.

પ્રારંભથી અંત સુધી નાટકમાં એક પ્રકારની અચાનકતા, તિર્યક્તા જોઈએ. સતત કશુંક અણધાર્યું કરવાની સર્જકતા જોઈએ. કુતૂહલ, જિજ્ઞાસા સાથે સંકળાયેલી કારિકાઓ જોઈએ. એકવિધતા ટાળવા માટે જે જે કંઈ લેખક કરી શકે એ એણે કરવું જોઈએ. એને આવશ્યક લાગે તો એ ગીતોમાં પણ જઈ શકે, પદ્યપ્રયોગો કરી શકે, કઠપૂતળી કે બજાણિયાના કે મદારીના ખેલ પણ લાવી શકે. પ્રસ્તુતિ માટે એને જે જે ચમત્કારો કરવા

પડે તે કરવા. પ્રત્યેક સંવાદ નાટકને આગળ લઈ જવા માટે છે. ક્યારેક કેટલાક તબક્કાઓ એક જ પાત્ર પાસે વિશેષ બોલાવરાવે છે ને બીજું પાત્ર માત્ર 'પછી ?' કે 'હં' એવા ઉદ્‌ગારો કરતું હોય છે. આ ન ચાલે. આ કથા નથી કે એમાં હોંકારો દેવો પડે. અહીં તો બીજું પાત્ર પણ બોલનારું, નાટકને આગળ વધારનારું જ જોઈએ. બે પાત્રો બોલતાં હોય ને ત્રીજું કશું બોલ્યા કે કર્યા વગર મંચના એક ખૂણે ઊભું કે બેઠું હોય તો એ નહીં ચાલે. કોઈ કારણ વગર અમથી-અમથી પાત્રોની આવ-જાની વ્યવસ્થા પણ નહીં ચાલે.

એવું પણ અનુભવવા મળ્યું છે કે એકના એક પ્રકારના શબ્દોથી સંવાદના આરંભ કે અંત આવતા હોય તો પ્રસ્તુતિ દરમ્યાન સાદૃશ્યને કારણે અને પૂર્વાપેક્ષા-પરાપેક્ષાને કારણે અભિનેતા વચ્ચે આવતા સંવાદો બોલવાના ભૂલી જાય છે કે કુદાવી જાય છે. એકનો એક સંવાદ એના એ નાટકકારે એક કરતાં વધારે નાટકમાં પ્રયોજ્યો હોય અને એક જ અભિનેતા એ બન્ને નાટકો ભજવતો હોય તો એ સંભવ છે કે એ એકને બદલે બીજા જ નાટકના સંવાદ બોલવા માંડે. આથી નાટકકારે આવી ક્ષણોમાંથી બચવું જોઈએ. જેમ એકની એક પ્રયુક્તિ નાટક માટે જોખમકારક છે એમ આવા એકસરખા લાગતા ભાષાપ્રયોગો પણ જોખમકારક નીવડવાનો સંભવ રહે છે.

ભલે કહેવાયું હોય નિબંધ માટે, પણ નાટક માટે તો એ સવિશેષ સાચું છે કે નાટક લખવું એ જેવીતેવી વાત નથી. અનેક મર્યાદાઓ સાથે એ લખવું પડે છે. પ્રસ્તુતિ દરમ્યાન ભૂલેચૂકે ય ક્યાંક એવું લખાઈ જાય કે પ્રકાશ પાછળથી આવે છે અને અભિનેતા આગળ ઊભો છે તો એવે સમયે પ્રેક્ષકોને અભિનેતાનો ચહેરો દેખાશે જ નહીં ! મંચના પ્રત્યક્ષ અનુભવથી નાટક વિશેષ સફળ થઈ શકવાની સંભાવના છે. લેખક જાતે ભલે અભિનેતા ન હોય પણ એણે રિહર્સલ્સ જોવાં જોઈએ. પોતાની કૃતિનું પઠન કેવું થાય છે એ જોવું જોઈએ. એ દરમ્યાન અભિનેતાઓને ક્યાં ક્યાં મુશ્કેલીઓ પડે છે તેનો અંદાજ આવશે. નાટકો વિંગમાં બેસીને જોવાં જોઈએ જેથી પાર્શ્વસહાયકો અને પ્રકાશવિયોજનવાળા શું શું કરે છે એ જોઈ શકાય. અહીં માત્ર બ્રાહ્મણને ધન આપી ઘેર પાઠ કરી લેવાનું કહી પુણ્ય રળવા જેવું કામ નથી પણ સમગ્ર વિધિ દરમ્યાન સાક્ષાત્ સંડોવણી અનુભવવાની છે. નાટકને કર્મકાંડ કહેવાયું છે તે પણ કદાચ આવા અર્થમાં.

નાટ્યલેખન કરનાર આમ નિત્યનું નાટ્યદર્શન કરવાનું છે. કાન્ત પાસે નાટક સુધરાવવા જનાર નટમંડળીના કલાકારોને કાન્તે મારીને કાઢી મૂક્યા હતા. લેખક તરીકેની એવી ખુમારી સરઆંખો પર, પણ આવા વલણથી નાટકને ક્ષતિ પહોંચે છે. એ લખે છે ત્યારે એકલો લખતો નથી. એની સાથે સંકળાયેલા બધા જ એ નાટક લખી રહ્યા છે કેમકે એ બધાનું દબાણ એના લેખન ઉપર રહેતું હોય છે. દૃષ્ટિકોણ ભલે એનો હોય પણ નજરો તો સમગ્ર નાટ્યજગતની એને વીંટળાયેલી હોય છે.

રમતજગતની એક ઉપમા પ્રયોજીને કહેવું હોય તો એમ કહેવાય કે અન્ય સ્વરૂપોમાં દોડ સીધી છે જ્યારે નાટકમાં વિઘ્નદોડ છે. એ પાર કરતાં કરતાં લેખકે લક્ષ્યગામિતા સિદ્ધ કરવાની છે.

---

ક. લા. સ્વાધ્યાયમંદિર, અમદાવાદના ઉપક્રમે તા. ૨૧-૦૨-૦૭ના રોજ અપાયેલું યુનિવર્સિટી-વ્યાખ્યાન.





સ્મરણ

# તે હિ નો દિવસા ગતાઃ

**સુકુમાર પરીખ**

વિનોદિનીબહેન નીલકંઠની જન્મશતાબ્દીના આ પ્રસંગે મને અમારા નાનપણની વાતો સ્વાભાવિક રીતે જ યાદ આવે છે. અને તે પણ આજથી ૫૦–૬૦ વર્ષ અગાઉના એ દિવસો – નિશાળે જવાની આળસ, ઘરમાં રમત અને ધીંગામસ્તી અને રજાઓમાં મુસાફરી – એવી કઈ કઈ વાતોની યાદ આવતાં દિલ ભરાઈ આવે છે અને બોલાઈ જાય છે : તે હિ નો દિવસા ગતાઃ

અમારાં માતા વિનોદિનીબહેનને સંસ્કૃત પદો અને શ્લોકોના રટણનો ખરો શોખ.

મારી બહેન રંજના, ભાઈ જગદીપ અને હું નાનાં હતાં ત્યારથી વિનોદિનીબહેન અમને રમતે રમતે સુભાષિતો અને પછીથી શ્લોકો મોઢે કરાવે – હરીફાઈઓ ગોઠવે અને ઉચ્ચારમાં ઘણી ચીવટ રખાવે અને તેથી વિદેશમાં ભણેલી મારી પત્ની શૈલજા પણ શુદ્ધ ઉચ્ચારો અને ભદ્ર ગુજરાતીમાં બોલવાની આગ્રહી બની.

વિનોદિનીબહેનની પ્રવાસ-પ્રકૃતિને આવરી લેતી રમ્ય રચના હોય કે કદલીવનમાં બહેનપણીઓનું વર્ણન – પોતાની રોજિંદી જિંદગીમાં સંસ્કૃત આવિર્ભૂત થતું તેમ તેમનાં લખાણોમાં હર ઘડી પ્રકૃતિપ્રવાસનું ગદ્યકાવ્ય જોવા મળે છે.

એક બાજુ વરસાદનો પ્રારંભ થાય છે, ઘનઘોર વાદળો ગર્જના કરવા માંડે છે અને ચારે કોર અંધારું થઈ જાય છે. વિનોદિનીબહેન મેઘદૂતને સંભારી બોલી ઊઠે છે :

**અષાઢસ્ય પ્રથમ દિવસે મેઘમાશ્લિષ્ટસાનું**
**વપ્રક્રીડા પરિણત ગજઃ પ્રેક્ષણીયમ દદર્શ ॥**
**વપ્રક્રીડા કરિ, ગિરિતણાં શૃંગ ઉથામવાને**
**નીચું માથું કરિ, નમિ ઊભો હસ્તિ ના હોય રખે**
**"દીઠો એણે રમણીય નવો મેઘ આષાઢ થાતાં"**

આ પંક્તિ તો અમારાં અમેરિકાવાસી ત્રણે સંતાનો – મિલિંદ, મેઘના અને મંદારને પણ આજે મોઢે છે. શ્વેત અને શ્યામ બે ઝરણાંના સંગમનું નયનરમ્ય દૃશ્ય યાદ કરી, 'કદલીવન' નવલકથામાં અને અન્યત્ર વિનોદિનીબહેનને કાલિદાસનો પેલો વિક્રમોર્વશીય-વાળો શ્લોક વારે વારે યાદ આવી જાય છે :

**ન તથા નંદયસિ મા, સખ્યા વિરહિતા ત્વયા**
**સંગમે પૂર્વ દૃષ્ટેવ, યમુના ગંગયા વિના ॥**

વિનોદિનીબહેન પ્રશ્ન પૂછે કે કયા કવિએ ગુજરાતીમાં ગાયું હતું "જમનાજી ગોરાં ગોરાં થાય ?" પણ અમે તો સૌ તે બેનમૂન સંગમનું આહ્‌લાદક દૃશ્ય જોવામાં મશગૂલ હોઈ તેમનો પ્રશ્ન અન-ઉત્તરીય જ રહે છે.

અમે સૌ હિમાલયમાં રજા માણવાનું નક્કી કરતાં હોઈએ અને અતિ ઉત્સાહી અમારા પિતા મનુભાઈ હિંદુસ્તાનનો નકશો લઈ હિમાલય જવાના રસ્તાઓ શોધવા મંડી પડે છે. નાનાં એવાં અમ બાળકોને અડધી સમજ પડે છે, નથી પણ પડતી પણ અમારાં મન તો હિમાલયની સફરે પહોંચી જ જતાં ! પહાડોનું ચઢાણ બસ હાંફતી હાંફતી કાપી રહી છે, પહાડ ધુમ્મસમાં ગરકાવ થઈ જાય છે. વિનોદિનીબહેનના મુખમાંથી કાલિદાસની પંક્તિ સરી પડે છે :

**ભસ્માંગ રાગાઃ તનુઃ ઈશ્વરસ્ય ॥**

ભભૂતિ લગાડેલા જાણેકે મહાદેવ પોતે.

ત્યાં તો વળી રસ્તાની બાજુની ખીણમાં ખડકો ઉપરથી કૂદકા મારતી, ભૂસકા ખાતી અને હસતી ઉન્માદિની તરંગવતી નદી જાણે વનની મધુશ્રી જેવી ભાસતી હતી – વિનોદિનીબહેન મસ્ત બની તે જોઈ રહે છે.

બસની મુસાફરી આગળ ચાલે છે અને પેલું કૂદતું ઝરણું ખડકે આડે આવતાં અટકી પડે છે, અને વમળોમાં ઘૂમરી લેવા માંડે છે. કુમારસંભવ યાદ કરીને વિનોદિનીબહેન ગણગણી ઊઠે છે :

**શૈલાધિરાજ તનયા, ન યયૌ ન તસ્થૌ ।**

સામે જ શંકર ભગવાને રસ્તો રોકેલો જોઈ, પેલી મુગ્ધા પાર્વતી લજ્જાથી સંકોચ પામી, કાંઈક ગભરાઈ, ન તો આગળ જવા પગ ઉપાડી શકે છે, ન તો થંભી શકે છે !

અમે સૌ તો અચંબાપૂર્વક વિચારમાં પડી જઈએ છીએ કે વિનોદિનીબહેને વર્ણવેલી કુદરત માણવી કે વિનોદિનીબહેને ગાયેલી પેલી કાલિદાસની કવિતા !

નાનકડા કોઈ ગામની ગામઠી હોટલમાં રાતવાસો અમે કરીએ છીએ અને આખી રાતના વરસાદ પછી મળસકે સ્વચ્છ આકાશમાં સહેજ અજવાળું થાય છે અને દૂર રઢિયાળું ગામડું હિમાલયની ગોદમાં ગોઠવાઈ ગયેલું દેખા દે છે.

બરફનાં શિખરો ઉપરથી ઓગળીને આવતા પાણીના ધોધને પડખે કે ખળખળાટ વહી જતાં ઝરણાંઓને કિનારે વસેલા નાનકડા ગામડામાં જાણે કાયમ માટે રહી જવાનું ઘડીભર તો મન થઈ જાય. આહ્લાદક, માદક, સ્વચ્છ, સોનેરી આવું દૃશ્ય જોઈ વિનોદિનીબહેન ગાઈ ઊઠે છે પેલા કવિની પંક્તિ :

**ભાળે નિહાળે તો ય તૃપ્તિ ન નયનમાં**

અલકા નગરીનું વર્ણન કરતાં જે કાલિદાસે 'મેઘદૂત'માં લખ્યું તે કિલાભાઈ ઘનશ્યામની લખેલી છે :

**જાણી લેશે નગરી અલકા, યક્ષની એ અમારી**
**તારી દષ્ટે સહજ પડતાં મેઘ ! તું કામચારી.**
**તે શું જાણે પ્રિયતમ તણા, આવીને અંક માહે**
**મોતી સેરો ગૂંથી અલકમાં, કામિની બેઠી હોય**

સમગ્ર ભારતીય સાહિત્યને જેણે સીંચ્યું છે તે કાલિદાસની પ્રેરણા વિનોદિનીબહેન વારંવાર લે તેમાં શી નવાઈ ?

દૃશ્ય બદલાય છે : પરોઢિયે કડકડતી ઠંડીમાં સૌ સૂર્યોદય થવાની રાહ જોતાં બેઠાં



છે. કૌસાનીના અનાસક્તિ આશ્રમમાં ખુદ સ્વામી આનંદ હિમાચ્છાદિત શિખરોનો પરિચય કરાવી રહ્યા છે – જુઓ આ ત્રિશૂળ, ત્યાં નંદાદેવી અને પંચાવલિ – નંદાકોટ અને પણે દેખાય છે તે નીલકંઠ તથા કામેત શિખર. ત્યાં તો બાલસૂર્યનાં કિરણોએ અલૌકિક દૃશ્ય છતું કરી, હિમાલય ઉપર સોનેરી રંગ ફેલાવી દે છે. પ્રાંગણમાં જાતે ઊછરેલા બાગમાં ઉન્નત દેવદારૂના તે વૃક્ષ ઉપર સૂર્યદેવ પહેલું કિરણ નાંખે છે. વિનોદિનીબહેનના હોઠેથી પેલી પંક્તિ સરી પડે છે :

**અમું પુરઃ પશ્યસિ દેવદારુમ્**
**પુત્રીકૃતોઃ સૌ વૃષભધ્વજેન ॥**

હિમાલયના એ અલૌકિક દૃશ્ય જોવામાં મશગૂલ વિનોદિનીબહેનની સાથે સ્વામી આનંદ વાર્તાલાપ છેડે છે. સ્વામી આનંદને મળવાથી વિનોદિનીબહેન અને મનુભાઈ પ્રવાસની ધન્યતા અનુભવે છે.

૧૯૫૬નો તે કાળમુખો સમય છે : મહાગુજરાતની રાજકીય ચળવળમાં પોલીસના દમને નિર્દોષ વિદ્યાર્થીઓની બંદૂકથી હત્યા થાય છે. આ બનાવથી બહેનનું હૃદય અત્યંત દ્રવી ઊઠે છે. પોતાની તાસીર વિરુદ્ધ રાજકીય ચળવળમાં અને ચૂંટણી-પ્રચારમાં આગળ પડતો ભાગ ભજવતાં વિનોદિનીબહેન, હજારોની સંખ્યાવાળી મેદનીને સંબોધતાં આજે પણ મારી નજરે આવે છે. એક બાજુ જયંતિભાઈ દલાલ તો બીજી બાજુ બી. કે. મજમુદાર અને નીરુભાઈ દેસાઈ બેઠા છે. પણ બહેન તો ભાષણની શરૂઆત કરે છે, 'શાકુન્તલ'ની પેલી કડી થકી :

**ભો ભો રાજન્ આશ્રમમૃગોઽયં ન હન્તવ્યો ન હન્તવ્યઃ ॥**

જોજે, હે રાજા, તારું બાણ અમારાં નાજુક હરણાંને ન મારતો.

કયો રાજકારણી કાલિદાસની ઉક્તિથી પોતાનું સંભાષણ આજે કરતો હશે વારુ ?

ગળથૂથીમાંથી અમને 'મેઘદૂત', 'શાકુંતલ', 'રઘુવંશ' કે 'કુમારસંભવ'નો આછો આસ્વાદ કરાવતાં રહ્યાં અને નિસર્ગ માણવાનું શીખવતાં રહ્યાં. પોતાનાં લખાણોમાં પણ આ જ વસ્તુનું નિરૂપણ કરતાં રહ્યાં. શૈશવકાળના એ દિવસોમાં સૌ બાળકો પોતે કેટલા શ્લોક મોઢે કરે છે તેની હરીફાઈમાં ઊતરે છે. અમારી અને અમારા ભાઈબંધોની એક ચર્ચા ગોઠવી. વિનોદિનીબહેન સૂચવે છે કે રઘુવંશમાંથી એક વસ્તુ ઉપર ચર્ચા ગોઠવવી. રઘુકુળના રાજાઓનું વર્ણન કરતાં કાલિદાસ લખે છે :

**પ્રજાનામ્ વિનયાધાનાત્ રક્ષણાત્ ભરણાત્ અપિ સ પિતા ।**
**પિતરસ્ તાષામ્ કેવલમ્ જન્મ હેતવઃ ॥**

વિનોદિનીબહેન પ્રશ્ન પૂછે છે કે જન્મદાતા પિતાનું કાર્ય માત્ર બાળકને જન્મ આપવાનું છે અને પ્રજાની બીજી સઘળી જવાબદારી, સાર-સંભાળ, ભરણપોષણ ઇત્યાદિ રાજાએ કરવાની – શું આ વાત વાજબી છે ? જન્મદાતા પિતાની બીજી ફરજો નહિ ?

આમ રોજિંદી જિંદગીમાં વિનોદિનીબહેન માત્ર સંસ્કૃતનો જ ઉલ્લેખ નહિ પણ અમારાં સૌની બૌદ્ધિક શક્તિઓ ખીલવવામાં હમેશાં પ્રયત્નશીલ રહેતાં.

વિનોદિનીબહેનની આ જન્મશતાબ્દીપ્રસંગે વિદ્યાબહેને અમને કંઠસ્થ કરાવેલો 'કુમારસંભવ'ના રતિવિલાપ પ્રસંગનો શ્લોક આજે પણ હું બોલ્યા વગર નથી રહી શકતો :

**હૃદયે વસસીતિ મત્ પ્રિયં, યદ્ અવોચસ્ તદ્ અવૈમિકેતવમ્ ।**
**ઉપચાર પદમ્ ન ચેદ્ ઇદમ્ ત્વમ્ અનંગઃ કથમ્ અક્ષતા રતિઃ ॥**

''તારા હૃદયમાં હું રહું છું. તેમ તું કહેતો હતો, તો જ્યારે તું ભસ્મીભૂત ત્યારે હું અહીં સદેહે ક્યાંથી ? ચોક્કસ તું મને ખોટું ખોટું કહેતો હતો, ઓ કામદેવ !'' રતિવિલાપ કરતી કહે છે.

વિદ્યાબહેને પોતે આવો જ ઘા રમણભાઈ નીલકંઠના અવસાન સમયે ઝીલ્યો હશે તે તો હું ત્યારે નાનો હતો તોય પણ સમજી શકતો હતો.

સાલ ૧૯૫૦ની છે : સી. એન. વિદ્યાવિહારમાં અમે ભણીએ છીએ અને ઉમાશંકરભાઈ જોશી ભવભૂતિકૃત ઉત્તરરામચરિત્રનું સમશ્લોકી ભાષાંતર કરી રહ્યા છે. સ્નેહરશ્મિ, ઝીણાભાઈએ પ્રસ્તાવ મૂક્યો કે રોજ સાંજે ઉમાશંકરભાઈ પોતે લખેલું ભાષાંતર વાંચે. અમે સૌ નિશાળેથી છૂટી ઘેર જઈ નાસ્તો-પાણી કરી પાછાં સી. એન.ના ચોતરા ઉપર ભેગાં થઈએ. સાથે શિક્ષકગણ અને વાલીઓ પણ સાંભળવા આવી જાય. વિનોદિનીબહેન તો પાછાં ક્યાંથી પડે ?

ઉમાશંકરભાઈ ઉત્તરરામચરિત્રનો ''ચિત્રદર્શન'' અંક લખી રહ્યા છે; રામ સજલ નેત્રે જૂની વાર્તા સંભારે છે : રામ કહે છે :

**પિતાજી જીવતા'તા; સૌ પરણેલા નવા નવા,**
**લેતી સંભાળ માતાઓ; દિનો તે આપણા ગયા.**
**જીવત્સુ તાતપાદેષુ, ભવે દારપરિગ્રહે ।**
**માતૃભિઃ પાલ્યમાનાનામ્ તે હિ નો દિવસા ગતાઃ ॥**

r




## પ્રકીર્ણ

**માતાપિતાનું શિક્ષણ :** ડૉ. મોહનભાઈ પંચાલ, ડૉ. આરતી કરવેકર, ૨૦૦૬, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૩૭, રૂ. ૯૦/-. **પરમતેજે :** મોહનભાઈ પંચાલ, ૨૦૦૬, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૨૦૪, રૂ. ૧૪૦/-. **સાક્ષરનો સાક્ષાત્કાર (૧૧) :** રાધેશ્યામ શર્મા, ૨૦૦૬, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૩૯૫, રૂ. ૩૦૦/-. **ધ સ્કાય બ્લૂ :** લાભશંકર ઠાકર, ૨૦૦૬, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૮૩, રૂ. ૧૨૦/-. **અનુભૂત યોગાવલી :** વૈદ્ય જાદવજી નરભેરામ શાસ્ત્રી, ૨૦૦૬, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૮૯, રૂ. ૧૧૫/-. **ઉપચારમંજૂષા :** લાભશંકર ઠાકર, ૨૦૦૬, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૩૭, રૂ. ૯૦/-. **હાસ્યધારા :** રમેશ પટેલ 'ક્ષ', ૨૦૦૭, સાહિત્યવર્તુળ, હિંમતનગર, પૃ. ૧૬, રૂ. ૧૫/-.





# ગઝલના છંદો સાથે બીજા છંદોની તુલના | ડૉ. પ્રફુલ્લ દેસાઈ

'બહર'ને છંદના પર્યાય તરીકે ગણવામાં આવે છે, જોકે 'બહર'નો અર્થ 'ગણો (અરકાન)નાં આવર્તનો' થાય છે. આ સૂક્ષ્મ ભેદ વિવિધ છંદોના તુલનાત્મક અભ્યાસમાં મદદ કરી શકે.

ગુજરાતી કાવ્યોમાં વપરાતા ચારેક પ્રકારના છંદો સાથે ગઝલના છંદોની સરખામણી કરીએ તો જણાઈ આવશે કે ગઝલના છંદો આ ચારેય પ્રકારના છંદોથી અલગ છે. એનાં મૂળ તો અલગ છે જ પણ એમની કામગીરી પણ અલગ છે.

ગુજરાતી છાંદસ કાવ્યોમાં હાલમાં જે ત્રણ પ્રકારના છંદો વપરાયા છે, એમાં રૂપમેળ-અક્ષરમેળ, અક્ષરસંખ્યામેળ અને માત્રામેળ છે. ચોથો 'લયમેળ' ગીત, લોકગીત, ભજન, પદ, ગરબા-ગરબી, આરતી વગેરેમાં પ્રયોજાય છે. આમાં રૂપમેળ-અક્ષરમેળ પ્રકાર સંસ્કૃત ભાષામાંથી આવ્યો છે, જ્યારે અક્ષરમેળ-સંખ્યામેળ અને માત્રામેળ વ્રજ, હિંદી, મરાઠી જેવી ભગિની ભાષામાંથી આવ્યા છે. એવા છંદો (દેશ્ય) સંસ્કૃત પિંગળમાં નહોતા.

'અરુઝ' ગઝલના છંદોનું શાસ્ત્ર છે. એ અરબી અને ખાસ કરીને ફારસી (પર્શિયન) ભાષામાંથી આવ્યું છે. એની પરિભાષા અને નિયમો સમજવા આપણે થોડા ઊંડા ઊતરવું પડશે.

ઈ.સ.ની આઠમી સદીમાં અહમદ-બિન-બસરી(અરબી કવિ-કોષશાસ્ત્રી-સંગીતશાસ્ત્રી)એ 'અરુઝ'ની રચના કરી, તેના ઘણા સમય પહેલાં સંસ્કૃત પિંગળ અને ગ્રીક પિંગળ સંપૂર્ણ વિકાસ પામી ચૂક્યા હતા. વાલ્મીકિએ 'અનુષ્ટુપ' નામનો પહેલો 'લૌકિક' છંદ રચ્યો, તેનો સમય લગભગ પાંચેક હજાર વર્ષ જૂનો છે. ગ્રીક પિંગળ એ પછી રચાયું. આઠમી સદી સુધીમાં અરબસ્તાન-ઈરાન અને હિંદુસ્તાન વચ્ચે સાહિત્ય, સંગીત અને બીજી કલાઓનું આદાનપ્રદાન શરૂ થઈ ગયું હતું. સ્વાભાવિક રીતે ખલીલ બસરીને સંસ્કૃત પિંગળ અને હિંદુસ્તાની સંગીતનો સારો એવો પરિચય હશે, એમ માની શકાય. એને 'અરુઝ'ની રચના કરતાં સંસ્કૃત પિંગળમાંથી સારી એવી પ્રેરણા મળી હશે. પિંગળના નિયમો સાથે અરબી ભાષાનો મેળ બેસાડવામાં થોડી મુશ્કેલી આવે. એ કઈ રીતે અને કેવી, તે આપણે જોઈએ.

(૧) અરબી અને સંસ્કૃત ભાષાઓનાં મૂળ અલગ અલગ છે. એટલું જ નહીં, તેમની લિપિ અને ઉચ્ચારોમાં પણ મોટો ભેદ છે.

(૨) સંસ્કૃત (અને ગુજરાતીમાં પણ)માં લઘુગુરુ સ્વરોના અક્ષરોની સાથે ચિહ્નો ( ા, િ, ી, ુ, ૂ ) છે, તેવાં અરબીમાં સ્વરચિહ્નો નથી. સંસ્કૃત-ગુજરાતીમાં વ્યંજનો સાથે આ સ્વરચિહ્નો જોડાઈ એક અક્ષર બને, તેવું અરબીમાં ન થાય. અરબીમાં સ્વરો અલગ અક્ષર

અને શ્રુતિ રૂપે જ વપરાતા આવ્યા છે. ફારસીમાં પણ એવું છે. સંસ્કૃત કરતાં આ ભાષાઓ ઉચ્ચાર કે શ્રુતિ-ધ્વનિપ્રધાન વધારે છે. અહીં 'શ્રુતિ'નો અર્થ 'બે જુદા જુદા સૂરો વચ્ચેનો ધ્વનિ' – એમ કરવાનો છે, જે બન્ને સ્વર-સૂરોને ઉચ્ચાર દ્વારા સ્વાભાવિક રીતે અલગ પાડે છે. ઉચ્ચારની આ શ્રુતિઓ જ સંગીતના સાત સૂરો વચ્ચેની શ્રુતિઓ છે.

'તમારી' શબ્દ ગુજરાતીમાં ત્રણ અક્ષરનો છે પણ અરબીમાં તે આઠ શ્રુતિ-અક્ષરોનો થાય. 'તે –ઐન – મિમ – ઐન – અલિફ – રે – ઐન – યે' એટલે કે 'ત્-અ-મ્-અ-આ-ર્-અ-ઇ.' એનો ઉચ્ચાર પણ 'તમઆરિય' જેવો થાય.

અહીં આપણેજોઈ શકીએ છીએ કે હલન્ત વ્યંજનો 'ત્-મ્-ર્' સાથે એક, બે અને બે સ્વરો આવ્યા છે. (અરબી-ફારસીમાં હલન્ત વ્યંજનો પણ સંસ્કૃતની સરખામણીએ વધારે વપરાય છે.) આમ આ શબ્દોનાં 'લગા'ત્મક રૂપો નિશ્ચિત કરવાનું કામ વધારે અઘરું છે.

આ કારણે જ કદાચ ખલીલે હલન્ત વ્યંજનો (સાકિન) અને સ્વર સાથેના વ્યંજનો(મુતહર્રિક)ને જોડીને થોડા શબ્દખંડો(વર્ણો)ની ઉચ્ચારઆધારિત રચના કરવી પડી હશે. 'વર્ણો' એ શબ્દના એવા વિભાગીય ઘટકો છે, જે એક, બે, ત્રણ કે ચાર અક્ષર-શ્રુતિઓના બન્યા હોય અને જેની મદદથી શબ્દોના 'લગા'ત્મક રૂપો (ઉચ્ચારાધીન) નક્કી થાય. દા.ત. 'સબબ'નાં 'લગા'ત્મક રૂપો 'ગા.' (સબબે ખફીફ) યા તો 'લલ' કે 'ગા' (સબબે સકિલ) થાય. અને 'વતદ'નાં રૂપો 'ગાલ' (વતદે-મફરુકા) કે 'લગા' (વતદે-મજમૂઅ) થાય. (નોંધ : આ 'વતદ' એ જ અરકાનનું મૂળ રૂપ 'ફઅલ' 'લગા' કે 'ગાલ' છે.)

એ જ રીતે 'ફાસલા'નાં રૂપો 'લલગા', 'ગાલલ' કે 'ગાગા' કે 'લગાલ' થાય.

ગુજરાતીમાં 'વર્ણો'ની આ વાત તદ્દન અપ્રસ્તુત છે, છતાં ઉચ્ચાર- આધારિત આ રૂપો ગુજરાતીમાં પણ સમજી શકાય છે.

હવે ગુજરાતીમાં હાલમાં વપરાતા જુદા જુદા ચાર છંદપ્રકારોની વાત કરીએ.

## (૧) રૂપમેળ-અક્ષરમેળ છંદો :

ઉપર કહ્યું તેમ આ છંદો મૂળ સંસ્કૃત ભાષામાંથી ઊતરી આવ્યા છે. આ છંદો પૃથ્વી, મંદાક્રાન્તા, વસંતતિલકા, ભુજંગી, શિખરિણી, શાર્દૂલવિક્રીડિત, અનુષ્ટુપ વગેરે છે. એમાં લઘુગુરુ અક્ષરોની સંખ્યા નિશ્ચિત હોય છે, એટલું જ નહીં, પંક્તિમાં એમનાં સ્થાનો પણ નિશ્ચિત હોય છે. દા.ત. મંદાક્રાન્તા છંદની દરેક પંક્તિમાં કુલ ૧૭ અક્ષરો જ આવી શકે અને તેમાં પણ લઘુગુરુ અક્ષરોનાં સ્થાન નીચે પ્રમાણે જ આવે :

'ગાગાગા ગાલલ લલલ ગાગાલ ગાગાલ ગાગા'

ચોક્કસ સ્થાન પરત્વે લઘુગુરુ અક્ષરોની ફેરબદલી થઈ શકતી નથી.

રૂપમેળ છંદોમાં ૧૧થી માંડી ૨૧ અક્ષરો હોય છે. એમાં અમુક અક્ષરે 'યતિ' (સહેજ અટકવાનું) આવે છે. 'યતિભંગ' (શબ્દને તોડવો પડે) દોષ મનાય છે.

વિવિધ રૂપમેળ છંદોના લઘુગુરુ અક્ષરોનાં નિશ્ચિત સ્થાનો યાદ રાખવા ત્રણત્રણ અક્ષરોના આઠ ગણો નક્કી કરવામાં આવ્યા છે. આ ગણોમાં લઘુગુરુ અક્ષરો જુદી જુદી ભાતમાં આવે છે અને તે દરેકનાં નામ અને માપ આપવામાં આવ્યાં છે. જેમ કે :

(૧) 'ય' ગણમાં 'લગાગા' ઉદાહરણરૂપ શબ્દ : 'યશોદા'

(૨) 'મ' ગણમાં 'ગાગાગા' ઉદાહરણરૂપ શબ્દ : 'માતાજી'



(૩) 'ત' ગમમાં 'ગાગાલ' ઉદાહરણરૂપ શબ્દ : 'તારાજ'

(૪) 'ર' ત્રણમાં 'ગાલગા' ઉદાહરણરૂપ શબ્દ : 'રામજી'

(૫) 'જ' ગણમાં 'લગાલ' ઉદાહરણરૂપ શબ્દ : 'જકાત'

(૬) 'ભ' ગણમાં 'ગાલલ' ઉદાહરણરૂપ શબ્દ : 'ભારત'

(૭) 'ન' ગણમાં 'લલલ' ઉદાહરણરૂપ શબ્દ : 'નયન'

(૮) 'સ' ગણમાં 'લલગા' ઉદાહરણરૂપ શબ્દ : 'સમતા'

નોંધ : ઉદાહરણરૂપ શબ્દોના પહેલા અક્ષરો ભેગા કરી પછી છેલ્લે 'લગા' (લઘુગુરુ) ઉમેરીએ તો શબ્દ બને છે : 'યમાતારાજભાનસલગા.' આ શબ્દ ઉપરથી દરેક ગણના માપ મળી જાય છે, જેમકે 'ય' ગણ – યમાતા – લગાગા. 'ત' ગણ – તારાજ – ગાગાલ વગેરે. ઉપર આપેલા મંદાક્રાન્તા છંદનું માપ આમ યાદ રાખી શકાય :

મ, ભ, ન, ત, ત ગણો + ગાગા.

નોંધ : રૂપમેળ છંદોમાં લઘુગુરુ અક્ષરોના ભેદ છે, તે શ્રુતિ અને ઉચ્ચારમાં થતા વધતાઓછા સમયને અનુલક્ષીને જ છે. અહીં 'માત્રા'ની વાતનો કોઈ ઉલ્લેખ નથી કેમકે ગુરુ અક્ષરની જગ્યાએ અહીં બે લઘુ અક્ષરો પણ ચાલી ન શકે અને બે લઘુની જગ્યાએ અહીં એક ગુરુ પણ વપરાઈ ન શકે એ બતાવે છે કે અહીં 'માત્રા'ની વાત નથી. વળી બે કે વધુ લઘુ અક્ષરો સાથે આવવા છતાં લઘુના લઘુ જ રહે છે.

## (૨) અક્ષર સંખ્યામેળ છંદો :

આ પ્રકારના છંદો ગુજરાતીમાં બહુ પાછળથી હિંદી કે વ્રજ જેવી ભાષામાંથી આવ્યા છે, એમાં મનહર, ઘનાક્ષરી, વનવેલી વગેરે છંદો છે. આ છંદોની પંક્તિમાં અક્ષરો(લઘુ કે ગુરુ)ની સંખ્યા નિશ્ચિત હોય છે, જેમ કે 'મનહર'માં ૩૧ અક્ષરો, ઘનાક્ષરીમાં ૩૨ વગેરે. અહીં અક્ષરોની સંખ્યા નિશ્ચિત છે પણ લઘુગુરુ અક્ષરો વચ્ચે કોઈ ભેદ નથી અને તેમનાં સ્થાન પણ પંક્તિમાં નિશ્ચિત નથી હોતાં. ખરેખર તો આ છંદો મોટે ભાગે બે પંક્તિઓમાં જ લખાય છે. આ છંદોમાં 'યતિ' આવે છે ખરો પણ તેનું મહત્ત્વ નથી. વળી લઘુગુરુ અક્ષરોનાં મહત્ત્વ સરખાં જ છે, તેથી અહીં પણ 'માત્રા'ની વાત આવતી નથી. લઘુગુરુનાં સ્થાન નિશ્ચિત ન હોવાથી અહીં 'ગણ'ની વાત પણ આવતી નથી.

## (૩) માત્રામેળ છંદો :

માત્રામેળ છંદો સંસ્કૃત ભાષામાંથી નથી આવ્યા પણ બહુ પાછળથી જુદી જુદી ભગિની ભાષામાંથી આવ્યા છે. અહીં અક્ષરોની 'માત્રા'ની વાત અગત્યની છે, એટલે કે લઘુ અક્ષરની એક માત્રા અને ગુરુ અક્ષરની બે માત્રાઓ ગણાય છે. માત્રામેળ છંદોમાં હરિગીત, ઝૂલણા, સવૈયા, રોળા, ચોપાઈ જેવા છંદો આવે છે. એના છંદની પંક્તિમાં ચોક્કસ સંખ્યાની માત્રા આવે દા.ત. 'હરિગીત'માં પંક્તિદીઠ ૧૮ માત્રા, 'ચોપાઈ'માં ૧૫ માત્રા વગેરે વિવિધ છંદોની પંક્તિઓમાં નિશ્ચિત સંખ્યાની માત્રા જ આવવી જોઈએ. એમાં લઘુગુરુ અક્ષરોની સંખ્યાનું મહત્ત્વ નથી, એટલે કે પંક્તિમાં ગમે તે લઘુગુરુ અક્ષરો વાપરી શકાય પણ માત્રાની સંખ્યા નિશ્ચિત આવવી જોઈએ. ધારો કે પંક્તિમાં લઘુ અક્ષરો વધુ વપરાય તો પંક્તિમાં અક્ષરસંખ્યા વધી જાય, ગુરુ વધારે વપરાયા તો અક્ષરસંખ્યા ઘટી જાય. અહીં અમુક માત્રાએ (૩, ૪,

૫, ૭) 'સંધિ' આવે. દા.ત. હરિગીતમાં ૭-૭ માત્રાએ, જ્યારે ચોપાઈમાં ચાર માત્રાએ. આ છંદોમાં 'તાલ'નું પણ મહત્ત્વ છે.

## (૪) લયમેળ છંદો :

ગીત, લોકગીત, ગરબી વગેરેમાં આવતા આ છંદોમાં જુદા જુદા 'લય' જ ધ્યાનમાં લેવાય છે. એમાં લઘુગુરુ અક્ષરો, માત્રા, યતિ, સંધિ વગેરે મહત્ત્વનાં નથી.

## (૫) 'અરુઝ'માંના છંદો

આપણે આગળ જોયું કે અરબી-ફારસી ભાષાઓ શ્રુતિ-ધ્વનિપ્રધાન વધુ છે. ખલીલ સંગીતશાસ્ત્રી પણ હતો, એની સાબિતી એ વાત પરથી મળે છે કે તેણે 'અરુઝ'ના જુદા જુદા છંદો રચતાં જુદા જુદા આઠ ગણો (અરકાન) પર આધાર રાખ્યો, જે દરેક ગણના પાયા 'લ', 'ગા', 'લગા' અને 'ગાલ' એ ચાર વર્ણો છે. આગળ કહ્યું તેમ આ ચાર વર્ણોમાં શ્રુતિઓનો ખૂબીપૂર્વક ઉપયોગ થયો છે, જે છંદમાં લય ઉત્પન્ન કરવાની સાથે સંગીતનો પ્રભાવ પણ ઊભો કરે છે. આપણે જાણીએ છીએ કે સ્વરમાં લય, તાલ અને શ્રુતિ હોય છે, જ્યારે શબ્દમાં એ બધાની સાથે 'અર્થ' પણ હોય છે. ખલીલે નિર્દેશેલા મૂળ આઠ (કેટલાક મૂળ દસ કહે છે) ગણો (અરકાન) આ પ્રમાણે છે :

(૧) લગા-ગા (૨) ગા-લગા (૩) લગા-ગા-ગા (૪) ગા-લગા-ગા (૫) ગા-ગા-લગા (૬) ગા-ગા-ગાલ (૭) લ-લગા-લગા (૮) લગા-લ-લગા.

અહીં આપણે જોઈ શકીએ છીએ કે 'લ' અને 'ગા'ની સાથે મોટેભાગે 'લગા' (વતદે મજમૂઅ) વર્ણ જુદી જુદી ભાતમાં આવે છે, ફક્ત છઠ્ઠા ગણમાં 'ગાલ' છે. ખલીલે જે પંદર બહર રચી, તેમાં તેણે ખૂબીપૂર્વક આ ગણોમાંના દરેકનો (ગા-લગા સિવાય) સ્વતંત્ર રીતે એકાકી ગણના આવર્તન રૂપે છંદ રચ્યો અને બીજા છંદોમાં વધારેમાં વધારે બે જ ગણોમાં આવર્તનોનો ઉપયોગ કર્યો. આ ગણો પણ પાછા વર્ણ-આધારિત હોવાથી સ્વાભાવિક રૂપે લય વધુ સૂક્ષ્મ અને પ્રભાવી બન્યો અને શ્રુતિઓને વધુ આયામ મળ્યો. આ જ કારણ છે કે ગઝલના છંદોમાંથી સંગીતનો પ્રભાવ ઊભો થાય છે. આગળ જતાં અખ્ફશે સોળમી બહર (મુતદારિક = ગાલગા ગણવાળી) ઉમેરી અને પછી ફારસી શાયરોએ એ જ પગલે ચાલતાં બીજી ત્રણ બહરો ઉમેરી.

ગઝલના છંદોમાં પાસે પાસે આવેલા કેટલાક બે લઘુઓને ક્યારેક એક ગુરુ ગણી શકાય છે (સબબ) તો જ્યાં પાસે પાસેના બે લઘુઓ લઘુ તરીકે જ નિભાવવાના હોય ત્યાં બેમાંથી એક લઘુ હ્રસ્વ-સ્વરવાળો (સબબે સકિલ) હોય તો એ બન્ને લઘુઓને લઘુ પણ ગણી શકાય છે, દા.ત. 'બળ-હદ-મન' વગેરે ગુરુ તો 'વિષ-સુખ-રવિ' વગેરે 'લલ' પણ ગણી શકાય.

એ જ રીતે ગઝલની પંક્તિને છેડે જો હલન્ત વ્યંજન હોય તો તેનો લોપ કરી શકાય, સિવાય કે તે છંદમાં અનિવાર્ય હોય. આમ આ પાંચેય પ્રકારના છંદો વિષે જાણ્યા બાદ આપણે તેમની પરસ્પર તુલના કરીએ. કેટલાક લોકો ગઝલના છંદોને 'માત્રામેળ' કહે છે, કેટલાક 'ધ્વનિમેળ' કહે છે, કેટલાક એમને 'રૂપમેળ' સાથે સરખાવે છે પણ આપણે જ્યારે એમને ચારે પ્રકારના છંદો સાથે સરખાવીએ છીએ ત્યારે સમજાય છે કે એમને એ કોઈ



સાથે સંપૂર્ણ મેળ મળતો નથી.

### (૧) 'અરુઝ'માંના છંદો અને લયમેળ :

અરુઝના છંદોમાં અદ્ભુત લય છે અને તેઓ સંગીતનો સારો એવો પ્રભાવ ઊભો કરે છે, એ સાચું પણ લયમેળ છંદોની સરખામણીએ એમાં વધુ વ્યવસ્થિતપણું અને નિયમબદ્ધતા છે, જે લયમેળમાં લગભગ નથી. આટલી જડબેસલાખ વ્યવસ્થા અને નિયમો જોતાં તેમને ફક્ત 'લયમેળ' કે 'ધ્વનિમેળ' તો કહી શકાય એમ છે જ નહીં. વળી એકાક્ષરી ગુરુને લઘુ તરીકે લેવાયો હોય કે જ્યાં બે લઘુઓ લઘુ તરીકે નિભાવ્યા હોય ત્યાં ધ્વનિનો મેળ કેવી રીતે પડે ?

### (૨) 'અરુઝ'માંના છંદો અને અક્ષરસંખ્યામેળ છંદો :

આ બેને સરખાવીએ તો અક્ષરમેળમાં અક્ષરની સંખ્યા નિશ્ચિત છે – એમાં લઘુગુરુ અક્ષરો વચ્ચે બીજો ભેદ નથી, જ્યારે 'અરુઝ'માંના છંદોમાં લઘુગુરુ ઘટકોનો ભેદ અને તેમનાં સ્થાન પરત્વેની નિશ્ચિતતા, એને અક્ષરસંખ્યામેળથી અલગ પાડે છે. અક્ષર-સંખ્યામેળમાં એને કારણે ગણોની વાત નથી, જ્યારે 'અરુઝ'માંના છંદોમાં તો ગણો તદ્દન અગત્યના છે. વળી અહીં ઉચ્ચાર પ્રમાણે લઘુગુરુના ભેદ પડાયા છે અને સાથે આવેલા બે લઘુનો ગુરુ પણ ગણાય છે, ત્યાં અક્ષરસંખ્યામેળ સાથે મેળ પડે જ શી રીતે ?

### (૩) 'અરુઝ'માંના છંદો અને માત્રામેળ છંદો :

ઘણા લોકોએ 'અરુઝ'માંના છંદોને નિશ્ચિત રૂપે 'માત્રામેળ' ગણી લીધા છે પણ આપણને કેટલાક પ્રશ્નોના જવાબ સંતોષકારક રીતે મળતા નથી.

કેટલાક મૂળભૂત તફાવતો જોઈએ :

માત્રામેળમાં લઘુગુરુ ઘટકોનાં સ્થાન પંક્તિમાં નિશ્ચિત નથી, જ્યારે 'અરુઝ'માંના છંદોમાં તો તે જડબેસલાખ નિશ્ચિત છે.

માત્રામેળમાં માત્રાની સંખ્યા બાબત કોઈ પણ છૂટ લઈ શકાતી નથી, જ્યારે 'અરુઝ'માંના છંદોમાં સામાન્ય રીતે લઘુગુરુની છૂટ લેવાય છે. એ પ્રમાણે માત્રા ગણીએ તો પંક્તિદીઠ માત્રામાં વધઘટ થઈ શકે.

માત્રામેળમાં સંધિ અને તાલની વ્યવસ્થા મહત્ત્વની છે, જ્યારે 'અહુઝ'માંના છંદોમાં એવી કોઈ ખાસ વ્યવસ્થા બતાવાઈ નથી, છતાં અરકાન જ એ છંદના પાયારૂપ હોવાથી 'સંધિ' અને 'તાલ'નાં નામ દીધા વગર એનાં મહત્ત્વ સરજી શકાય છે.

'અરુઝ'નાં છંદોમાં છેલ્લે લઘુ હોય તો તેની ગણતરી છંદના માપમાં થતી નથી. સિવાય કે ત્યાં લઘુ અનિવાર્ય હોય માત્રામેળમાં એવું નથી.

હકીકતમાં 'અરુઝ'માં 'માત્રા', 'યતિ', 'સંધિ', 'તાલ'ની વાત ક્યાંયે કહેવાઈ નથી. ખલીલ કે તે પછીના ફારસી શાયરોને 'માત્રા' વિષે કોઈ સમજ કે ખ્યાલ હોય, એ વાત સ્વીકારી શકાય તેમ નથી. તે સમયમાં માત્રાની વાત સંસ્કૃત કે ગ્રીક પિંગળમાં પણ નહોતી. માત્રાની વાત જ ઘણે લાંબે ગાળે આવી છે, એટલે એ વાતનું આરોપણ 'અરુઝ'માં કરવું અર્થહીન છે. વળી 'તાલ'ની વાત જે સમજાય છે તે છંદશાસ્ત્રની દૃષ્ટિએ નથી પણ સંગીતશાસ્ત્રની દૃષ્ટિએ છે. સંભવ છે કે બસરી અને બીજા ફારસી કોષકારો રાગ અને

તાલ દ્વારા શબ્દોમાંથી સંગીતની અસર ઉપજાવવામાં માહિર હોય છતાં આપણે જાણીએ કે છંદો એ સંગીત કે ગાયકીનાં બંધારણ નથી. આટલું જોતાં 'અરુઝ'માંના છંદોને 'માત્રામેળ' કહી શકાય એમ નથી. ઘણાએ 'હરિગીત' માત્રામેળ છંદને 'રજઝ' બહર સાથે વારંવાર સરખાવી પુરવાર કરવા પ્રયત્ન કર્યો છે કે 'અરુઝ'ના છંદો માત્રામેળ છે.

'હરિગીત'ની પંક્તિ દીઠ ૨૮ માત્રા છે. એમાં 'સપ્તકલ સંધિ' પ્રમાણે 'ગાગાલગા' કે 'દાદાલદા' ગણ બતાવ્યો છે. હવે આ સપ્તકલ સંધિમાં એ જ ગણ આવે, તેવું નક્કી નથી. એમાં 'લગાગાગા', 'ગાલગાગા', 'ગાગાગાલ', 'લલગાલગા', 'લગાલલગા' કે 'લલલલલગા' એવો કોઈ પણ ગણ આવે તો પણ એ 'હરિગીત' જ રહે, પણ 'રજઝ' રહેશે ? વળી 'હરિગીત'માં છેલ્લે 'ગા' અક્ષર અનિવાર્ય છે પણ 'રજઝ'માં તો છેલ્લે બે લઘુ પણ ચાલે ! એ જ રીતે ઝૂલણા છંદમાં ૩૭ માત્રા અને પંચકલ સંધિ પ્રમાણે 'ગાલગા' ગણ જ આવે, તેવું નક્કી નહીં. અહીં 'લગાગા' કે 'લલલગા' કે 'લગાલલ' કે 'લલગાલ' ગમે તે ગણ આવે.

હવે આપણે 'અરુઝ'માંના છંદોને 'રૂપમેળ' છંદો સાથે સરખાવીએ :

### (૪) 'અરુઝ'માંના છંદો અને રૂપમેળ છંદો :

બીજા કોઈ પણ પ્રકારના છંદો કરતાં રૂપમેળ છંદો સાથે 'અરુઝ'માંના છંદો ઘણી બાબતોમાં મળતા આવે છે, પણ સંપૂર્ણપણે તો નહીં જ.

(અ) રૂપમેળ છંદોમાં લઘુગુરુના ઘટકો નિશ્ચિત સ્થાને આવે છે. 'અરુઝ'ના છંદોમાં પણ એમ છે. રૂપમેળની જેમ એમાં પણ આઠ ગણો છે અને ઘણા ગણો મળતા આવે છે.

(બ) બન્ને પ્રકારના છંદોમાં માત્રાની વાત આવતી નથી. રૂપમેળમાં લઘુગુરુ અક્ષરોનો જે ભેદ પડાયો છે, તે ઉચ્ચાર અને તેમાં લેવાતા સમયને અનુલક્ષીને છે, જે અરુઝમાંના છંદોમાં પણ છે.

(ક) રૂપમેળમાં 'યતિ'ની વાત છે, જ્યારે 'અરુઝ'માંના છંદોમાં એનો સ્પષ્ટ ઉલ્લેખ નથી પણ છંદોનું પઠન અરકાન-આધારિત હોતા, તે અરકાનને અંતે 'યતિ'નું કામ આપે છે.

પણ સરખાપણું અહીં જ સમાપ્ત થાય છે. હવે તફાવત જોઈએ :

(અ) ગઝલના છંદોમાં બે લઘુ સાથે આવે તો તેનો ગુરુ ગણી શકાય છે. રૂપમેળમાં એવું નથી. અહીં તો પાંચ પાંચ લઘુ સાથે આવે તો પણ લઘુના લઘુ જ રહે છે.

(બ) ગઝલની પંક્તિને છેડે લઘુ આવે તો તેનો લોપ કરી શકાય છે. રૂપમેળમાં એવું ન ચાલે.

(ક) રૂપમેળના ગણો ત્રિ-અક્ષરી છે, જ્યારે અરકાન ત્રણ, પાંચ કે સાત અક્ષર-શ્રુતિવાળા પણ હોઈ શકે.

(ડ) ગણો અને અરકાનમાં 'ય' (લગાગા) અને 'ર' (ગાલગા) ગણો સરખા છે, જ્યારે 'ન' (લલલ), 'ભ' (ગાલલ) અને 'સ' (લલગા) ગણો અરકાનમાં અનુક્રમે 'લગા' અને 'ગાગા' રૂપે બીજા ગણો સાથે જોડાયા છે. 'ય' અને 'ર'માં છેલ્લે 'ગા' ઉમેરી બીજા બે અરકાન બનાવાયા છે, જ્યારે 'ર' અને 'ત' ગણો પહેલાં 'ગા' ઉમેરી બીજા બે અરકાન બન્યા



છે, જ્યારે 'સ' અને 'જ' ગણોમાં 'લગા' છેલ્લે ઉમેરી બીજા બે અરકાન બન્યા છે.

(ઇ) ગઝલના છંદો આઠ અરકાનમાંથી એક એક સ્વતંત્રપણે લઈ એનાં આવર્તનોથી અને બીજા છંદો બબ્બે અરકાન લઈ એનાં આવર્તનોથી બનાવાયા છે. રૂપમેળમાં એવું નથી.

(એફ) સ્વતંત્ર કે મિશ્ર બહરમાં સંપૂર્ણ છંદ માટે પંક્તિમાં 'અરકાનનાં' ચાર આવર્તનો અને ખંડિત છંદમાં ત્રણ, બે કે ફક્ત એક આવર્તન પણ માન્ય ગણ્યાં છે. રૂપમેળમાં એવું નથી.

(જી) સૌથી મહત્ત્વનો તફાવત તો 'જિહાફ'નો છે. છંદના અરકાનમાં એક કે વધુ લઘુગુરુ ઓછી કરી કે પછી 'લ', 'ગા', 'લગા' કે 'ગાલ' ઉમેરીને કવિ નવો વિકારી ગણ અને છંદ બનાવી કાયદેસર રીતે વાપરી શકે. એને 'મઝાહિફ' (વિકારી) છંદો કહે છે. એ માન્ય છે. રૂપમેળમાં એવું શક્ય નથી.

આમ 'અરુઝ'માંના છંદોની બીજા છંદપ્રકારો સાથે સરખામણી કરતાં સમજાય છે કે આ છંદો અલગ અલગ છે, એમનાં મૂળ પણ અલગ છે. ફક્ત રૂપમેળ સાથે એનું સગપણ થોડું નજીકનું લાગે છે છતાં તે સંપૂર્ણ રૂપમેળ તો નથી જ.

ગુજરાતી કાવ્યશાસ્ત્રમાં 'અરુઝ'ના છંદોનો પાંચમો અલગ પ્રકાર ગણી ચાલવું હિતાવહ છે. આમ પણ ગઝલનું ગુજરાતીકરણ થયું છે અને એના છંદોનું આંશિક ગુજરાતીકરણ પણ થયું છે, તો હવે સંપૂર્ણ ગુજરાતીકરણ કરવામાં કોઈ બાધ હોવો ન જોઈએ – ફક્ત 'અરુઝ'ને સરળ ગુજરાતીમાં સમજાવવાથી એ થઈ શક્યો, એમાં શંકા નથી.

# ગુજરાતી સાહિત્યની સાંપ્રત નવલકથાઓમાં નિરૂપિત કેટલાક સામાજિક પ્રશ્નો (૧૯૯૫થી ૨૦૦૫) | ડૉ. કલ્પના દવે

**'છિન્નભિન્ન છું નિશ્ચ્છંદ કવિતામાં ધબકવા કરતા લય સમો'**

.... આપણા મૂર્ધન્ય કવિ ઉમાશંકરે ૧૯૫૬માં આધુનિક કવિતાનો ઉદ્ઘોષ આ શબ્દો વડે કર્યો હતો. ગુજરાતી સાહિત્યમાં બંને વિશ્વયુદ્ધોના વ્યાપક પ્રભાવ તથા બદલાયેલાં સાંસ્કૃતિક વલણો અને પશ્ચિમ સાહિત્યના ગહન અભ્યાસના પરિપાક રૂપે આધુનિકવાદી વલણો જોવા મળે છે. વીસમી સદીના આઠમા-નવમા દાયકા સુધીમાં પાશ્ચાત્ય નવ્યવિવેચન તથા સાહિત્યિક વાદોના પ્રત્યાઘાત રૂપે અનુઆધુનિકવાદ સાહિત્યનું સર્જન થવા લાગ્યું.

ગુજરાતી સાહિત્યમાં આધુનિક સાહિત્યના પ્રણેતા ડૉ. સુરેશ જોષીએ તેમના સર્જન-વિવેચન થકી જે નવો ઉન્મેષ પ્રગટાવ્યો તેનો રાજમાર્ગ અનુઆધુનિકોએ પોતાની રીતે વિકસાવ્યો. અનુઆધુનિકવાદી સાહિત્ય વિશેષતઃ માનવકેન્દ્રી છે. સમાજલક્ષી કરતાં વિશેષ રૂપે જીવનલક્ષી અભિગમ ધરાવે છે. પરિણામે નિબંધ-કવિતા-નવલકથાનાં સ્વરૂપો સાથે ચરિત્રાત્મક સાહિત્યનું પ્રમાણ વિકસેલું જોવા મળે છે. 'રે મઠ'ના વિદ્રોહી કવિ લાભશંકર ઠાકર 'મારી બા' અને 'બાપા' વિશે જીવનચરિત્રો આપે છે જ્યારે યોગેશ જોષી 'મોટી

બા' વિશે લઘુચરિત્ર રજૂ કરે છે. ઉદાત્ત ચરિત્રોને ઉપસાવતી ચરિત્રાત્મક નવલકથા (Bio-Novel) પણ સાંપ્રત યુગની નીપજ છે.

નવલકથાના વિષયોને ધ્યાનમાં રાખીને જોઈએ તો ૧૯૬૦-૮૦ના ગાળામાં નારીસંવેદના તથા દલિત વર્ગના પ્રશ્નો જે પરિઘ પર હતા તે હવે નવલકથાના કેન્દ્રસ્થાને નિરૂપાય છે. '૬૦-'૮૦ના ગાળામાં નારીજીવન અને સમસ્યાના તથા દલિતોના સંઘર્ષ પરત્વે સર્જકોનો જે અભિગમ હતો તે હવે નવાં સ્વરૂપે જોવા મળે છે.

૧૯૯૫-૨૦૦૫ના સમયગાળામાં પ્રગટ થયેલી નવલકથાઓનું વિષયની દૃષ્ટિએ વિહંગાવલોકન કરીએ તો આધુનિક માનવચેતનાની સાથે સાથે દલિત-શોષિતોના સંઘર્ષમાં માનવીયહક્ક તથા સ્વઓળખ માટેની એક જાગૃતિ જોવા મળે છે જ્યારે નારીવાદી સાહિત્યમાં નારીજીવનના સંઘર્ષને નવો મોડ મળ્યો છે. આજના નારીવિષયક પ્રશ્નોને જોવાની સર્જકની દૃષ્ટિ બદલાઈ છે. કુંદનિકા કાપડિયાએ 'સાત પગલાં આકાશમાં'માં નારીજેહાદની ભાવનાને સ્થાને આજની નવલકથામાં નારી હવે પોતાની 'સેલ્ફ આઇડેન્ટિટી' – સ્વઓળખ માટે મથામણ કરે છે. ઇબ્સનની ડોલ્સ હાઉસની નોરાની જેમ પુરુષના આધિપત્ય તળે કચડાતી – અન્યાય સહન કરતી અબળા સ્ત્રી નહીં પણ પોતાના હક્ક માટે જાગ્રત એક સંસ્કૃતા સ્ત્રીશક્તિ રૂપે જોવા મળે છે. આજની નવલકથાની નારી સ્વયંસિદ્ધા રૂપે સંઘર્ષ સામે ઝઝૂમે છે તેના જીવનનો સંઘર્ષ સામાજિક રૂઢિઓમાંથી નહીં પણ પોતાની જાત સાથેના આંતરિક પ્રશ્નોમાંથી ઊભો થયેલો છે.

આધુનિકતાનો અર્થ છે પરંપરાનો વિચ્છેદ કરીને માનવજીવનને નવા અભિગમથી જોવું. નવમા દાયકામાં વીજાણુમાધ્યમોએ માનવજીવન પર વ્યાપક પ્રભાવ પાડ્યો છે. તેથી પશ્ચિમ વિવેચક ઝાઁ બ્રોરીલાર કહે છે : 'વીજાણુયંત્રો કમ્પ્યૂટર-દૂરદર્શનની જુદી જુદી ચેનલો પર દર્શાવાતા કાર્યક્રમોએ આપણા વાસ્તવિક જીવન પર જબરદસ્ત પ્રભાવ પાડ્યો છે. આજે સાહિત્યને વૈશ્વિક સંદર્ભે મૂલવવાનું છે.' આના જ સમર્થન રૂપે બખ્તિનનો મત છે : 'આજના સાહિત્યકારે સમૂહમાધ્યમોના આક્રમણો સાથે પૂરક બનીને રહેવાનું છે.' સામાજિક ઉત્ક્રાંતિનું એક સબળ માધ્યમ જો સાહિત્યને ગણીએ તો વ્યક્તિના વિકાસમાં પણ સામાજિક પરિબળો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આજની નવલકથામાં નિરૂપાતું સામાજિક વાસ્તવ અને માનવમનનું વાસ્તવ એકબીજાના પૂરક કરતાં વિશેષતઃ વિદ્રોહક રૂપે જોવા મળે છે.

આજની નવલકથામાં દલિત સમાજના પ્રશ્નોના સંદર્ભે જોઈએ તો દલિત વર્ગના શોષણની સાથે આજનો દલિત સમાજ એક ક્રીયેટિવ સ્પેસને ઝંખે છે. જેમાં Co-existance કે સહઅસ્તિત્વ માટેની ઝંખનાનો સૂર છે. વિશ્વાસ પાટીલની મરાઠી નવલકથા 'झाड़ाझडती' અનુવાદ ડૉ. પ્રતિભા દવે – 'લોહીનાં આંસુ' (પ્ર.આ. ૨૦૦૩)માં દલિત વર્ગના જીવનની કરુણતા જ નહીં પણ સામાજિક વિરૂપતાનું નગ્નરૂપ સમગ્ર માનવસમૂહનો ચિતાર દર્શાવે છે. દલિત વર્ગની માત્ર વ્યથા-શોષણ કે વિટંબણા નહીં પણ તેમના માનવીય હક્ક માટેની જાગૃતિ – સહઅસ્તિત્વ માટેની મથામણ કૃતિનું ભાવબિંદુ છે. આજના દલિત સર્જકને વ્યક્તિવિકાસમાં રસ છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં માનવગૌરવને ઉપર ઉઠાવવામાં સર્જકને રસ છે. ગુજરાતી સાહિત્યની ઉલ્લેખનીય દલિત કથાઓમાં જયંત ગાડીતની 'બદલાતી ક્ષિતિજ', મોહન પરમારની 'નેળિયું' 'કુંભી' (વાર્તા), લક્ષ્મણ માનેની 'વેગનાં વછોયાં',



'ઉઠાવગીર', 'કાળો અંગ્રેજ' જેવી દલિત પ્રશ્નોને ભિન્ન દૃષ્ટિકોણથી રજૂ કરતી નવલકથાઓ છે.

અનુઆધુનિક યુગમાં 'Faminism' નવી સંકલ્પના સાથે પ્રગટ થાય છે. નારીશોષણ – અત્યાચાર વિરુદ્ધ બંડ પોકારતા નારીવાદનો નૂતન અર્થ સમજવા વર્જિનિયા વુલ્ફનાં નીચેનાં વિધાનો મહત્ત્વનાં છે.

''એવો કોઈ દરવાજો નથી, એવી કોઈ સાંકળ નથી, એવું કોઈ તાળું નથી... જેનાથી મારા મગજને તમે કેદ કરી શકો'' – નારીમુક્તિનો આવો જ એક નવો અભિગમ સીમોન દ્ બુવા જેન્ડર પોલિટિક્સના સંદર્ભે સ્પષ્ટ કરે છે. નારીઅત્યાચાર વિરુદ્ધના ઉદામવાદી વિચારોના રૂઢ અર્થ સામે હવે નારી સમાન અધિકાર માટેના સંઘર્ષની વાત નારીપ્રધાન નવલકથામાં જોવા મળે છે. નારીવાદનું પ્રારંભિક સ્વરૂપ Reactive Feministનું હતું, જ્યારે નારીમુક્તિના નૂતન અભિગમમાં સ્ત્રીના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર કરવામાં આવે છે. empowering woman for self formation જેમાં સ્ત્રીના સ્વતંત્ર વ્યક્તિત્વને સ્વીકારી તેની બુદ્ધિપ્રતિભાનો – તેની સંવેદનાનો તથા શરીરનું ગૌરવ કરવું એવો અર્થ ધરાવવામાં આવે છે.

નારીવાદના પ્રથમ તબક્કાની નવલકથાઓમાં 'સાત પગલાં આકાશમાં' (કુન્દનિકા કાપડિયા), 'બત્રીસ પૂતળીની વેદના' (ઇલા આરબ મહેતા) સીમાચિહ્નરૂપ છે. વર્ષા અડાલજાની 'નદીનો ત્રીજો કિનારો' તથા 'મારે પણ એક ઘર હોય'માં નારીચેતનાનો નવો સંદર્ભ જોવા મળ્યો. બિંદુ ભટ્ટની 'મીરાં યાજ્ઞિકની ડાયરી' અને 'અખેપાતર', ધીરુબહેન પટેલની 'હુતાશન', 'અતીતરાગ' અને 'કાદંબરીની મા'માં નિરૂપાયેલી નારીસંવેદના લાક્ષણિક છે. સોરાયસીઝના અસાધ્ય રોગથી પીડાતી પોતાનાં મા-બાપના પ્રેમને ઝંખતી આદિવાસી કન્યા દેવકીની વ્યથા કલ્પના દવેની લઘુનવલ 'પાનખરે બાળી વસંત'નું ભાવબિંદુ છે જ્યારે તેમની 'મૃગજળ' નવલકથામાં ત્યક્તા સ્ત્રીનો સંઘર્ષ નિરૂપાયો છે.

સાંપ્રત નવલકથાઓમાં સ્વરૂપગત સંરચના – કલાપ્રયુક્તિ, પ્રયોગશીલતા તથા ભાષાકર્મની વિશેષ સજ્જતાને પરિણામે માનવમનના અતલ ઊંડાણને તાગવાનો ઉપક્રમ કેન્દ્રસ્થાને હોય છે. ભાષાની પ્રાદેશિકતા સાથે સામાજિકતા – રાષ્ટ્રીયતાના પ્રશ્નો એક યા બીજા સ્વરૂપે વણાતા હોય છે. તેથી જ ડૉ. નરેશ વેદે અધ્યક્ષીય પ્રવચનમાં જણાવ્યું કે ''વાસ્તવલક્ષિતા નવલકથાની સ્વરૂપગત પ્રતિબદ્ધતા છે. જીવન સાથે સમીપતા કેળવવા માનવવ્યવહાર – માનવસંબંધોનું યથાર્થ ભૂમિકા પર ચિત્રણ કરતાં સર્જક જીવનને અખિલાઈમાં વ્યાપક રૂપે નિરૂપે છે.'' નવલકથામાં નિરૂપિત વાસ્તવના 'ભૌતિક વાસ્તવ', 'સમાજવાદી વાસ્તવ', 'આંતરિક વિશ્વનું વાસ્તવ' તથા 'પ્રતિવાસ્તવ' એમ ચાર ભેદ પાડી શકાય.'' અનુઆધુનિક નવલકથામાં મુખ્યત્વે માનવમનની ત્રસ્તતા – તનાવ, નવા પડકારો સામે બૌદ્ધિક અભિગમથી ઉકેલ દેખાય પણ સામાજિક ઉદાસીનતા જોવા મળે. દલિત સાહિત્ય તથા નારીકેન્દ્રી નવલકથામાં 'સહઅસ્તિત્વ' માટેની મથામણ છે તો આધુનિક માનવીના ચિત્રણમાં પણ 'અસ્તિત્વ'ને નવાં મૂલ્યોથી પામવાની મથામણ છે. રૂઢ નવલકથાનાં બંધનો ફગાવી મૂલ્યનિરપેક્ષ કૃતિ રચવી – માનવમનના નગ્ન સત્યનું ખુલ્લું આલેખન – ખૂન-ચોરી, બળાત્કાર, જાતીય આવેગો, માનવમનના કુત્સિત ભાવો, આતંકવાદની દહેશત

કોઈ પણ છોછ વિના સર્જક આલેખી શકે છે. Stream of Conciousnessની સંદિગ્ધતા દૂર કરી ચેતનાપ્રવાહનું મુક્ત આલેખન – પાત્રોની આંતરિક સૃષ્ટિ ઘટનાપ્રવાહમાં સમરસ થઈને આવે છે. આજનો નવલકથાકાર મોટેભાગે જીવનલક્ષી અભિગમ કેળવીને કથન અને રૂપરચનામાં વૈવિધ્ય આણે છે.

સાંપ્રત નવલકથાના કથારસમાં 'ઘટના' સાથે પાત્રોની સંવેદનાનું એક આગવું મહત્ત્વ જણાય છે. અનુઆધુનિક નવલકથામાં નક્કર વસ્તુકથન, સમાજાભિમુખતા તથા ચૈતસિક સ્તરે પાત્ર-પ્રસંગનું નિરૂપણ વેધક રૂપે કરવામાં આવે છે. રૂઢ નવલકથાનાં બંધનો ફગાવી દઈને જીવનનાં મૂલ્યોથી પર જઈને વાસ્તવિકતાની પછીતે રહેલા ગૂઢ સત્યને લેખક નિરૂપે છે.

અભ્યાસલેખના અંતિમ ચરણે કેટલીક કૃતિઓના સંદર્ભે અનુઆધુનિક નવલકથાને જોવાનો ઉપક્રમ છે. સાંપ્રત માનવચેતના – યુગસ્થિતિનું પ્રતીકાત્મક આલેખન કરતી વીનેશ અંતાણીની કૃતિ 'કાફલો' ઉલ્લેખનીય છે. જે માત્ર વ્યક્તિલક્ષી સુખદુઃખની સંવેદનકથા ન બની રહેતાં સમષ્ટિની સામુદાયિક વેદનાને સ્પર્શે છે. અરુણા ઢેરેની મૂળ મરાઠીમાં લખાયેલી 'રાધા-કુંતી-દ્રૌપદી' ત્રણ નારીકેન્દ્રી દીર્ઘ કથાઓનો અનુવાદ જયા મહેતાએ કર્યો છે. (પ્ર. આ. ૨૦૦૧, બીજી આ. ૨૦૦૩). સાત્ત્વિક પ્રેમ અને સમર્પણનું પ્રતીક રાધા, નારીસન્માનને પડકારતું પાત્ર દ્રૌપદી તથા માતૃત્વની ચરમ સીમા કુંતી – ત્રણે નારીના કેન્દ્રમાં કૃષ્ણ – કૃષ્ણ કયા સ્વરૂપે મળ્યા ? મહાભારતની ત્રણ વીરાંગનાનું નવું અર્થઘટન આ દીર્ઘ કથાના કેન્દ્રસ્થાને છે વર્ષા અડાલજાની કૃતિ 'અણસાર' (પ્ર.આ. ૧૯૯૨; ૧૯૯૬, ૧૯૯૭; ચોથી આવૃત્તિ ૨૦૦૨)ને સાહિત્ય અકાદમીનું ૧૯૯૫નું પારિતોષિક મળ્યું. રક્તપિત્તથી પીડાતા દરદીની મૂક વેદના – મારી અવહેલના શા માટે ? આ દરદીને શરીર કરતાં મન પર ઊંડા ઘા પડે છે જેને કદી રૂઝ આવતી નથી. પીડિત માનવ પ્રત્યેની કરુણા, દર્દીઓની સંવેદના તથા સમાજ તરફથી થતી ક્રૂર ઉપેક્ષા અહીં આલેખાયા છે. પદ્મશ્રી એવૉર્ડ વિજેતા શ્રીમતી ગોરા પંતી – 'શિવાની' લિખિત ત્રણ લઘુનવલો – 'સ્વયંસિદ્ધા' અનુવાદ પ્રીતિ કોઠી (પ્રકાશનસાલ ૨૦૦૦), 'વિષકન્યા' લઘુનવલમાં દામિનીની ઈર્ષ્યાજ્વાળા, 'સ્વયંસિદ્ધા'માં લગ્નની પ્રથમ રાત્રિએ પતિ સાથે શોક્ય(પરસ્ત્રી)ને સ્વીકારી ન શકનાર માધવી સ્વાભિમાની છે. જીવનના પડકારોને 'સ્વયંસિદ્ધા' થઈને ઝીલે છે તેનું આલેખન છે જ્યારે 'રતિવિલાપ'માં સિંગલ વુમન...ના એકલવાયા જીવનનો સંઘર્ષ છે. વિષ્ણુ પ્રભાકર લિખિત મરાઠી લઘુનવલ 'એક બીજી કુંતી' અનુવાદ મોહન દાંડીકરમાં નારીવેદનાનું વેધક ચિત્ર ઝિલાયું છે. આતંકવાદીઓનો પાશવી ખેલ – પોતાની નજર સામે પતિની હત્યાનું દારુણ દૃશ્ય જોનાર નાયિકા આતંકવાદીઓના બળાત્કારનો ભોગ બને છે એટલું જ નહીં, તેના પાશવી કર્મથી ગર્ભ ધારણ કરે છે. આ દહેશત ભરેલા આઘાતની કથા – નાયિકાની મનોદશા 'એક બીજી કુંતી'માં સુપેરે આલેખાઈ છે. માર્ગેરેટ હેરિસને 'રેઇપ' નવલકથામાં બળાત્કારની ઘટનાને પેરેડી રૂપે આલેખીને કરુણ વ્યંગ ઊભો કર્યો છે તો અંગ્રેજીમાં લખાયેલી પિન્કી વર્માની 'અરુણાઝ સ્ટોરી' અને 'બીટર ચૉકલેટ' નારીવેદનાનું વરવું રૂપ પ્રગટ કરતી દસ્તાવેજી નવલકથાઓ છે. ૨૦૦૩માં પ્રગટ થયલી ડૉ. પ્રતિભા દવે અનુવાદિત નવલકથા 'લોહીનાં આંસુ' શીર્ષકમાં દલિત સમાજની વેદના-પીડાનું સૂચન છે. વિશ્વાસ પાટિલની મરાઠી નવલકથાનું આ ઉત્તમ અનુસર્જન છે. પ્રસ્તાવનામાં નોંધ્યું છે તે મુજબ : ''આ કથામાં દર્દ



છે, પીડા છે, આહ છે, ચીસ છે, સરાસર અન્યાય છે, કરુણ ક્રંદન છે. આંસુ છે અને તે પણ લોહીનાં આંસુ.''

કોયનાબંધ બાંધવા માટે ત્યાં રહેતા દલિત વિસ્તારના લોકોને સરકાર તરફથી બસસ્ટૅન્ડ પાસેની ખુલ્લી જગ્યા ફાળવવામાં આવે છે. વચેટિયાઓ તથા અંગત સ્વાર્થ સાધવાના હેતુથી ત્યાં શેરડીનું કારખાનું ઊભું કરવામાં આવે છે જ્યારે ગરીબ વસ્તીને ગંદા નાળાની પ્રદૂષિત જગ્યાએ વસાહત માટે ફરજ પાડવામાં આવે છે. ગરીબી, ભૂખમરો – ક્લુષિત રોગિષ્ઠ આવાસ વચ્ચે જીવનસંઘર્ષ કરી રહેલા પીડિતો-શોષિતોની આ નવલકથા છે. દક્ષા દામોદરની 'શોષ' નવલકથામાં 'ડાયા પશાની વાડી', મોહન પરમારે દલિત સમાજના સંઘર્ષ તથા પ્રેમની ઝંખનાના ભાવ નિરૂપ્યા છે.

ચરિત્રાત્મક નવલકથા ક્ષેત્રે માધવ રામાનુજે 'પિંજરાની આરપાર'માં માનવ-પશુપ્રેમના તદ્દન નવા ફલક પર ઝૂ મેન રૂબિન ડેવિડના ચરિત્રને આલેખ્યું છે. શ્રી દિનકર જોષીએ 'અમૃતપંથનો યાત્રી'માં કવિવર રવીન્દ્રનાથ ટાગોરના ચરિત્રને તથા 'પ્રતિનાયક'માં (પ્ર.આ. ૨૦૦૨) નજીકના ભૂતકાળના વિવાદાસ્પદ રહેલા મહાન નેતા મહમ્મદ અલી ઝીણાના જીવન પર આધારિત ચરિત્રાત્મક નવલકથા પ્રગટ લખી છે.

૧૯૯૫-૨૦૦૫ના સમયગાળામાં પ્રગટ થયેલી કેટલીક નવલકથાના આધારે સાંપ્રત સમયમાં નિરૂપાયેલા સામાજિક પ્રશ્નોની અહીં સામાન્ય ચર્ચા કરી છે. ખરેખર આ વિષય વધુ સંશોધન માંગી લે તેવો વ્યાપક છે.




## પ્રકીર્ણ

**શ્રી કાકભુશુંડિ :** શાસ્ત્રી જયેન્દ્ર દવે, ૨૦૦૬, સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, પૃ. ૫૪, રૂ. ૧૫/-. **૨૧મી સદીની વિચારસરણી :** બિપીન શ્રોફ, ૨૦૦૬, ચંદ્રકાન્ત દરૂ મેમોરિયલ ટ્રસ્ટ, પૃ. ૪૮, રૂ. ૧૫/-. **મહેકભરી માનવતા :** તથાગત પટેલ, ૨૦૦૬, ભાવિક પબ્લિકેશન, અમદાવાદ, પૃ. ૧૪૨, રૂ. ૮૦/-. **સ્મૃતિરૂપેણ સંસ્થિત :** અરુણા ત્રિવેદી, ૨૦૦૬, પ્ર. બકુલ ત્રિવેદી, પૃ. ૨૭૨+૪૫, રૂ. Nil. **ફાર્બસ ગુજરાતી સભા આપ ઓળખની મથામણ-૧ :** સંપા. સિતાંશુ યશશ્ચંદ્ર, ૨૦૦૬, આર. આર. શેઠની કંપની, અમદાવાદ-મુંબઈ, પૃ. ૨૫૭, રૂ. ૨૫૦/-. **ફાર્બસ ગુજરાતી સભા આપ ઓળખની મથામણ-૨ :** સંપા. સિતાંશુ યશશ્ચંદ્ર, ૨૦૦૬, આર. આર. શેઠની કંપની, અમદાવાદ-મુંબઈ, પૃ. ૨૯૨, રૂ. ૨૫૦/-. **રવિભાણ સંપ્રદાય :** જયંત પી. સચદે, ૨૦૦૬, પ્ર. જયંત પી. સચદે, પૃ. ૩૫, રૂ. ૫૦/-.

# દશ્યશ્રાવ્ય  પ્રેક્ષકોને એમનું થિએટર કેવી રીતે મળે ?

**હસમુખ બારાડી**

તખ્તો – આ ઢાઈ અક્ષરો કંઈ કેટલુંય કહી જાય અનેક વિષયો અંગે; પણ આપણે તખ્તો કહેતા રંગભૂમિ, ઉર્ફે નટની રમણભૂમિની વાત કરવી છે :

ફોટોગ્રાફી પછી જેમ ચિત્રકલામાં મોટું પરિવર્તન આવ્યું (દા.ત., વ્યક્તિએ ચિત્ર માટે સીટિંગો આપવાની જરૂર ન રહી, 'હસતાં મોં'થી તસવીરકાર કૅમેરા ક્લિક કરવા માંડ્યો), તેમ ફિલ્મ (અને વધુ તો રેડિયો-ટીવી) પછી થિએટરનું ફંક્શન એટલે કે હેતુ / ઉદ્દેશ/કાર્યક્ષેત્ર બદલાયાં (એ ચારેય માધ્યમો આગવી રીતે નિરાળાં હોવા છતાં). આ સદીની શરૂઆતમાં ફિલ્મકલા સાથે પનારો પાડનાર (મેયરહોલ્ડ જેવા રૂસી દિગ્દર્શક) કે ફિલ્મકલાને સમજી એનાં તત્ત્વોનો રંગકલામાં ઉપયોગ કરનારાઓ(જર્મનીના દિગ્દર્શકો પિસ્કાટર અને રેઇનહાર્ટ તથા નાટ્યકાર બર્ટોલ્ટ બ્રેખ્ત જેવા)એ એટલે તો નાટક, નાટ્યતત્ત્વ, નટકર્મ, એનું રમણ તથા એની ભૂમિ વિશે નવું વિચારવા અને કરવા માંડ્યું. પરિણામે 'વાસ્તવવાદ' ઊણો પડતો જણાતાં 'દાદા'વાદ (વીસમી સદીનો બીજો દસકો), અસ્તિત્વવાદ (ત્રીજો-ચોથો દસકો) અને એક બાજુ 'એબ્સર્ડ', તો બીજી બાજુ 'સ્ટાઇલાઇઝેશન' (પાંચમો-છઠ્ઠો દસકો) સમગ્ર નટકાર્યમાં મહત્ત્વનાં ગણાયાં; 'અભિનય', નટપ્રેક્ષક સંબંધ અને નટની રમણભૂમિની શરતો બદલાયાં...

જેઓને એ સમજાયું તેઓ નવી રીતે થિએટર કરવા માંડ્યા. અનેક દેશોમાં – ફ્રાન્સ, રશિયા, જર્મની, ઇટાલી વગેરે. અલબત્ત, એને જ સમાંતર ત્યાં કહેવાતા વાસ્તવવાદમાં અટકી પડેલા રંગકર્મીઓ, રંગમંચેતર વ્યાપારી હિતોની પકડમાં, નાટ્યનો વેપલો કરતાં રહ્યાં છે. કારણ કે, 'સમાજનું દર્પણ' બનવું અને બની રહેવું સરખામણીએ સરળ અને સલામત છે, પરંતુ 'દર્પણ'થી વિશેષ ઘણું બધું આ કલા તાકી શકે તેમ છે, અને તાકી બતાવ્યું છે એ તેઓ જાણવા માગતા નથી... એ કામ ફિલ્મ અને ટીવીનાં દશ્ય-શ્રાવ્ય માધ્યમો વધુ બળૂકી રીતે કરી શકે / કરી રહ્યાં છે.

આપણે ત્યાં દાયકાઓમાં (અને મોટે ભાગે આજેય) 'જૂની' 'નવી' ગુજરાતી રંગભૂમિમાં રંગદર્શી અને વાસ્તવદર્શી નાટકો વિદેશોથી આણેલા પ્રોસેનિયમ આર્કથી વિભાજિત મંચ પડદાવાળા 'થિએટર-હૉલો'માં ભજવાતાં રહ્યાં છે. એમાં નટ અને પ્રેક્ષક આમનેસામને બેસી પરસ્પરનું ૧૮૦ અંશનું દર્શન કરે છે; રોમાંચ અને સનસનાટીને નાટ્યતત્ત્વ માને છે; અને છેલ્લે છેલ્લે તો દ્વિઅર્થી જોક્સની તડાફડીને ઉચ્ચ વાક્કલા ગણાવતા વચેટિયા દલાલો બ્રોડવેથી બોલિવુડ થઈને ગુજરાતમાં પરાયું જીવન ઠાલવી 'અમારાં નાટકોની ફિલ્મ બની રહી છે,' એવી જાહેરાતોથી હૂપાહૂપ કરી રહ્યા છે. પરિણામે નટ-પ્રેક્ષક વચ્ચેની જીવંત આદાનપ્રદાનની નાટ્યકલા આજે કૉન્ટ્રેક્ટેડ, દંભી, જર્જરિત અને જીવનવિમુખ બની ગઈ છે, સમાજ કે જીવનનું એ દર્પણ પણ રહી નથી; એમાં સાંપ્રત ગુજરાતી જીવન તો ઝિલાતું નથી જ, પણ દર્પણ જેવું નિર્મળ તાટસ્થ્ય સુધ્ધાં એમાં નથી.

એટલે લાગે છે કે, નાટક જ્યાંથી શરૂ થયું ત્યાં પાછું એણે વળવું પડશે. અનેકોએ



વાળ્યું પણ છે; સામાન્ય જનતાનું ધ્યાન એ તરફ ઓછું ગયું હોઈ શકે, કારણ કે, ઢોલત્રાંસા તો વેપારીઓ વગાડે.

આ રંગમંચેતર હિતોએ એક બાજુ કુતૂહલ(Whodunit)ને મોટું નાટ્યતત્ત્વ ગણ્યું, તો બીજી બાજુ ('જૂની'માં પડદા અને 'નવી'માં ખર્ચાળ સજાવટ ('સન્નિવેશ' મોટે ભાગે નહીં), પ્રકાશનો ઝગમગાટ અને સંગીતનો ઘોંઘાટ વધારી યંત્રવિદ્યાનો જુલમ થિએટરકર્મ પર ઠોકી બેસાડ્યો છે, એથી નટ દ્વારા થતી પાત્રસર્જનની પ્રક્રિયામાંથી પ્રેક્ષકનું ચિત્ત જ ચળી જાય છે, તો ત્રીજી બાજુ અન્ય માધ્યમોના અનુકરણે નટની રમણભૂમિ 'તેઓએ' મોંઘી કરી છે, નાટ્યેતર હિતોએ એને પોતાના કબ્જામાં રાખી છે (સરકાર, સુધરાઈ, ટ્રસ્ટો), અને નટમંડળીને એ સાંજવાસા માટે ભાડે આપે છે, ભાડે આપવા 'બોલી' બોલાવે છે; પરિણામે નાટક નહીં, પણ દોકડા ખર્ચી શકવાની ત્રેવડ ધરાવતા 'શૉ સંપર્કીયાઓ' બધું નક્કી કરતા થયા છે...

એટલે પણ અપેક્ષા છે કે, થિએટર જ્યાંથી શરૂ થયું ત્યાં પાછું વળે, એ માત્ર આશા કે, આદર્શ નથી; પણ હાલની સ્થિતિનું તાર્કિક પરિણામ જણાય છે.

....તો થિએટર ક્યાંથી શરૂ થયું ? સૈકાઓ પહેલાં કોઈ એકે કોઈ બીજાને રસપ્રદ ટુચકો કહ્યો. કોઈનું અનુકરણ કર્યું અને આનંદ પામ્યો; પછી બીજાએ- ત્રીજાએ કહ્યું, એમ ટોળું ભેગું થયું અને એકે પોતાનું કૌશલ ફરી બતાવી તાળીઓ ઝીલી. માત્ર નટ અને એનો અવાજ એમાં કેન્દ્રો હતાં, આજેય છે (બાકીનાં બધાં ઉપકરણો હોય તો સારું, પણ ન હોય તો ચાલે જ). એમાંથી જન્મ્યું નાટક. નટની એ કલાને પ્રેક્ષકો ચોતરફથી ઘેરીને બેસતાં, ૩૬૦ અંશમાં એને નિહાળતાં, પ્રોત્સાહન આપતાં, આશ્રય દેતાં નર્દંભ, સમાન ભૂમિકાએ, પરસ્પરના આદાનપ્રદાનથી. ગ્રીક, શેક્સપિયરની રંગભૂમિ, કે જગતભરનાં પરંપરિત (લોક)નાટ્યોની એ શરત અને શક્તિ હતાં, એ પ્રત્યાયન નહીં સહસર્જન હતું. નટ-પ્રેક્ષક વચ્ચે ભેદ જ નહોતો. આપણી 'ભવાઈ' એનું ઉચિત બલિષ્ટ ઉદાહરણ છે.

એટલે તો આર્તો, મેયરહોલ્ડ, બ્રેસ્ટ, ગ્રતોવ્સ્કી, હાર્ટ, બાદલ સરકાર, ઓગસ્ટો બાઉલ વગેરેએ નિમિત્તોને નિર્માતા બનાવ્યા અને તટસ્થોને વહેમમાં તાણ્યા...

તેથી થિએટર જ્યાંથી શરૂ થયું ત્યાં જો પાછું વળે તો (અને તો જ) પ્રેક્ષકોને એમનું થિએટર મળે. કારણ કે, આજનું શહેરકેન્દ્રી થિએટર એની ઔપચારિક સઘળી શરતો સાથે કુલ વસ્તીના બે-ત્રણ ટકાથી વધુ લોકોને સ્પર્શતું નથી. (ગુજરાતની વાત કરીએ તો પાંચ કરોડમાંથી સાતઆઠ લાખ કુલ્લેય લોકો થિએટર જોતાં હશે ખરાં ?) પરિણામે નટકલા તોતિંગ દીવાલોમાંથી નીકળી પ્રેક્ષકો જ્યાં છે ત્યાં જશે, લોકોની વાત કરશે, લોકો વચ્ચે જ પોતાની વાત સર્જશે અને એમની સક્રિય સામેલગીરીથી એ પ્રસ્તુત કરશે... અને દીવાનખંડમાં ટીવીની એકમાર્ગી પ્રત્યાયન કરતી કાચની ટ્યૂબ સામે બેઠેલો પ્રેક્ષક શેરીમાંથી આવતો ગીત-સંગીતનો કોલ સાંભળી બારી ખોલશે, મંડળીને નાચતી જોશે ત્યારે લાગલો જ દોડશે ચોગાનમાં, શેરીને ખૂણે, ગામને ગોંદરે, એને આછે અજવાળે, નટના અવાજ અને શરીરની સાદાઈથી સર્જાતા 'સમસંવેદક સંવાદ'ને સાંભળવા ! એને મન એય ઓછું ભવ્ય (સ્પેક્ટેક્યુલર) નહીં હોય...

અને આ પ્રક્રિયા આરંભાઈ ચૂકી છે. એ અનિવાર્ય અને અવશ્યંભાવિ છે, કારણ કે રંગકર્મ જેવા મોસ્ટ હ્યુમન ઍક્શનમાં પ્રત્યક્ષ અને સમકક્ષ સામેલગીરીવાળા સહસર્જનનું મૂલ્ય આજે ભલે થોડાંને સમજાયું છે, પણ કાલે 'તખ્તો' બદલાશે, બધા તખ્તાઓની જેમ.

## વક્તવ્ય — વીસમી સદીની આ કાવ્યમુદ્રા

**ચંદ્રકાન્ત શેઠ**

'વીસમી સદીની ગુજરાતી કાવ્યમુદ્રા' ગ્રંથના આજના પ્રાકટ્યપર્વ સમારોહના અધ્યક્ષ કવિવર શ્રી રાજેન્દ્ર શાહ, અત્રે ઉપસ્થિત સર્વ કવિગણ અને ભાવકગણ, આજના આ ગ્રંથપ્રકાશનના સાહસકર્તા શ્રી મનુભાઈ શાહ તથા તેમના સાથીદારો, પ્રસ્તુત ગ્રંથના સંપાદનમાં સાદ્યંત સક્રિય મારા સાથીમિત્રો સર્વશ્રી યોગેશ જોષી, હર્ષ બ્રહ્મભટ્ટ તથા ડૉ. ઊર્મિલા ઠાકર; પ્રસ્તુત ગ્રંથના મુદ્રણની – તેની સજાવટની ઉત્તમ માવજત કરનાર ભાઈ રોહિત કોઠારી તથા તેમના સહકાર્યકરો; આ સમારોહની કાવ્યસ્નેહે સુવર્ણશૃંખલા થઈ ઉમદા કર્તવ્ય કરનાર અંકિતભાઈ, પ્રસ્તુત કાવ્યમુદ્રાને માણી-નાણી-પ્રમાણી આપવા માટે અત્રે પધારેલા મારા વિદ્યાગુરુ પૂ. ધીરુભાઈ ઠાકરસાહેબ, આ કાવ્યમુદ્રાને આપના હૃદય સુધી પહોંચાડવા તથા પોતાની પ્રાસાદિક કાવ્યકથાથી આ સમગ્ર અવસરને માથે સુવર્ણકળશ ચડાવવા જેઓ પધારવાના હતા તે પૂ. મોરારિબાપુ (તેઓ ભલે પરિસ્થિતિવશાત્ અનુપસ્થિત હોય, પણ એમને અહીં ઉપસ્થિત માનીને ચાલું છું.), અને જેઓ આ ગ્રંથમાં તેમજ અમારા હૃદયમાં પણ સુપેરે વિરાજિત  છે તે સૌ કવિજનો – વડીલો અને મિત્રો;

આપણને સૌને જે રૂડા અવસરની પ્રતીક્ષા હતી તે આજે આખરે આવી લાગ્યો ! આપણા જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા ઉત્તમ કથાસર્જક પન્નાલાલ પટેલની જન્મજયન્તી પણ આજે છે. આજના આવા મંગળ સાહિત્યપર્વે પૂ. મોરારિબાપુના આશીર્વાદ પામેલો આ સંચય આપ સૌના હૃદય સુધી પહોંચશે એનો અમને આનંદ છે અને આવા પ્રસંગ માટે અમે સૌ આપ સૌના કૃતજ્ઞ છીએ.

વીસમી સદી પૂરી થવામાં હતી ત્યારે એ સદીના કાવ્યપુરુષાર્થની યથાતથ ઝલક દર્શાવી શકે એવો એક બૃહદ ગ્રંથ તૈયાર કરવાનું જેમ અમારું તેમ મનુભાઈનુંયે સ્વપ્ન હતું. તેમણે સર્વશ્રી યોગેશ જોષી, હર્ષ બ્રહ્મભટ્ટ તથા ઊર્મિલા ઠાકરને આ માટે સક્રિય કર્યાં; મનુભાઈ તથા યોગેશે મનેય આ રમણીય યોજનામાં આગ્રહપૂર્વક સામેલ કર્યો. વીસમી સદીના વિશાળ અને વૈવિધ્યસભર કવિતાક્ષેત્રમાંથી ઉત્તમ અને વિશિષ્ટ કાવ્યરત્નો એકત્ર કરવાનું નક્કી થયું. એ માટે દર સપ્તાહે મળવાનું ચાલ્યું. આ સંચય માટેની કાવ્યસામગ્રી મેળવવામાં ગ્રંથપાલો, પ્રકાશકોથી માંડીને ગ્રંથકારો સુધીના અનેકોનો સંપર્ક કરવાનો થયો. સંખ્યાબંધ મૌલિક તેમજ સંપાદિત કાવ્યગ્રંથો જોવાતા ગયા. બને તેટલા કવિઓની બને તેટલી રચનાઓ મૂળ ગ્રંથોમાંથી મેળવવાનું ને તેમાંથી શ્રેષ્ઠ ને વિશિષ્ટ કાવ્યરચનાઓ તારવી લેવાનું પહેલા તબક્કાનું કામ થયું. એ પછી બીજા તબક્કાનું કામ શરૂ થયું. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે સૂચવેલી પૃષ્ઠમર્યાદાના અનુસંધાનમાં કવિઓ તથા તેમની કવિતાની ગુણવત્તા – ઇયત્તા ધ્યાનમાં લઈ તેમની તથા તેમની રચનાઓની પ્રમાણસંખ્યા નિયત થઈ. આ કામ





સર્વસંમતિથી, શક્ય તેટલી વસ્તુલક્ષિતા તથા તટસ્થતાથી થાય એ માટે પૂરતી તકેદારી પણ રખાઈ. વળી જે તે કાવ્યનું સ્વરૂપ, તેમાંના સુધારાવધારા વગેરેનીયે આવશ્યક ચકાસણી કરાઈ. ભાષાશુદ્ધિ-જોડણીશુદ્ધિ વગેરે પણ વિવેકપુરઃસર થાય તે માટે કાળજી લેવાઈ. આ બધું કરવામાં સંપાદકોનાં સમય-શક્તિ વગેરે ખાસ્સાં ખર્ચાયાં. યોગેશ – ઊર્મિલાએ તો નોકરીમાંથી પોતાના હકની રજાઓ લઈનેય આ કામને સતત આગળ ધપાવ્યું. કેટલાક સર્જકોનો રૂબરૂ કે ફોનથી સંપર્ક કરીનેય તેમની મદદથી સંપાદનગત સમસ્યાઓનું નિરાકરણ કરવાના પ્રયાસો કરાયા. એ રીતે સાતેક વર્ષના સાતત્યપૂર્ણ યજ્ઞકાર્યથી આ ગ્રંથ તૈયાર થયો છે. એમાં ૭૮૪ પૃષ્ઠોમાં ૩૪૪ કવિઓની ૯૨૬ રચનાઓ છે. તે ઉપરાંત એમાં પ્રાસ્તાવિક લેખ, સંપાદકીય, કવિપરિચય અને સૂચિનાં પાનાં ઉમેરતાં આ ગ્રંથ કુલ ૯૪૮ પાનાંનો થાય છે. એમાં વીસમી સદીના કાવ્યપુરુષાર્થની પ્રમાણભૂત મુદ્રા ઝિલાય એ માટે શક્ય ચીવટ ને સાવધાની રાખ્યાં છે. આ ગ્રંથનું અર્પણ છે — ગુર્જરીને :

ગુર્જરી, તારું તુજને.

S

માનવજાતના ઇતિહાસમાં – તેમાંયે ભારતના અને તદન્તર્ગત ગુજરાતના ઇતિહાસમાં વીસમી સદી અનેક કારણોથી અવિસ્મરણીય છે. વિજ્ઞાન તથા તત્ત્વજ્ઞાનની સાધનાએ, સાહિત્ય-કળા તથા સંસ્કૃતિના અવનવા સંચારોએ માનવમન અને જનજીવનનાં ઊંડાણોનો તાગ લેવાનાં અને તેમનાં ઊંચાણોને આંબવાનાં કેટકેટલાં સાહસપૂર્ણ પરાક્રમો દાખવ્યાં છે તેનાં આપણે સૌ સાક્ષી છીએ. યંત્રવિજ્ઞાન તેમજ તંત્રવિજ્ઞાને હરણફાળો ભરીને માનવના વામનસ્વરૂપમાં કેવી વિરાટશક્તિ ધરબાયેલી પડી છે તેનાં રોમાંચક પ્રમાણો આપણને આપ્યાં છે. વીસમી સદી જો વિશ્વયુદ્ધોની સદી છે તો વિશ્વશાંતિ માટેનાં આંદોલનોની પણ સદી છે. ફ્રેન્ચ વિપ્લવ-પ્રેરિત સ્વતંત્રતા, સમાનતા ને બંધુતાની પ્રતિષ્ઠા માટેની આ સદી છે. આ સદી ગાંધીજી નિર્દિષ્ટ 'મંગલ પ્રભાત' માટેના સૂર્યોદયની – સર્વોદયની સાધના માટેની સદી છે. આ સદી ગાંધીજી, શ્રી અરવિંદ તથા ગુરુદેવ શ્રી રવીન્દ્રનાથના સત્યમ્, શિવમ્ ને સુન્દરમ્નાં તત્ત્વોથી પ્રેરિત જીવન, અધ્યાત્મ તેમજ કલાસાધનાના ત્રિવેણી સંગમરૂપ છે. ગુજરાતી સાહિત્યક્ષેત્રે વીસમી સદી એટલે સાક્ષરયુગ, ગાંધીયુગ અને સ્વાતંત્ર્યોત્તર કે અણુવિસ્ફોટોત્તર યુગનો સમયગાળો.

રૂડી ગુજરાતી વાણીના વકીલ કવિ શ્રી દલપતરામ અને 'ગરવી ગુજરાત'ના દ્રષ્ટા વીર કવિ નર્મદે જેને ઊલટથી ઉપાસી તે અર્વાચીન કવિતા ૧૯મી સદીના છેલ્લા ચરણમાં પહોંચતાં નોંધપાત્ર સિદ્ધિઓ દાખવી શકેલી. ગુજરાતી કાવ્યપ્રદીપના સંવર્ધન-સંરક્ષણ અને સામર્થ્ય-વિકાસમાં દલપત-નર્મદ ઉપરાંત નવલરામ-નરસિંહરાવનો મણિલાલ દ્વિવેદી, ક્લાન્ત કવિ, કાન્ત અને કલાપીનોયે ફાળો મૂલ્યવાન હતો. ૧૯મી સદીના અંતભાગમાં ગુજરાતી કવિતાનો, કવિ શ્રી સુન્દરમ્ કહે છે તેમ, 'વસંતવિજય' સધાઈ ચૂક્યો હતો. ગુજરાતના કાવ્યગગનમાં, કવિ શ્રી કાન્તે કહેલું તેમ, ન્હાનાલાલ જેવા પ્રફુલ્લ અમીવર્ષણ ચંદ્રરાજના ઉદય દ્વારા ગુજરાતી કવિતાનો 'વસંતોત્સવ' ઊજવાઈ શક્યો હતો. પ્રયોગવીર કવિ બલવંતરાય ક. ઠાકોર થકી ગુજરાતી કવિતાના 'આરોહણ'ની પ્રસ્થાનરેખા અંકાઈ ગઈ હતી. વીસમી સદીના પૂર્વાર્ધમાં અનેક સાક્ષરસર્જકોએ ગુજરાતી વાણી અને કવિતાના કાઠાને

બાંધવા-વિકસાવવામાં મહત્ત્વનું યોગદાન કર્યું. ગુજરાતી કવિતાના તન-મનની અવનવી મુદ્રાઓ વધુ ને વધુ પ્રગટતી થઈ. એક બાજુ જીવનના ક્ષેત્રે જેમ ગાંધીજીના સત્યના પ્રયોગો ચાલતા હતા, તેમ બીજી બાજુ કવિતાના ક્ષેત્રે કવિઓના સૌન્દર્યના પ્રયોગો પણ ચાલતા હતા. ગાંધીજીનો પ્રભાવ વસ્તુતઃ ને તત્ત્વતઃ સત્યપૂત જીવનનો પ્રભાવ હોઈ ગુજરાતી કવિતા તેનાથી દૂર રહી શકી નહીં. ગુજરાતી કવિતાને જીવનના વાસ્તવદર્શનની નક્કર ભૂમિકા સાથે ભાવનાદર્શનનું વ્યાપક આકાશ પણ સાંપડ્યું. ગુજરાતી કવિતામાં ગહનતા ને વ્યાપકતા, અંતર્મુખતા ને બહિર્મુખતા યુગપત્ અને સમન્વિત રીતે પ્રગટ થતાં રહ્યાં. સૌષ્ઠવરાગિતા ને કૌતુકરાગિતાની પણ જુગલબંધી ચાલી. વીસમી સદીની ગુજરાતી કવિતા એક તબક્કે ભલે કવિશ્રી બલવંતરાય અને મહાત્મા ગાંધીજીના પ્રભાવે ચાલી હોય પણ એણે વખતોવખત અનેક પરિબળો – પ્રભાવો હેઠળ આવવા છતાં પોતાનું આગવાપણું કે સ્વત્વ જાળવી રાખ્યું છે અને વિષયવસ્તુ તેમજ અભિવ્યક્તિના પક્ષે નવાં નવાં પરિમાણો દાખવ્યાં કર્યાં છે. આપણી કાવ્યપરંપરાના અનુસંધાન સાથે અભિનવ કાવ્યપ્રયોગોનું તેનું શરસંધાન પણ અનિવાર્યતયા ચાલ્યા કર્યું છે. ગુજરાતી કવિતાએ છાંદસથી અછાંદસ સુધીનો; ગીતો અને ગઝલો, સૉનેટો અને ખંડકાવ્યો, મુક્તકો ને હાઈકુઓ જેવાં અનેક કાવ્યબંધો ને કાવ્યરૂપોમાં પોતાનો લીલાવિહાર આદર્યો. આપણા સંસ્કાર અને આપણી સંસ્કૃતિ સાથે સંલગ્ન, આપણી જીવનપરંપરા ને સમાજપરંપરા સાથે અનુબદ્ધ વિષયવસ્તુ સાથે આપણા સાંપ્રત જીવનની આધિ-વ્યાધિ-ઉપાધિનાયે અનેક અનુભવો તત્કાલીન કવિતાના કોઠામાં પ્રવેશ્યા. 'વિશ્વશાંતિ'ના કવિ 'છિન્નભિન્ન છું'ની વાત કરતા થયા. સાચી પણ કડવી વાણીવાળા 'કોયા ભગત' ઘણ ઉઠાવીને કવિતાની કોઢમાં તો પ્રવેશ્યા, પરંતુ છેવટે જઈને ઠર્યા કોઈ ચિન્મયી શક્તિના મધુમય કમલ સમા ચરણે. ત્યાં જ લાધ્યું આપણા કવિ સુન્દરમ્‌ને એમનું ધ્રુવપદ ! કવિ શ્રી રાજેન્દ્ર શાહે 'આયુષ્યના અવશેષે' જે કહેવાનું હતું તે ઘણું વહેલું કહ્યું અને તેય આપણને સોંસરું ઊતરી જાય એ રીતે. કોઈ વાર હરિવરથી હરાઈ જવાનું સુખ પણ ચાખી લેતા કવિ શ્રી નિરંજન ભગત 'પ્રવાલદ્વીપ' પર પહોંચીને, વિભીષિકાની ભીંસ અનુભવતાં અનુભવતાં 'ગાયત્રી' છેડે છે સાંપ્રત જીવનની. કવિ ઉશનસે અને જયન્ત પાઠકે વગડાનો શ્વાસ લેતાં લેતાં ને આદિવાસી ડુંગરાઓની છાયામાં રહેતાં રહેતાં આપણને આપણી અસલિયતનાં સગડ બતાવવાનું કામ આદિમતાના સ્પંદે-છંદે રૂડી રીતે કરી બતાવ્યું છે. આપણા તળપદા કૃષિજીવનની અને લોકજીવનની સંવેદનાને સમુચિત લયઢાળમાં ને શબ્દસૂરમાં ઢાળનારા જે અનેક કવિઓ છે તેમાં સહજતયા જ સર્વશ્રી ઝવેરચંદ મેઘાણી, બાલમુકુન્દ દવે, મકરન્દ દવે, હરીન્દ્ર દવે, પ્રિયકાન્ત મણિયાર, રાવજી પટેલ ને રમેશ પારેખ જેવાનાં નામ તુરત યાદ આવે છે. ગઝલના ચિરાગને પ્રજ્વલિત કરનારા ને તેની રોશની બઢાવનાર કેટલાક 'ઘાયલ' કવિઓ ભલે 'શૂન્ય'માં અદશ્ય થઈ ગયા, પણ તેમના ચમકતા ચહેરા આજે ગઝલમાં દશ્યમાન છે. કેટકેટલા કવિઓના કેવા કેવા અવાજો આપણા સંવિતને શબ્દબ્રહ્મ અને નાદબ્રહ્મના મધુસત્ત્વે આજે તરબતર કરે છે ! વિસ્તારભયે આપણે એ સૌનો નામોલ્લેખ કરવાનું ટાળીએ છીએ, પરંતુ લાભશંકર ને સિતાંશુ જેવાનો તો અહીં નિર્દેશ કરવો જ રહ્યો.

ગુજરાતી કવિતાની અવનવી કાવ્યમુદ્રાઓનો પરિચય કરાવવામાં સતત અગ્રેસર ને



ઉત્સાહી આપણા કવિતાપ્રેમી કવિ સુરેશ દલાલ અહીં સહેજેય યાદ આવે. કવિતાસંપાદનની એમની પસંદ કરેલી દિશામાં સમયે સમયે અનેક સંપાદનો થવાં જોઈએ. જેમ કોઈ અનુવાદ આખરી નથી તેમ કોઈ સંપાદન પણ આખરી નથી. આ પણ નહીં. કોઈ પણ સંપાદનની પ્રક્રિયામાં સતત સુધારાવધારાને અવકાશ હોય જ છે.

આમ છતાં, વીસમી સદીની ગુજરાતી કવિતાના બને તેટલા ઉત્તમ અને વિશિષ્ટ નમૂનાઓ એકસાથે એક સંચય દ્વારા કાવ્યજ્ઞો કે ભાવકોને પ્રાપ્ત થાય એવો અમારો આશય રહેલો છે. વીસમી સદીમાં વિવિધ તબક્કે ગુજરાતી કવિતાએ કેવી કેવી રૂપરસની વૈવિધ્યભરી મુદ્રાઓ દાખવી છે તેનો એક પ્રામાણિક ને પ્રમાણિત અંદાજ સૌને મળી રહેશે તો આ સંચય કર્યાનો શ્રમ સાર્થક થશે. આ સંચય વીસમી સદીના અને તે દ્વારા સાચી કવિતા અને સાચા કવિના મૂળ મુકામ સુધી પહોંચવામાં સેતુરૂપ થશે તો અમને આનંદ થશે.

'ગૂર્જર કવિતા બઢો !' — આવી ભાવના, આવી નેમ વ્યક્ત કરી, ફરીથી આ સંચયના બીજારોપણથી માંડીને ફલાગમ સુધીમાં જેમણે જેમણે કોઈ પણ પ્રકારે સહાય કરી તે સર્વનો, અહીં ઉપસ્થિત આપ સૌનો આભાર માની; કવિવર રાજેન્દ્રભાઈને, પૂ. મોરારિબાપુ ને ઠાકરસાહેબને વંદીને ભવભૂતિના નાન્દીના શબ્દોને અહીં ભરતવાક્યમાં મૂકીને મારું વક્તવ્ય પૂરું કરું :

**वन्देम देवतां वाचम् अमृताम् आत्मनः कलाम् ।**

૭-૫-૨૦૦૭

---

તા. ૭-૫-૨૦૦૭ના રોજ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા યોજાયેલા 'વીસમી સદીની ગુજરાતી કાવ્યમુદ્રા' ગ્રંથના પ્રાકટ્ય પ્રસંગે આપેલ વક્તવ્ય.

r




## પ્રકીર્ણ

**પહેલું પાનું :** પ્રદ્યુમ્નસૂરિ, ૨૦૦૬, પાઠશાળા પ્રકાશન, પૃ. ૧૧૧, રૂ. ૨૫/-. **આપણને કોણ જોઈએ ? મેકોલેપુત્ર કે મહર્ષિપુત્ર :** ડૉ. હર્ષદ પંડિત, સંસ્કાર ગુર્જરી ગુજ. પ્રદેશ, ૨૦૦૪, પૃ. ૭૦, રૂ. ૧૫/-. **કલમ ઉઠાવે અવાજ :** શ્રેણિક દલાલ, ૨૦૦૬, એન. એમ. ઠક્કરની કંપની, મુંબઈ, પૃ. ૩૩૮, રૂ. ૨૫૦/-. **વિશ્વસાહિત્યના નોબેલ પારિતોષિક વિજેતા અને અન્ય સર્જકો :** બળવંત નાયક, ૨૦૦૬, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, પૃ. ૨૭૮, રૂ. ૧૫૦/-. **વાચા ફૂટી વૃક્ષોને :** જનક દવે, ૨૦૦૭, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, પૃ. ૯૮, રૂ. ૭૦/-. **અયોધ્યાકાંડ :** અનુ. મહેન્દ્ર અ. દવે, ૨૦૦૬, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૩૬, રૂ. ૬૦/-. **ઔદ્યોગિક જીવનમાં આધ્યાત્મિકતા :** વિમલા ઠકાર, ૨૦૦૭, વિચારવલોણું પરિવાર, પૃ. ૯૬, રૂ. Nil.

## સમીક્ષા/ગ્રંથાવલોકન

# કેટલીક, પણ નોંધપાત્ર વાર્તાકૃતિઓ... | રાધેશ્યામ શર્મા



[**'અહા, કેટલી સુંદર !'** : લે. રજનીકુમાર પંડ્યા, પ્ર. ભારતી ર. દવે, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમરોડ, અમદાવાદ-૯, આવૃત્તિ : ૨૦૦૬, પૃ. ૧૫૧, કિં. રૂ. ૮૦/-]

વાર્તાસંગ્રહનું 'આસ્વાદલક્ષી ગ્રન્થાવલોકન' કરવું હોય તો કેટલીક સુંદર કે અન્યથા નોંધપાત્ર વાર્તાકૃતિઓ વિશે વાર્તિક અર્પી શકાય. 'અહા, કેટલી સુંદર !' સંગ્રહના વાર્તાકાર રજનીકુમાર પંડ્યાના પૂર્વપ્રકાશિત વાર્તાસંચયોમાં બે મહત્ત્વના હતા 'ખલેલ' અને 'ચંદ્રદાહ.' એ પછી ગુ. સા. પરિષદે પ્રકટ કરેલો આ ત્રીજો સંગ્રહ લેખકની ૨૦ (વીસ) વાર્તાઓ લઈ આવ્યો છે. રજનીકુમારની સંગ્રહસ્થ વાર્તાઓ વાંચતાં-વાંચતાં આ લખનારને લાદિમિર નાબોકોવનું વિધાન અવિરત યાદ આવ્યા કર્યું :

Derivative writers seem versaitile because they imitate many others, past and present. Artistic ariginality has only itself to copy.

સુરેશ જોષી, ચંદ્રકાન્ત બક્ષી કે પંડ્યાને પ્રિય મહમ્મદ માંકડ જેવા વ્યતીત યા વર્તમાન સર્જકોના અનુકરણમાંથી મુક્ત રહી રજનીકુમાર પોતે રચેલી સડક પર ચાલ્યા છે. તે અન્યપ્રભાવિત કરતાં આત્મપ્રભાવિત વધુ છે. એમનું વતન ત્યાંની જીવંત તળપદી ભાષા, પાત્રો, છાપામાં આવતી ઘટનાઓ અને નિજી જીવનને સ્પર્શીને ઝમેલા પ્રસંગો – આ સકલ સામગ્રીને કળથી, કળાથી અને કસબથી ક્યારેક ટૂંકી, ક્યારેક લાંબી કથાઓમાં રૂપાન્તરિત કરવામાં લેખક લગભગ ફાવ્યા છે. સિનેમાલાઇન સાથે લેખકનો ઘરોબો ડોકિયાં કરે જ છે પણ એવા નિરૂપણને સાવ ફિ-લ-મી નહીં કહેવાય. ચરિત્રોનાં વાણી-વર્તનના બાહ્ય આવિષ્કારોમાં, જે તે પાત્રોનાં આંતરિક ચલનવલનની સંકુલતા દર્શાવવામાં વાર્તાકાર કુશળ છે. ટૂંકમાં જોઈએ...

છેલ્લેથી તપાસ શરૂ કરીએ તો 'સમડી' નામની ૧૯ પાનાંની લાંબી વા-ર-તા, લેખકે એમના લેખનકાળની 'સાવ શરૂઆતની વાર્તા એક નમૂના લેખે' મૂકી છે એમાં કોઈએ મોહ-પ્રદર્શનવૃત્તિ દેખાય, પણ હકીકતે પ્રારમ્ભકાળની મુગ્ધતાનો પ્રામાણિક હિસાબ આપવાની દાનત છે. આ નમૂનો, લાશના અસ્તર સાથે ભેદભરમ પીરસતી અને બિમલ રૉયના દિલીપ – દેવદાસની યાદ દેતા નાયકની મનોદશાને અનુ-કરતી લોકારાધનક્ષમ કથા છે.

'અહા, કેટલી સુંદર !' કથામાં જ્યાના પત્રને મધ્યમાં રાખવાની રીતિ સાથે અંતે જ્યાના સામાન્ય રૂપને, સ્વરૂપમુગ્ધ મોહિતભાઈએ 'સુંદર' વિશેષણ 'અહા' ભાવથી





સ્વીકારવું પડે – એવી રચના વિધિવક્રતાને પ્રસ્તુત કરી શકી છે. આના કરતાં 'પેટપછાડ' સંગ્રહની ધ્યાનાર્હ રચના છે. કેરોસીનની એજન્સી ધરાવતા બાપની પછાતો સામેની નફરત વિરુદ્ધ એમનો જ દીકરો (પેટપછાડ રૂપે ?) સૂંડલાવાળી કોમની સુધી સાથે પરણીને જુદો થતાં બાપનો ધંધો પુત્ર મોહનના ખોળામાં આવી પડતાં દુર્વાસા બાપે 'ભાગીદારી'ની યાચના માટે દીકરા પાસે જવું પડે છે. પછાતનું મહિમાગાન કર્યા વગર ધારદાર ચરિત્ર લેખનથી વસ્તુસ્થિત કરુણને શબ્દસ્થ કર્યો છે. નાયક મોહનનું સ્નેહપાત્ર સુધા સાથેનું એક વર્ણન કર્તાની નિરીક્ષણશક્તિનો આસ્વાદ્ય અંશ જુઓ :

> 'બોલતી વખતે હથેળીમાંથી સીંગનાં ફોતરાં ઉડાડે એમ બસ, ભખી જ નાખેલું. પણ એનું આટલું બધું વજન ! એણે જોયું કે ઝક્કડથી સુધીએ સાઇકલની સીટ થામી લીધી હતી. એના પર પરસેવાનાં ટીપાં બાઝી ગયાં હતાં, છેક બ્લાઉઝની કિનારી સુધી. ગળાની નસો તંગ થઈ ગઈ હતી. હૈડિયા પરથી ઊભાં બે સળી જેવાં હાડકાં ઊપસી આવ્યાં. ઝીણી ઝીણી બિંદી ચહેરા પર પણ બાઝી ગઈ. ધારો તો નજરની લીટીને અડકી શકાય એટલી બધી સીધી તીખી નજર : 'સાચીન કે છો ?' (પૃ. ૧૧)

'કંપ' વાર્તામાં પણ ઉજળિયાત વર્ણના નાયક માટે ઉપલી વર્ણની તેમજ નીચલી કોમની એમ બંને સ્ત્રીઓના માનસનું પૂરક અને વિરોધક વર્ણન રસપ્રદ થયું છે. 'હરદીપ' નામનો સસ્પેન્સ સુજ્ઞને ખબર પડી જાય પણ રચનાન્તે 'આન્ટી'ના હાથનો કંપ ભાવક અનુભવી શકશે. 'પેટપછાડ'માં જેમ પુત્ર છે તો 'નરકમાંથી ઉગારનાર' વાર્તામાં મેઘાણીની લેખિનીમાંથી સ્રવેલી તેજસ્વી નાયિકા એક ડૉક્ટરની આગળ પેશ થાય છે રજનીબ્રાન્ડની આધુનિકા રૂપે. તે પતિની પુત્રોત્પાદક મર્યાદાને અંડોળી, અન્ય પુરુષ સાથે પુત્રોત્પત્તિ પૂરતું જ સંભોગસુખ (?) મેળવવાની અસાધારણ નીતિવિધિ અખત્યાર કરે છે એનું આલેખન કથામાં 'કન્વિન્સિંગ' છે.

વાર્તાકારને પુત્રોના-ભાઈઓના ચરિત્રોમાં અધિક રુચિ હોય એવું, ઉપરની બે વાર્તાઓથી અને ત્રીજી 'વારસદાર'થી લાગશે. 'વારસદાર'માં મિલકત માટે સગી વિધવા ભાભીને છેતરીને ગુંડાગર્દી કરતા પુત્ર અશ્વિનને ગોઠવી દેવાના કૌટુંબિક કાવતરામાં અનુકાન્ત ખૂનના ઇલ્જામમાં જેલ સ્વીકારે છે પણ અંતમાં 'વારસદાર' તો મૃત્યુ પામેલ ભાઈનો જ ગર્ભ એમની પત્નીમાં રોપાયો છે ! નવેળીનો અન્ધકાર કથામાં પ્રતીકાત્મક ક્ષમતા દાખવે છે.

ડોશી બની ચૂકેલી નાયિકાની માનસ-મંજૂષામાંથી એનો પતિ, વૃદ્ધાના પૂર્વ ચાહક પ્રેમીનું લગાવ-સંવેદન 'છેલ્લી બાતમી' વાર્તામાં કઢાવતો બતાવ્યો છે ત્યાં ફ્રેન્ડ પતિની 'મેલ જેલસી' સૂક્ષ્મતાથી છતી થઈ છે. પામે છે શું ? 'કબાટમાંથી હાડપિંજર' જેવું ! 'ગોળના ગડવા સામેથી એક મંકોડો ઊંચી સૂઢે પસાર થઈ ગયો', અને 'બાલ્કની બહાર દરિયા ઉપર નજર દૂર લગી લંબાવી' જેવાં ચિત્રો કેથેરાઇન મેન્સફિલ્ડ કે વર્જિનિયા વુલ્ફની કળાકૃતિઓની સ્મૃતિ ઝંકારી જાય અને સરખાવવાનું પ્રલોભન પણ પ્રેરી જાય. (મંકોડા, લેખકના ખ્યાલમાં 'સમડી'વેળાના લાગે. પૃ. ૧૩૭ પર ટોળે વળેલા માણસોને પણ મંકોડાઓ રૂપે નોંધ્યા છે ! પૃ. ૭૫ પર 'વાપસી' વાર્તામાં પણ મંકોડો ધીરે ધીરે એક છોડ પર ચડતો હોવાનું વર્ણન છે.)

'ટોળી' વાર્તામાં એક દાનવીર સિંધી, જેમના કારણે પૂર્વ ઇતિહાસમાં તે 'નિરાશ્રિત' થયો હતો તેવી મુસ્લિમ કોમને મદ્રેસા માટે જમીન આપી દે છે, હિંદુઓને નહીં ! શાથી ? તો દેખો, 'ત્રીજા વરસ પહેલાં જોયેલી મકાન-ધણિયાણીના ખૂબસૂરત ચહેરાની કુરૂપતા !' હિન્દુ વસ્તીએ જે ના આપ્યું તે કપરા કટોકટીકાળમાં એક મુસલમાને મકાન આપ્યું, એટલું જ નહીં એકધારાં સોળ વરસ વાંધાવચકા વિના પાર પાડી આપેલાં ! 'ટોળી'ની જેમ ટોળું પણ 'બ્રહ્મજ્ઞાન' નામની વાર્તાના આરમ્ભ અને મધ્યમાં લલ્લુભાઈના જીવનવળાંકમાં પરોક્ષ ભાગ ભજવે છે. અન્ત ચોટ-દાર છે. સામાજિક કાર્યકર કુંવારી સૂર્યાબહેનને ગાંધીવ્રતી લલ્લુભાઈ સલુકાઈથી પ્રોપોઝ કરે છે ને અણધારી ઝડપથી સૂર્યા જોરદાર થપ્પડ ઝીંકે, પછીનું વર્ણન પ્રમાણો :

"લલ્લુભાઈના મગજમાં અંધારું છવાઈ ગયું. પણ એ અંધારિયા મનમાંય

એકાએક ગુરુ પ્રગટ્યા ને ખડખડ હસ્યા.

ટોળુંય પ્રગટ્યું ને વિખેરાઈ ગયું." (પૃ. ૮૮)

ડ્રાઇવર અને હુંની ભિન્ન ભિન્ન બાધાલક્ષી પ્રસ્તુતિની ટેક્નિકથી સિદ્ધ કથા 'જાવા દ્યો' એના વિશિષ્ટ અંતથી નીખરી છે. નાયકના બસપ્રવાસમાં ભેટી જતો ડ્રાઇવર જ નાયકથી ફારગતી પામેલી પત્નીને જોવા-પામવા જતો હોય છે ત્યારે 'જાવા દ્યો'નું પુનઃ રટણ ધ્રુવપંક્તિ સમું પ્રસરે છે. 'શી ખબર' વાર્તામાં શરૂઆત અને છેલ્લે વરસાદી રેલાના વહેણ-વર્ણનથી વિષય સિદ્ધ થયો છે. 'ધડાકો'માં નાટ્યકાર તિવારી ચુંગી ભરાવવાના આદેશો છોડે ત્યાં ત્યાં આત્મકથાના વળાંક-આંચકાનો અહેસાસ અનુભવાય છે. પણ વાર્તાકાર પ્રોલિફિક કલમબાજ હોવાની આદતના અણસાર પણ જાણ્યે-અજાણ્યે આપે છે. વાચકની ઉત્સુકતાને ચૂંટી ખણી ઉશ્કેરવા જેવું પણ થઈ જાય છે. દા.ત.

"ઉષારાનીથી વાંચતાં વાંચતાં કપાળ પરનો પરસેવો સહજપણે જ લુછાઈ ગયો. જાણતા હતા એટલે ? શું ? શું ? શું ?" (પૃ. ૫૧)

'ઇન્ટરવ્યૂ', 'અદલબદલ', 'જીકુભાનો જેજેકાર', 'બે છરીની વચ્ચે', 'એક પૂંછડાનો ફેર' વાર્તાઓ, સમકાલીન જીવનતરાહોને અનુલક્ષી ડાબા હાથે પણ લખાય એવી અખબારી આવૃત્તિઓ લાગે. આમાં 'રાજા બોજ' જુદી – મધ્યકાલીન આબોહવા લાવનારી કથા છે. ભોજ-બોજનો પ્રાસ તો સમજ્યા પણ પૂતળી જ્યારે 'રાજન્, આમાં પરિસંવાદ ન કરો, પરાક્રમ ન કરો તો જાણું, જાઓ...' કહે છે ત્યારે રઘુવીર રગમાં રજની પણ નિજી પ્ર-ગતિ કરી શકવાના શહૂર દેખાડી શક્યા છે.

રજનીકુમારની ઉપમાઓ માટે – ભલે ઇશ્કે મિજાજી હોય પણ સાધુ-વાદ પાઠવવા પડે. પાત્રપ્રસંગોચિત થોડાંક ઉદાહરણો માણી જુઓ : 'પણ બન્ને એક એવા બિંદુ પર સંગમ પામતા હતા કે જે બિંદુ – લંગર વગરની નાવ જેવું હતું' (પૃ. ૪૨). 'મધુએ એ શબ્દ સાંભળીને બંદૂકની નાળ જેવી નજરે એના ભણી જોયું' (પૃ. ૬૦). 'સફેદ વાળના એવા બે લચ્છા બહાર આવી ગયા કે ભાઈબંધો કહે છે – ટેક્ષીની બે ફુલ હેડલાઇટ' (પૃ. ૭૯). 'કાયદો, પાળેલા કૂતરાની જેમ ગુરગુરાટી કરતો બે પગ વચ્ચે માથું નાખીને સૂઈ ગયો' (પૃ. ૧૧૭). 'એની જુવાની તેજતડકા જેવી નહીં પણ વાદળિયા તડકા જેવી હતી' (પૃ. ૪૧).



અને છેલ્લે –

"ઝાંપો આખો એક વ્યક્તિની જેમ ઊભો હતો. એમાંય કશું છીનવી શકાય તેમ નહોતું" (પૃ. ૭૬).

વાર્તાકથનની મુદ્રિકામાં જડાઈ ગયેલી આવી ઉપમાઓમાંથી પણ કશું છીનવી ના શકાય...

## નવી દિશા, નવાં ખેડાણની પ્રતીક્ષા | હિમાંશી શેલત

[**ગુજરાતી નવલિકાચયન ૨૦૦૪ :** સંપાદક : ભરત નાયક, પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પૃ. ૨૦૧, કિં. રૂ. ૧૧૫/-]



કેટલાક નવા અથવા ભાગ્યે જ દેખા દેતા વિષયો ગુજરાતી કથાવિશ્વમાં પ્રવેશી રહ્યા છે એનો સંતોષ 'ગુજરાતી નવલિકાચયન ૨૦૦૪'માંથી પસાર થતાં લઈ શકાય. સંપાદક ભરત નાયકને પણ અત્યારે રચાતી વાર્તાઓ માટે મોટી આશા હોવાનું સમજાય છે. એમને જે નોંધપાત્ર લાગ્યો છે તે વાર્તાકારનો ઉદ્યમ : 'આજનો વાર્તાકાર એકની એક પરિચિત પરિસ્થિતિ, સીમિત અનુભવપ્રદેશ સાથે પણ ઊંડાણ તાગવા ઉદ્યમી જણાયો છે.' આ ઉદ્યમનાં ફળ કેવાં છે એ જોવામાં વાર્તાચાહકોને રસ પડશે. વિષયવસ્તુ કે રજૂઆતના નાવીન્યને કારણે આકર્ષક બનેલી વાર્તાઓ 'ઇસ કી મા કા સુંદરજી' (મહેન્દ્રસિંહ પરમાર), 'યાર્ડમાં પડેલી માલગાડી' (દીવાન ઠાકોર) કે 'હરિકૃપા ફ્લૅટમાં વરસાદ પડ્યો' (મનીષી જાની) અહીં મોજૂદ છે. સામે છેડે ચરિત્રાલેખનથી આગળ વધવા મથતી છતાં એમ કરવામાં સફળ ન થતી રચના 'વનવગડાનો માણસ' (ઇવા ડેવ) પણ હાજર છે. સુમન શાહની જે વાર્તાસૃષ્ટિનો વાચકને પરિચય છે તેનાથી સાવ અલગ પડી જતી 'ખંજર' અહીં સમાવિષ્ટ છે, તો આધુનિક કથનરીતિ સાથે અનુસંધાન કરતી 'વિન્ડોબ્લાઇન્ડ' (બાબુ સુથાર) ભાવકને પડકારી રહી છે.

નગરજીવન અને ગ્રામજીવન – બંને લગભગ સરખે ભાગે આ સંચયમાં વિસ્તર્યાં છે. સમકાલીન સર્જકોને માથેથી એક મહેણું તો ટળ્યું કે એમની નજર હરીફરીને શહેરી જીવનની સમસ્યાઓને જ ખોતર્યા કરે છે. અહીં ગ્રંથસ્થ લગભગ બધી જ કથાઓ નિયતિ અને સ્થળકાળ સામે લાચાર બનેલા, થાકેલા અને હારેલા માનવીની આસપાસ ગૂંથાયેલી છે, પછી એ છેવાડાના સમુદાયની 'ઉજાગરા' (જિતેન્દ્ર પટેલ) અને 'દાણાપાણી' (નવનીત જાની) હોય કે પછી વિકસિત ઝળહળ નગરના અંધારા ખૂણાની 'ખંજર' (સુમન શાહ) યા હતાશાની 'કકુ – એક અનુબંધ' (હરીશ નાગ્રેચા) હોય. દેશ વા પ્રદેશની સામાજિક – રાજકીય બેહાલીની અસર હેઠળ જીવતા સમુદાયનું ઝાંખુંપાંખું ચિત્ર તો આ વાર્તાઓ ધરે જ છે. સમૃદ્ધિ અને પ્રગતિના લાખ દાવા છતાં ઊંડા મંદવાડથી પીડાતો સમાજ સર્જકને દેખાય છે એ આશાસ્પદ ચિહ્ન છે. હજી ઘણું ઘણું જોવાનું ચૂકી જવાયું છે તોયે આટલું

કંપન છે તો કાલે વિસ્ફોટ પણ થાય.

કેટલીક બળબળતી સમસ્યાઓયે સર્જકને હાથ ચડી છે જેમકે કોમી તંગદિલીનો તાપ વેઠતું ઝુબેદા-કલ્લોલનું દાંપત્ય 'આ ઝુબેદા, આ કલ્લોલ'માં (શિરીષ પંચાલ) ઝિલાયું છે. પતિ-પત્ની વચ્ચે જે તંગ મનોદશા સર્જાય છે એનું એક કારણ તો બહારનો દાવાનળ છે, છતાં એ ભભૂકતી આગનો સ્પર્શ વાર્તામાં કેમ સાવ ઉપલક અને અછડતો જ જણાય છે એ સમજાતું નથી. 'માત્ર માણસની આંખ જ ત્રાંસી થઈ હતી અને એટલામાં જ ચારે બાજુ અગન- જ્વાળાઓ પ્રગટી ઊઠી' કે 'બહાર તોફાનો ફેલાતાં જ રહ્યાં' જેવાં વિધાનો પેલી ભયાનક સ્થિતિનો અંદાજ આપવાની તાકાત ધરાવતાં નથી. વાર્તાને એથી સીધું નુકસાન થયું છે, બહારનાં રમખાણો સાથોસાથ પ્રસરતો નાયક-નાયિકાનો અજંપો ધારદાર બની શકતો નથી. વળી એક અતિશય સંકુલ અવસ્થાના વિસંવાદને અત્યંત ઝડપી અને સાવ સરળ સંવાદમાં પલટી દેતો વાર્તાનો અંત ભાવકને નિરાશ કરે છે અને આશ્ચર્યમાં પણ મૂકી દે છે.

સંપાદકને મતે 'આજની આપણી વાર્તાનો એક વધુ પ્રબળ અવાજ બાબુ સુથાર છે.' આ પ્રાબલ્યને પામવા ભાવક પ્રવૃત્ત થાય અને પછી એમાં ફાવટ ન આવતાં સંપાદકીયની આંગળી ઝાલે એ સ્વાભાવિક છે. પણ સંપાદકે તો કોઈ એક કાળે 'વિન્ડોબ્લાઇન્ડ'ના કુળની કથાઓ મૂલવવામાં વિવેચકો જે ભાષા પ્રયોજતા એવી ભાષા જ અહીં ઉપયોગમાં લીધી છે. 'વાર્તાઓનું કથન એક વિદગ્ધનાં સંવેદનોથી' રસાયેલું છે, અને એમાં 'કાવ્યના અંશો અને ચિંતન અને એવા સંદર્ભો વિશેષ ગુણ રૂપે આવતા હોય છે કેમકે ત્યાં તત્કાલીન સ્થળ-કાળને અનુરૂપ અર્થઘટન અથવા પુનર્અર્થઘટન થતું હોય છે' (પૃ. ૧૭) વગેરે નિરીક્ષણો તથા લાંબી વિગતો (વાર્તામાંથી) આપ્યા બાદ 'આ બધી વિગતો કલ્પનોખચિત, સરૂરિયલ લાગતી આધુનિક કથનરીતિની સામગ્રી છે' એમ સંપાદકે કહ્યું. બરાબર, સો ટકા સાચું, પછી ? વાર્તાનું પોત જોવા વ્યાકુળ ભાવક છેવટે વિચારશે કે આ તો વિદગ્ધનાં સંવેદનો, એટલે વિદગ્ધને સમજાય. 'કથાનાયક કંટાળો ટાળવા, એકલતા ભાંગવા અથવા જિજ્ઞાસા સંતોષવા જે ક્રિયામાં પરોવાય છે એમાંનું જગત પણ છેવટે તો એકવિધ, રેઢિયાળ જ બની રહે છે : શેષ જે બચી રહે છે એ માત્ર કુતૂહલ, આ કુતૂહલ જ વાર્તાનું જીવતું તત્ત્વ છે.' એવી સ્પષ્ટતા સંપાદકે તો કરી, પણ વાર્તા છેવટ સુધી વંચાય એટલું કુતૂહલ વાચક પોતાના માંહ્યલામાં જીવતું ભાળે છે કે કેમ, તેનો ઉત્તર એણે સ્વયં, પૂરી ઈમાનદારીથી, આપવાનો.

કિશોર જાદવની 'એ લિફ્ટ સ્વર્ગથી ઊતરી' એક તિલસ્મી દુનિયા ઊભી કરે છે. અહીં 'યથાર્થ અને ભ્રાન્તિવાળું જીવનદર્શન છે છતાં વાર્તાકાર સ્થળ-કાળનાં વર્ણનોને વાસ્તવદર્શી અને નક્કર બનાવી શક્યા છે એવા સંપાદકના નિરીક્ષણ સાથે અસંમત થવાનો સવાલ નથી. એ પછી સંપાદક નોંધે છે કે 'અતિવાસ્તવના અંશો અહીં વાર્તાના તર્કસંગત વિકાસમાં સહાયક બને' છે (પૃ. ૯). વાર્તાને સુસંગત નીવડતા અને તર્કસંગત વિકાસમાં મદદરૂપ બનતા અંશોને અતિવાસ્તવ કહેવાય કે કેમ, એ મુદ્દો વિદગ્ધોને સોંપીને ભાવક કિશોર જાદવની ગદ્યછટાને માણી શકશે. વાર્તા અથથી ઇતિ જે સમજાય તે, પરંતુ અહીં વાર્તાકારના ગદ્યનું આકર્ષણ અવશ્ય અનુભવી શકાય.

વાર્તાકલાનું ગંભીરપણે આરાધન કરનારા સર્જકોમાંના કેટલાક અજિત ઠાકોર,



પ્રવીણસિંહ ચાવડા, સુમન શાહ અને હરીશ નાગ્રેચા પોતપોતાની વાર્તાકલા અને સજ્જતાનો પરિચય એમની કૃતિઓમાં આપી શક્યા છે. નવી પેઢીના વાર્તાકારો નવનીત જાની, હેમાંગિની રાનડે, કંદર્પ દેસાઈ અને જિતેન્દ્ર પટેલ ભાવકોને નિરાશ નથી કરતા.

સંપાદનની ગુણવત્તા, કે સંપાદકની કુશળતા સાથે સંબંધ ન ધરાવતી, છતાં તક મળી જ છે તો જરા ઉલ્લેખ કરી દેવા જેવી, એક બાબત નોંધવાની ઇચ્છા છે. આપણે હવે લેખિકાઓ વિશે વાત કરતાં એમની સરખામણી કે એમની નોંધ અન્ય લેખિકાઓ કે એમનાં જૂથ સંદર્ભે ન કરીએ તો વધારે સારું ન ગણાય ? જેમકે અમુક-તમુક લેખિકાને સરોજ પાઠક કે ધીરુબહેન પટેલ સાથે કે (અન્ય કોઈ) લેખિકાઓ સાથે જોવામાં આવે. આમ કરવાથી સરવાળે એવી છાપ ઊભી થાય કે 'મહિલા સર્જકોમાં નોંધપાત્ર' પણ 'સમગ્ર સર્જક સમુદાય'ની આ વાત નથી. મૂલ્યાંકન વખતે લેખિકાને માત્ર લેખિકાઓ સંદર્ભે જ યાદ કરવાની પ્રથા છોડવી જરૂરી છે, એનાથી એમની આસપાસ એક વર્તુળ દોરાઈ જાય છે.

'ગુજરાતી નવલિકાચયન ૨૦૦૪' સંપાદકની રુચિના વ્યાપનો અને રસજ્ઞતાનો પર્યાપ્ત પરિચય આપે છે. એમણે સંપાદકીયમાં પ્રત્યેક રચનાની વિશિષ્ટતાઓ, સર્જકની કલાસૂઝ અને ક્યાંક ક્યાંક કઠતી મર્યાદાઓનો વિશદ આલેખ આપ્યો છે. 'દાણાપાણી'માં નવનીત જાનીની પ્રશંસા કરતાં એ કહે છે : 'કોઈ કુશળ ગઢવીની હબકથી જાણે રસનિષ્પત્તિ સાધી આપતી લોકકથા કહેવાતી હોય એવું આ વાર્તાનું ઋત છે.' (પૃ. ૧૩). અજિત ઠાકોરની વાર્તાકલા વિશે એ નોંધે છે :

'કલ્પનોનું ગઠન, કાવ્યમય વિચાર, આત્મીયતાભર્યો સૂર (ટોન), વિષાદી આબોહવા – અજિત ઠાકોરની વાર્તાશૈલીની આ બધી રસકીય સામગ્રી છે. (પૃ. ૧૩). જિતેન્દ્ર પટેલની વાતોની ખૂબી દર્શાવ્યા પછી વાર્તાકાર પર, એમની કથનરીતિ પર પન્નાલાલના લહેકા અને કાકુઓનો દાબ વર્તાય છે એ સંપાદક નોંધવાનું ચૂક્યા નથી. કશું ઊડઝૂડ કે અડધુંપડધું ન રાખતાં (બે વિશિષ્ટ રચનાઓને બાદ કરતાં) ભાવક અને સર્જક વચ્ચે સંપાદકે સેતુ સર્જ્યો છે. એમને એવી પ્રતીતિ છે કે 'અંગત ઇતિહાસમાંથી ૨૦૦૪ની વાર્તા પૂરા સામર્થ્યથી બહાર આવી છે. આ જ વાર્તાકાર આઘેનું અને ઊંચેનું જોવા પ્રેરાશે તો ગુજરાતી વાર્તાનું ભાવિ વધારે ને વધારે પેલા બૃહદજીવનના વ્યાપ અને ઊંડાણ તાગી લાવશે.' (પૃ. ૫)

– પણ છેવટે તો આ બાબત 'જો' અને 'તો'ની છે, અને બે વચ્ચે ઠીક ઠીક અંતર છે. આઘેનું, ઊંચેનું, આસપાસનું અને સાવ પડખેનું જોવા-અનુભવવામાં સીધું દાવાનળમાં જ પેસવું પડે. શુદ્ધ વિદગ્ધતા અને નિષ્ઠાભર્યા ઉદ્યમની સાથે, અને પછી એને વળોટીને, બીજું ઘણું હાંસલ કરવું પડે, ચોંટેલું, વળગેલું, નિર્જીવ અને નિરર્થક કંઈ કેટલુંયે ખંખેરવું પડે. આ માટે જે સાહસ અને સ્વતંત્રતા મેળવી શકાશે તે પર ભાવિની વાર્તા નિર્ભર છે. વાર્તાઓ સફળ કે વાચનક્ષમ બનીને, ગદ્યની ચમત્કૃતિ સાધીને, કે માયાવી સૃષ્ટિ રચીને, અટકી નથી જવાનું. એક પ્રાણવાન રચના વાર્તાકારના સામર્થ્યનો પરિચય આપીને અટકી નથી જતી, એ તો પોતાના સાંસ્કૃતિક અને રાજકીય સમયનો ધબકતો અરીસો છે. ૨૦૦૪થી વાર્તા સાચા અર્થમાં કેટલી વિસ્તરે છે, આગળ વધે છે, એની પ્રતીક્ષા કરીએ.



# પરિષદવૃત્ત

**સંકલન : અનિલા દલાલ**

## ગની દહીંવાલા સ્મૃતિ વ્યાખ્યાનમાળા

ગની દહીંવાલા વ્યાખ્યાનમાળા અંતર્ગત કવિશ્રી સંજુ વાળાએ તા. ૨૮-૪-૦૭ના રોજ રાજકોટમાં 'ગુજરાતી ગઝલના તબક્કા અને વિકાસ' વિષય પર અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે ૧૨૫ વર્ષની ગઝલની વિકાસયાત્રાને ચાર તબક્કામાં ગોઠવી હતી. એમાં પ્રથમ તબક્કામાં ૧૮૮૭થી બાલાશંકર કંથારિયાથી શરૂ થયેલા ગઝલના પ્રારંભકાળની વાત કરી હતી. બીજો તબક્કો શુદ્ધ ગઝલસ્વરૂપનો બતાવીને 'ઘાયલ', 'મરીઝ', 'શૂન્ય'ના સર્જનની વાત કરી હતી. જ્યારે ત્રીજા તબક્કામાં આદિલ મન્સૂરીથી શ્યામ સાધુ સુધીની આધુનિક ગઝલની વિશેષતા અને મર્યાદા દર્શાવી હતી. ચોથા તબક્કાનો ખ્યાલ આપતા અજાણ તૂકબંધકો અને છૂટક શેર-આસ્વાદકોનું ટોળું મળીને ગઝલને બીજી દિશામાં ઢસડી ગયું છે તેની ચિંતા પ્રગટ કરવાની સાથે એમાં કેટલાક અવાજો સારી રીતે કામ કરી રહ્યાનો આનંદ વ્યક્ત કર્યો હતો. ગઝલસર્જનના વળાંકોમાંથી નિષ્પંદિત થતું કાવ્યતત્ત્વ એમણે બતાવી આપ્યું હતું.

પરિષદપ્રમુખ શ્રી કુમારપાળ દેસાઈએ ગઝલના વિવિધ પ્રેરણાસ્રોતોને તારવી આપ્યા હતા. અત્યારે ગુજરાતી સાહિત્યમાં ગઝલયુગ ચાલે છે એમ કહી શકાય. પણ આ અત્યંત સરળ પણ અતિ મુશ્કેલ કાવ્યપ્રકારમાં સતત જોવા મળતી પ્રયોગશીલતા અને નવી ચેતનાના પ્રાગટ્ય તરફ એમણે ધ્યાન દોર્યું હતું. કાર્યક્રમના પ્રારંભે શ્રી રાજેન્દ્ર પટેલે ગઝલના પ્રારંભકાળનો પરિચય આપીને ગની દહીંવાલાની ગઝલસેવાનું સ્મરણ કર્યું હતું તેમજ પરિષદ ભવનમાં શરૂ થનારા દશ્ય-શ્રાવ્ય કેન્દ્રની અને પરિષદના ગ્રંથાલયમાં થનારા ડિજિટાઇઝેશનનો ખ્યાલ આપ્યો હતો.

શ્રી રતિલાલ બોરીસાગરે લોકાભિમુખ થતી પરિષદની પ્રતિબદ્ધતાની વાત કરી હતી. આ કાર્યક્રમનું સહજ અને સુંદર સંચાલન શ્રી યજ્ઞેશ દવેએ કર્યું હતું. આ સમયે રોટરી મિડટાઉનના આયોજકોએ રાજકોટમાં પરિષદના કોઈ પણ કાર્યક્રમ માટે સહયોગ આપવાની તત્પરતા દાખવી હતી.

## 'સાહિત્યસર્જકોના સાન્નિધ્યમાં' પુસ્તકનું વિમોચન

વિવેકાનંદ રિસર્ચ ઍન્ડ ટ્રેઇનિંગ ઇન્સ્ટિટ્યૂટના યજમાનપદે ડિસેમ્બર ૨૦૦૬માં યોજાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના જ્ઞાનસત્રના ત્રિદિવસીય કાર્યક્રમના દસ્તાવેજી સંભારણારૂપ 'સાહિત્યસર્જકોના સાન્નિધ્યમાં' પુસ્તકનું ૨૯-૪-૦૭ના રોજ વિમોચન રાખવામાં આવ્યું. માંડવીના ગોકુલ રંગભવનમાં યોજાયેલા આ કાર્યક્રમમાં દીપ-પ્રાગટ્ય બાદ ગોરધનભાઈ પટેલ 'કવિ'એ કહ્યું હતું કે પરિષદના શતાબ્દી જૂના ઇતિહાસમાં એના



મહત્ત્વના કાર્યક્રમનું દસ્તાવેજીકરણ કરવાનું આ સૌથી પહેલું કદમ ગણાશે. કાર્યક્રમના સંચાલક હરેશભાઈ ધોળકિયાએ પુસ્તકની ભૂમિકા બાંધતાં કહ્યું હતું કે જ્ઞાનસત્રમાં રજૂ થયેલાં પ્રવચનો, અહેવાલો ઉપરાંત એના અખબારી અહેવાલો અને મંતવ્યોને પુસ્તકદેહ આપીને અહીં દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે, તેથી આ પુસ્તક સંશોધકોને માટે ઉપયોગી બનશે. કાર્યક્રમના અધ્યક્ષ શ્રી કાન્તિસેનભાઈ શ્રોફે પરિષદે જ્ઞાનસત્ર યોજવાની આપેલી તક માટે આભાર પ્રદર્શિત કરતાં ભવિષ્યમાં પણ પ્રતિવર્ષ એક કાર્યક્રમ પરિષદ દ્વારા યોજાય એવી ભાવના પ્રગટ કરી હતી. પુસ્તકનું લોકાર્પણ કરતાં પરિષદપ્રમુખ શ્રી કુમારપાળ દેસાઈએ જણાવ્યું કે દસ્તાવેજીકરણની આવી સૂઝ જવલ્લે જ જોવા મળે છે. અધિવેશન કે જ્ઞાનસત્ર પૂર્ણ થયા બાદ સી. ડી. પરથી અને લખાણો પરથી આવું પુસ્તક તૈયાર કરીને સાહિત્યક્ષેત્રે દસ્તાવેજીકરણની બાબતમાં નવી દિશા ઉઘાડી છે, વળી 'કચ્છમિત્ર' જેવાં અખબારોની પૂર્તિએ પણ જ્ઞાનસત્ર સમયે એક સુંદર સાહિત્યિક આબોહવા ઊભી કરી હતી. જ્યારે રતિલાલ બોરીસાગરે પુસ્તકને શ્રેષ્ઠ સામૂહિક પ્રયાસ લેખાવતાં જણાવ્યું હતું કે કચ્છ બધી બાબતોમાં માનદંડ પૂરો પાડે છે. એને સફળ જ્ઞાનસત્ર યોજ્યા બાદ પુસ્તક પ્રકાશિત કરીને ઉદાહરણ બેસાડ્યું છે.

આ પુસ્તકમાં જ્ઞાનસત્ર પ્રસંગે થયેલા 'દર્શક ઍવૉર્ડ' અને 'ગૌરવ પુરસ્કાર'ના કાર્યક્રમોનું પણ સંકલન કરવામાં આવ્યું છે. ત્યારે દર્શક ફાઉન્ડેશનના સંયોજક શ્રી મનસુખ સલ્લાએ કહ્યું કે કચ્છના જીવનની ગૌરવપ્રદતાનો ગુજરાતના સાહિત્યકારોને પરિચય થઈ રહ્યો છે. કચ્છી સાહિત્ય પરિષદના અધ્યક્ષ કીર્તિભાઈ ખત્રીએ કહ્યું કે કચ્છ, કચ્છી અને ગુજરાત ભાવનાત્મક ઐક્યથી બંધાયેલા છે. 'સાહિત્ય સર્જકોનાં સાન્નિધ્યમાં' પુસ્તક તેનું પ્રતીક બની રહ્યું છે.

રાજેન્દ્ર પટેલે જણાવ્યું કે માંડવીનું જ્ઞાનસત્ર અમારે માટે ઉમંગસત્ર બની રહ્યું છે. હવે પછીનાં સત્રો માટે એ ભૂમિકા પૂરી પાડશે. આ પુસ્તકના લેખક જશુભાઈ સોની, નિરૂપમ છાયા, હરેશ ધોળકિયા, નીતિન ઠક્કર, નારાયણભાઈ અને કલ્યાણજી સાવલાનું અભિવાદન કરવામાં આવ્યું હતું. તેમજ કચ્છી સાહિત્ય કલાસંગ દ્વારા લેવાતી કચ્છી ભાષાના પારિતોષિકો એનાયત કરવામાં આવ્યા હતા.

## સદ્. વિશ્વનાથ મ. ભટ્ટ વ્યાખ્યાનમાળા

ગુજરાતી સાહિત્ય પરિષદ અને પ્રેમાનંદ સાહિત્ય સભા, વડોદરાના ઉપક્રમે તા. ૮-૫-૦૭ના રોજ સદ્ગત વિશ્વનાથ મગનલાલ ભટ્ટ વિવેચન વ્યાખ્યાનમાળામાં ડૉ. રમણ સોનીએ 'આસ્વાદલક્ષી વિવેચન : ભૂમિકા અને ભયસ્થાનો' વિશે વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે આસ્વાદ અને સમીક્ષા વચ્ચેનો ભેદ પ્રગટ કરીને એમ પણ દર્શાવ્યું કે કાવ્યાસ્વાદ એ પણ જેવીતેવી વાત નથી. સુરેશ જોશી, રાધેશ્યામ શર્મા, ઉમાશંકર જોશી, 'ઉશનસ્', જયંત કોઠારી વગેરેના કાવ્યાસ્વાદોમાંથી દૃષ્ટાંતો લઈને એમણે આસ્વાદ-પ્રવૃત્તિની વિશેષતા સમજાવી હતી. શિક્ષકોએ આ પ્રવૃત્તિમાં વિશેષ રસ લેવો જોઈએ તેમ દર્શાવતા એમણે કહ્યું કે આસ્વાદનું કામ મર્મ-પ્રાગટ્યનું છે. આસ્વાદ સંદિગ્ધ ન હોય અને એમાં અનિયંત્રિત સ્વૈરવિહાર પણ ન જોઈએ. લેખકને અભિપ્રેત ન હોય તેવો અર્થ પણ બળજબરીથી તારવવો જોઈએ નહીં. આ પ્રસંગે પરિષદ-પ્રમુખ શ્રી કુમારપાળ દેસાઈએ શ્રી વિશ્વનાથ ભટ્ટનું સ્મરણ

કરીને એમની વિવેચનપ્રવૃત્તિની વિશેષતા દર્શાવી હતી અને આસ્વાદપ્રવૃત્તિની વર્તમાન સમયમાં કેવી ને કેટલી આવશ્યકતા છે, તે દર્શાવ્યું હતું. જ્યારે રતિલાલ બોરીસાગર, રાજેન્દ્ર પટેલ અને મનસુખભાઈ સલ્લાએ પ્રસંગોચિત વક્તવ્ય આપ્યું હતું.

પ્રેમાનંદ સાહિત્ય સભાના પ્રમુખ શ્રી ચંદ્રકાંત રાવે આવકાર અને પરિચય આપ્યો હતો તથા શ્રી સતીશ ડણાક, જગદીશભાઈ શાહ, ડૉ. વિરંચી ત્રિવેદી અને જય ચોકસીએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યાં હતાં.

## રવીન્દ્ર જયંતી

'રવીન્દ્ર ભવન' અને ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે દર મહિનાના પહેલા બુધવારે રવીન્દ્રનાથ વિશે વાર્તાલાપ યોજાય છે. છેલ્લાં ત્રણેક વર્ષથી સાતમી મે – રવીન્દ્ર-જયંતીની સાંજ રવીન્દ્રનાથના સાહિત્યની સંગતમાં, શૈલેષભાઈ પારેખનાં વૃક્ષોની ઘટાથી આચ્છાદિત અને મયૂરોના કેકારવથી ગુંજતા પ્રાંગણમાં પરમ આનંદમય પળોમાં વીતે છે. પૂર્વે 'ચિત્રાંગદા' અને 'કચ-દેવયાની'ના નાટ્યખંડો વાચિકમ્ રૂપે અને આ વર્ષે રવીન્દ્રનાથની આરંભકાળની રચનાઓ 'ભાનુસિંહેર પદાવલિ'ના ગાન રૂપે હાજર રહેલ પચાસેક ભાવકોએ માણી હતી. કાર્યક્રમના આરંભમાં શ્રી ભોળાભાઈએ ભૂમિકા બાંધતાં કહ્યું કે કવિ જયદેવ અને મધ્યકાલીન વૈષ્ણવ કવિઓની કૃષ્ણકવિતાનો નવીનતમ આવિષ્કાર રવીન્દ્રનાથની 'ભાનુસિંહેર પદાવલિ'ની બાવીસ રચનાઓમાં થયો છે. આ રચનાઓમાં રાધા-કૃષ્ણની પ્રેમ-વિહ્વળ ભાવોર્મિઓ પ્રભુ પરત્વેના અભિસાર રૂપે 'વ્રજબુલી'માં આલેખાઈ છે. રવીન્દ્રનાથે 'ભાનુસિંહ' ઉપનામથી આ રચનાઓ વીસ-બાવીસની વયે લખી છે.

ત્યારબાદ ભોળાભાઈએ સમ્યક્ પ્રકાશન દ્વારા પ્રકાશિત 'પ્રાન્તિક' અને પરિષદ-પ્રકાશનમંત્રી ભારતી ર. દવેએ પરિષદ દ્વારા પ્રકાશિત 'પ્રવચન-શાન્તિનિકેતન' એ બે પુસ્તકો ભગત સાહેબ (નિરંજન ભગત)ને અર્પણ કરીને પ્રકાશિત થયેલાં જાહેર કર્યાં હતાં. આમ રવીન્દ્ર-જયંતીના શુભ દિને રવીન્દ્ર-સાહિત્યનાં બે પુસ્તકોનું વિમોચન થયું હતું. આ પ્રસંગે 'પ્રવચન-શાંતિનિકેતન' ભોળાભાઈને અર્પણ કરવામાં આવ્યું હતું.

એ પછી રવીન્દ્ર-સંગીતના કાર્યક્રમનો આરંભ થયો હતો. સુજ્ઞાબહેન ભાનુસિંહેર પદાવલિનાં કેટલાંક પદોનું પઠન અને તેની વિશેની માર્મિક ટિપ્પણી કરતાં ગયાં અને એક એક પદાવલિના પઠન – પદપરિચય પછી સુચેતાબહેન રૉયના મધુર કંઠે એ પદોનું ગાન થયું. સુચેતાબહેન સાથે સુજ્ઞાબહેન અને શેફાલી પણ સૂર પુરાવતાં હતાં.

શ્રોતાઓએ રવીન્દ્રસંગીત-સંધ્યા તન્મયતાથી માણી હતી.

**– ભારતી ર. દવે**

## પાક્ષિકીમાં વાર્તાચર્ચા

પાક્ષિકીમાં શ્રી વિજય સોનીએ તેમની વાર્તા 'બે સ્ત્રીઓ અને ઉકળાટ' પસંદ કરી હતી. મનીષી જાનીએ વાર્તામાં રહેલા કલાતત્ત્વની ચર્ચા કરી હતી તો દીવાન ઠાકોરે વાર્તાકારના નવીન વિષયવસ્તુ સાથે લેખકે સર્જેલાં શબ્દચિત્રોની નોંધ લીધી હતી.

## સર્જક સાથે સંવાદ

૧૭-૪-૨૦૦૭ના રોજ મળેલ સર્જક સાથે સંવાદ કાર્યક્રમમાં ૧૭ નવોદિત સર્જકો



ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત છંદ-અભ્યાસથી કરવામાં આવી હતી. વસંતતિલકા છંદનું બંધારણ અને કેટલાંક ઉદાહરણ રાજેન્દ્ર પટેલે રજૂ કરેલાં. આગામી કાર્યક્રમમાં કવિમિત્રો આ છંદ પ્રયોજીને કાવ્યરચના કરશે. ત્યારબાદ ચાર સર્જકોએ તેમની કાવ્યકૃતિ રજૂ કરેલી. જ્યારે શ્રી ભજમન નાણાવટીએ તેમની વાર્તાનું પઠન કરેલું. પારુલ દેસાઈએ વાર્તાની રહેલી ખૂબીઓ અને ઊણપો વિશે વાત કરી હતી. જ્યારે લેખકમિત્રોએ ટૂંકી વાર્તાનાં વિવિધ પાસાંઓ અંગે વિચારવિમર્શ કર્યો હતો.

૬ મેના રોજ ભારતીય વિદ્યાભવન, અંધેરી, મુંબઈના રમણીય પરિસરમાં સર્જક સાથે સંવાદ-કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં લેખકોને માર્ગદર્શન આપવા શ્રી હરીશ નાગ્રેચા તથા શ્રી હેમન્ત ધોરડા ઉપસ્થિત રહ્યા હતા. શ્રી જયંતી એમ. દલાલે પરિષદની પ્રવૃત્તિનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમમાં લગભગ ૬૦ સર્જકો ને સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા. આગામી ૩ જૂનના કાર્યક્રમમાં શ્રી અનિલ જોશી તથા શ્રી દિનકર જોશીનું માર્ગદર્શન પ્રાપ્ત થશે.

૧૯ મેના રોજ બાર્ટન લાયબ્રેરી (ભાવનગર)માં યોજાયેલા કાર્યક્રમમાં શ્રી માય ડિયર જયુનું માર્ગદર્શન ઉપસ્થિત નવસર્જકોને સાંપડ્યું હતું. મહેન્દ્રસિંહ પરમાર તથા વિપુલભાઈએ આ કાર્યક્રમને સુંદર ઓપ આપ્યો હતો. ભાવનગરના નવોદિત સર્જકો અને સાહિત્યરસિકોએ આ વિશિષ્ટ કાર્યક્રમને ઉમળકાથી વધાવી લીધો છે.

## બુધસભા

દર બુધવારે સાંજે સાત વાગે પરિષદભવનમાં મળતી બુધસભામાં કવિઓએ એમનાં કાવ્યો રજૂ કર્યાં હતાં તેમજ ૨૫-૪-૦૭ના રોજ શ્રી ધીરુભાઈ પરીખનું અમેરિકન કવયિત્રી એમિલી ડિકિન્સન પરનું વ્યાખ્યાન સહુએ માણ્યું હતું.

## પરિષદના જૂન માસના કાર્યક્રમો

| તારીખ | સમય | કાર્યક્રમનું નામ |
|---|---|---|
| ૫-૬-૦૭ | ૬.૦૦થી ૭.૦૦ | સર્જક સાથે સંવાદ |
| ૧૨-૬-૦૭ | ૬.૦૦થી ૭.૦૦ | પાક્ષિકી |
| ૧૯-૬-૦૭ | ૬.૦૦થી ૭.૦૦ | સર્જક સાથે સંવાદ |
| ૨૧-૬-૦૭ | ૬.૦૦થી ૭.૩૦ | શ્રી ભોળાભાઈ પટેલ અને શ્રી ધીરુ પરીખને સચ્ચિદાનંદ પુરસ્કાર અર્પણ-વિધિ |
| ૨૬-૬-૦૭ | ૬.૦૦થી ૭.૦૦ | પાક્ષિકી |
| ૨૮-૬-૦૭ | ૫.૩૦થી ૭.૦૦ | સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે 'મેન ઍન્ડ બૂક્સ' કાર્યક્રમમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિશ્રી સુદર્શન આયંગરનું વક્તવ્ય |

## ગુજરાતી સાહિત્યના સંશોધકો-સંપાદકો વિશે પરિસંવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાય મંદિરના ઉપક્રમે 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સંશોધકો-સંપાદકો : ઓગણીસમી સદી' વિષય પર તા. ૪-૫ ઑગસ્ટ ૨૦૦૭ના દિવસોમાં એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરિસંવાદમાં સર્વશ્રી પંડિત સુખલાલજી, મુનિ પુણ્યવિજયજી, મુનિ જિનવિજયજી, નર્મદ, નવલરામ, મણિલાલ

નભુભાઈ દ્વિવેદી, નરસિંહરાવ દિવેટિયા, કેશવ હર્ષદ ધ્રુવ, મોહનલાલ દલીચંદ દેસાઈ, મંજુલાલ મજમુદાર, મધુસૂદન મોદી, બહેચરદાસ દોશી અને રા. વિ. પાઠક વિશે વિદ્વાન વક્તાઓ દ્વારા વક્તવ્યો અપાશે. રસ ધરાવનાર સૌને આ પરિસંવાદમાં ઉપસ્થિત રહેવા હાર્દિક વિનંતી છે. પરિસંવાદમાં જોડાવા માટે ૫૦ રૂપિયા નોંધણીશુલ્ક છે તે જાણ માટે.

## એપ્રિલ ૨૦૦૭થી આજ સુધીમાં પરિષદ દ્વારા પ્રકાશિત પુસ્તકોની સૂચિ

| પુસ્તક | લેખક | કિંમત રૂ. |
|---|---|---|
| ડુંગરદેવ | કાનજી પટેલ | ૫૦ |
| સંસ્કૃતિ-સંદર્ભ | સં. રઘુવીર ચૌધરી | ૨૫૦ |
| ઇન્દ્રધનુ | યશવંત કડીકર | ૫૫ |
| નાનાની દુનિયા | યશવંત કડીકર | ૨૪ |
| પ્રવચન-શાંતિનિકેતન | સંપા. અનિલા દલાલ | ૧૧૦ |
| પરબસૂચિ | સંપા. રમેશ ર. દવે | ૨૬૦ |
| ગુજરાતી કવિતાચયન–૨૦૦૫ | સંપા. મણિલાલ હ. પટેલ | ૫૫ |
| ગીતમંજરી | સંપા. ચંપકલાલ મોદી | ૧૦૦ |
| મારા વંશની સ્ત્રીઓ | ઉર્વશી પંડ્યા | ૫૦ |

## પરિષદના આજીવન સભ્યો જોગ...

આદરણીય મુરબ્બીઓ અને મિત્રો,

'પરબ'ના છેલ્લા કેટલાક અંકોથી આપ સૌને ઉદ્દેશીને અપીલ કરવામાં આવી રહી છે. 'પરબ'ના વાર્ષિક સાડાત્રણ લાખના ખર્ચને પહોંચી વળવા તેમજ 'પરબ'ને રૂપરંગ તથા સામગ્રીથી વિશેષ સમૃદ્ધ કરવા પરિષદના દરેક આજીવન સભ્ય પોતે જે રકમમાં આજીવન સભ્યપદ મેળવ્યું હોય તે રકમ અને પરિષદના આજીવન સભ્યપદ માટેની હાલની રકમ રૂ. ૨૦૦૦ વચ્ચેના તફાવતને ધ્યાનમાં રાખી યોગ્ય રકમ પરિષદને મોકલી આપે તેવી પરિષદની વિનંતીનો ઉમળકાભર્યો પ્રતિભાવ સાંપડ્યો છે. કેટલાક સભ્યોએ તો તફાવતની રકમ કરતાં પણ વધુ રકમ મોકલી છે. અત્યાર સુધીમાં આ રીતે પરિષદને રૂ. ૧,૫૨,૩૩૫.૦૦નું દાન મળ્યું છે ને દાનનો આ પ્રવાહ ચાલુ છે.

આ રકમ મોકલાવવાની બાકી હોય તેવા સભ્યોને મારી હૃદયપૂર્વકની વિનંતી છે કે તેઓ સત્વરે પોતાને યોગ્ય લાગે તેટલી રકમનો ગુજરાતી સાહિત્ય પરિષદના નામનો ચેક અથવા આટલી રકમ રોકડેથી મોકલી આપે.

'પરબ'ના મે ૨૦૦૭ના અંકના બદલાયેલાં રૂપ-રંગ આજીવન સભ્યોના ઉત્સાહ અને ઉમળકાને આભારી છે.

**રતિલાલ બોરીસાગર**
વહીવટી મંત્રી



## આગામી પરિષદ પ્રમુખની ચૂંટણી

ગુજરાતી સાહિત્ય પરિષદનાં આગામી બે વર્ષો (ઈ. ૨૦૦૮-૨૦૦૯) માટે પરિષદના બંધારણની કલમ ૯ અન્વયે ચૂંટણી જાહેર કરવામાં આવે છે. પરિષદના પ્રમુખપદ માટે પરિષદની દરેક સભ્યસંસ્થા(જેના ઓછામાં ઓછા પંદર સભ્યો પરિષદનું આજીવન સભ્યપદ ધરાવતા હોય)ને પોતાની પસંદગીનું એક નામ સૂચવવાનો અધિકાર રહેશે. એ જ રીતે પરિષદના કોઈ પણ દશ સામાન્ય સભ્યોને પ્રમુખપદ માટે સંયુક્ત રીતે પોતાની પસંદગીનું એક નામ સૂચવવાનો અધિકાર રહેશે. તેથી સૌ સભ્યોને તથા સભ્યસંસ્થાને વિનંતી કરવાની કે જેઓ નામ સૂચવવા ઇચ્છતા હોય તેઓ સૌ પ્રમુખપદ માટેનું સૂચિત નામ પૂરા સરનામા સહિત **તા. ૧૫-૦૭-૨૦૦૭**ના સાંજના પાંચ વાગ્યા સુધીમાં ચૂંટણી અધિકારીને પરિષદ કાર્યાલયમાં લેખિત રૂપે મોકલી આપે. દર્શાવેલી તારીખ પછી મળેલાં નામો ધ્યાનમાં લેવાશે નહિ.

ઉપરોક્ત પદ્ધતિએ પ્રમુખપદ માટેનાં સૂચિત નામો મળ્યા પછી (૧) જેમનાં નામો સૂચવ્યાં હશે તેમને પત્ર લખીને મતપત્રમાં પોતાનું નામ મૂકવાની સંમતિ માગવામાં આવશે, (૨) પ્રમુખપદ માટેની ચૂંટણીમાં ઊભા રહેવાની જેમણે સંમતિ આપી હશે તેઓને પ્રમુખપદ માટે સૂચવાયેલાં અન્ય નામોની જાણ કરવામાં આવશે, અને (૩) તે પછી જરૂર હશે તો ચૂંટણીનું સમયપત્રક જાહેર કરવામાં આવશે.

**રમેશ બી. શાહ**
ચૂંટણીઅધિકારી
ગુજરાતી સાહિત્ય પરિષદ

## દરિયાપારના દેશોમાં વસતા ગુજરાતી સાહિત્યસર્જકોને

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા દરિયાપારના દેશોમાં વસતા સાહિત્યસર્જકોની વિગતો એકત્રિત કરવામાં આવે છે. આ સાહિત્યસર્જકોએ ગુજરાતી સાહિત્ય પરિષદને નીચેની વિગતો ફોન-ફેક્સ નં. ૦૭૯-૨૬૫૮૭૯૪૭ કે ઈ-મેઈલ gspamd@vsnl.net થી મોકલવા માટે નમ્ર વિનંતી છે.

| | |
|---|---|
| પૂરું નામ : | તખલ્લુસ : |
| જન્મતારીખ : | જન્મસ્થળ : |
| હાલનું વિદેશનું સરનામું : | ફોન નંબર : |
| ફેક્સ નં. : | ઈ-મેઈલ : |
| પ્રકાશિત પુસ્તકો : | સામયિકોમાં પ્રગટ થયેલા મહત્ત્વના લેખો : (સાહિત્યસ્વરૂપ, વિષય, પ્રકાશનવર્ષ સાથે) |
| વ્યવસાય : | અન્ય માહિતી : |

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ડાયસ્પોરા સાહિત્યનો અલગ વિભાગ રાખવામાં આવશે, તો દરિયાપારના સાહિત્યસર્જકોને વિનંતી કે તેઓના પુસ્તકોની એક નકલ પરિષદને ભેટ રૂપે મોકલાવશે તો તે આ અલાયદા વિભાગમાં જળવાશે અને અભ્યાસીઓ અને સંશોધકોને તેનો લાભ મળશે.

## વાત વીસ કલાકની

ઑગસ્ટ ૨૦૦૭ની ૧૧મી અને ૧૨મી તારીખે ગુજરાતી સાહિત્ય પરિષદના રા. વિ. સભાગૃહમાં સાંજે જે નાટ્યોત્સવ ઊજવવામાં આવશે તેમાં આખરે વાત તો વીસ કલાકની જ છે. નવ કલાકનું લેખન અને આવવાજવાનો એક કલાક મળીને જાન્યુઆરી ૨૦૦૭ની ૨૦મી અને ૨૧મી તારીખે જે ૪૪ બહેનોએ ઘરની બહાર વીસ કલાક ગાળ્યા તેમાંથી જે નીપજ્યું તે તમે સૌ જોશો અને આહ્‌લાદ પામશો. કદાચ નવાઈ પણ લાગશે કે આટલી સર્જનાત્મક ઊર્જા આ બહેનોના અંતરના કયા ખૂણે સંતાઈને બેઠી હશે ? એને બહાર લાવવામાં નિમિત્ત છે 'એની સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ'.

લેખનમાં રુચિ અને કૌશલ્ય દાખવનારાં શ્રીમતી એનીબહેન સરૈયાના અવસાન બાદ એમના સ્નેહાળ પતિ અને મુંબઈની તબીબી આલમના સુપ્રસિદ્ધ ગાયનેકોલૉજિસ્ટ ડૉ. ચન્દ્રકાંત સરૈયાએ ગુજરાતી સાહિત્ય પરિષદને પત્નીની સ્મૃતિમાં આપેલા દાન વડે લેખિકાઓને પ્રોત્સાહન આપવાનું કાર્ય છેલ્લાં ત્રણ વરસથી સતત ચાલે છે. સૌથી પહેલાં કાવ્યલેખનને જાહેર સભામંચ પર મૂકવાનું આયોજન થયું જેમાં નામાંકિત અને અજાણી એવી અનેક બહેનોએ ૧૫૦ કાવ્યો લખી મોકલ્યાં અને ડૉ. સુરેશ દલાલના અતિથિવિશેષપદે ૨૬-૬-૨૦૦૪ના રોજ કે. સી. ઘીયા હૉલમાં યોજાયેલા સમારંભમાં એમાંથી કેટલીક કૃતિઓ રજૂઆત પામી અને પુરસ્કૃત થઈ. બહેનોનો ઉત્સાહ જોવા જેવો હતો. પોતાને ખર્ચે બહારગામથી આવેલી અનેક મહિલાઓએ આ અવસર બદલ આભાર અને આનંદ વ્યક્ત કર્યો હતો.

ત્યાર પછી ૬૦,૦૦૦ શબ્દોથી ઓછી નહીં એવી મૌલિક અપ્રકટ નવલકથાઓ રચવાનું કામ બહેનો સમક્ષ મૂકવામાં આવ્યું અને આ પડકાર પણ ઝીલી લઈને ૧૯ બહેનોએ નવલકથાઓ લખી મોકલી. એ માટેનો પુરસ્કાર તા. ૧૯-૧૧-૨૦૦૫ને રોજ મગનલાલ પંચોલિયા સભાગૃહ હૉલમાં ભારતની સુપ્રીમ કોર્ટનાં ભૂતપૂર્વ ન્યાયાધીશ અને ગુજરાતી સાહિત્યમાં બાળપણથી રસ લેનાર શ્રીમતી સુજાતા મનોહરના પ્રમુખપદે યોજાયેલા સમારંભમાં અપાયો અને બહેનોનો ઉત્સાહ દ્વિગુણિત થયો.

પછી આવ્યાં આકરાં ચઢાણ. એકાંકી નાટક રચવાની સ્પર્ધામાં ફક્ત બાર બહેનોએ ભાગ લીધો. અલબત્ત, એના વિજેતાઓને પણ પુરસ્કૃત કરવામાં આવ્યા. પણ એમ લાગ્યું કે નાટ્યલેખનની દિશામાં બહેનોને આગળ વધારવાં હોય તો તેમને વિશેષ તાલીમ આપીને સજ્જતા કેળવવાની જરૂર છે. તેથી એકાંકી નાટ્યલેખનની શિબિરનું આયોજન કરવામાં આવ્યું. તેમાં ૫૨ બહેનોએ રૂ. ૧૦૦ ભરીને પોતાનાં નામ નોંધાવ્યાં અને અંગત કારણોસર આઠ બહેનો ન આવી શક્યાં પણ ૪૪ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો. આ પહેલાં એમને એકાંકી નાટ્યલેખન અંગે વિદ્વાનો પાસે તૈયાર કરાવેલી નોંધ આપવામાં આવી હતી તથા પરિષદના પુસ્તકાલયમાં એ બહેનો ઇચ્છા પ્રમાણે આવીને ત્યાં રાખેલા એકાંકીના સંગ્રહો તથા નાટ્યશાસ્ત્રને લગતાં પુસ્તકો આરામથી વાંચી શકે એવી વ્યવસ્થા રાખી હતી. લેખન દરમ્યાન હાજર રહેનાર નિષ્ણાતો સાથે તેઓ અગાઉથી ચર્ચા કરી શકે એવી સગવડ પણ કરી હતી. આ તમામ તૈયારીને લીધે બહેનો સ્વપસંદગીથી અનેક નવા વિષયોને સ્પર્શની નાટિકાઓ લખી રહ્યાં હતાં. જેમાં કોમી હુલ્લડો, રાહત છાવણી, અગરિયા મજૂરોની હાલાકી,



બારગર્લ, જાતીય સતામણી, ઐતિહાસિક અને મધ્યકાલીન સાહિત્યના પ્રસંગો ઉપરાંત સામાન્ય કૌટુંબિક જીવનની સમસ્યાઓનો સમાવેશ થતો હતો. શ્રી સતીશ વ્યાસ, શ્રીમતી અદિતિ દેસાઈ અને શ્રીમતી હિમાંશી શેલતે શિબિરમાં સતત હાજર રહીને માર્ગદર્શન આપ્યું હતું.

આ નાટિકાઓમાંથી પસંદગી પામેલી – નાટિકાઓનાં લેખિકાઓને વધારે સઘન માર્ગદર્શન આપવા માટે તા. ૨૭-૧-૨૦૦૭ અને ૨૮-૧-૨૦૦૭ને રોજ મુંબઈથી શ્રી નૌશિલ મહેતા આવ્યા હતા અને તેમની સાથેની ચર્ચાવિચારણાથી બહેનોને ઘણું જાણવા મળ્યું હતું.

એક મહત્ત્વનો મુદ્દો એ ધ્યાનમાં આવ્યો કે બહેનોને તેમના રોજિંદા કામકાજ અને જવાબદારીઓમાંથી થોડીક પણ નિવૃત્તિ મળે તો તેઓ સાહિત્યસર્જનમાં ઊંડો રસ લઈ શકે અને તેમના મૌલિક પ્રદાનથી આપણી ભાષાનું ઐશ્વર્ય વધે.

વળી રસોઈની પરીક્ષા જમણવારમાં તેમ નાટ્યલેખનની પરીક્ષા પ્રેક્ષાગારમાં એટલે જશવંત ઠાકર મેમોરિયલ ફાઉન્ડેશનના સહયોગથી બહેનોના આ શ્રમયજ્ઞમાંથી નિપજેલી અને નીવડેલી ત્રણ નાટિકાઓ ૧૧-૮-૨૦૦૭ને શનિવારે રા. વિ. પાઠક સભાગૃહના મંચ પર રજૂ થશે અને બાકીની – નાટિકાઓનું પરિષદના પ્રાંગણમાં રવિવાર તા. ૧૨-૮-૨૦૦૭ના રોજ કલાકારો દ્વારા પઠન થશે.

લેખિકાઓના અને પરિષદના સતત ઉત્સાહ અને ખંતના ફળસ્વરૂપ આ નાટ્યપ્રયોગ નિહાળવા આપ સૌ હાજર રહેશો તો જ સાર્થક થશે અમારી **વાત વીસ કલાકની.**

## એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિના ઉપક્રમે આ વર્ષે વાર્તાલેખન-સ્પર્ધા

ગુજરાતી સાહિત્ય પરિષદની એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિના ઉપક્રમે આ વર્ષે વાર્તાલેખન-સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. વાર્તાલેખન-સ્પર્ધાના નિયમો આ પ્રમાણે છે :

(૧) આ સ્પર્ધામાં કોઈ પણ બહેન ભાગ લઈ શકશે.

(૨) ગુજરાતી ભાષામાં લખાયેલ, મૌલિક, અપ્રગટ, ૩૫૦૦ શબ્દોથી વધુ નહીં એવી વાર્તા મોકલી શકાશે.

(૩) વાર્તા મોડામાં મોડી ૧૬ ઑગસ્ટ ૨૦૦૭ સુધીમાં ગુજરાતી સાહિત્ય પરિષદના સરનામે મળી જવી જોઈએ. કવર ઉપર 'એનીબહેન સરૈયા વાર્તાલેખન-સ્પર્ધા' એવા નિર્દેશ સાથે ગુજરાતી સાહિત્ય પરિષદનું સરનામું લખવું.

(૪) વાર્તા કાગળની એક બાજુ ટાઇપ કરેલી હોવી જોઈએ.

(૫) લેખિકાએ પોતાની નકલ પાસે રાખવી. સ્પર્ધામાં મોકલેલી નકલ પરત કરવામાં આવશે નહીં.

(૬) પરિષદે નીમેલા નિર્ણાયકોનો નિર્ણય તમામ સ્પર્ધકો માટે અંતિમ અને બંધનકર્તા ગણાશે તથા તે વિશે ચર્ચા થઈ શકશે નહીં.

(૭) પ્રથમ કૃતિને રૂ. ૫૦૦૦, દ્વિતીય કૃતિને રૂ. ૪૦૦૦ અને તૃતીય કૃતિને રૂ. ૩૦૦૦ પુરસ્કાર આપવામાં આવશે.

(૮) પારિતોષિક વિતરણ સમારંભમાં હાજર રહેવા માટે કોઈ પણ પ્રકારનો ખર્ચ આપવામાં આવશે નહીં.

## 'પરબ' અપીલ પેટે મળેલ દાનની વિગત

| ક્રમ | નામ | ગામ | રકમ (રૂ.) |
|---|---|---|---|
| ૧. | રાજેન્દ્ર શાહ | મુંબઈ | ૫,૦૦૦ |
| ૨. | નિર્મલા પી. શિંગલા | મુંબઈ | ૨,૦૦૦ |
| ૩. | ભાનુપ્રસાદ પંડ્યા | રાજકોટ | ૫૦૦ |
| ૪. | મનુભાઈ અમીન | અમદાવાદ | ૧,૦૦૦ |
| ૫. | રમણીકભાઈ પીઠડિયા | અમદાવાદ | ૨૫૧ |
| ૬. | રાજેશ શાસ્ત્રી | અમદાવાદ | ૫,૦૦૦ |
| ૭. | કુમારપાળ દેસાઈ | અમદાવાદ | ૪,૦૦૦ |
| ૮. | દર્શના ધોળકિયા | ભૂજ | ૨,૦૦૦ |
| ૯. | ભૂપેન્દ્ર શેઠ | જામનગર | ૧,૦૫૧ |
| ૧૦. | નરેશ ભટ્ટ | વલસાડ | ૫૦૦ |
| ૧. | હરિશ્ચંદ્ર ભટ્ટ જન્મશતાબ્દી સ્મૃતિ : હ. શ્રી પન્નાબહેન ડી. શુક્લ | મુંબઈ | ૧૦,૦૦૦ |
| ૨. | મીરાંબહેન વૈદ્ય : (નવોદિત કવિનો પ્રથમ કાવ્યસંગ્રહ પ્રકાશિત) | મુંબઈ | ૧૧,૦૦૦ |

### ગોવર્ધનભવન નવનિર્માણ માટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી અરિહંત બિલ્ડર્સ | અમદાવાદ | ૫,૦૦૧ |

### આધુનિકરણ અંતર્ગત કમ્પ્યૂટર માટે મળેલ દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | એચ. દેસાઈ એન્ડ કું. | અમદાવાદ | ૫,૦૦૦ |


**સર્જન અને સાહિત્ય**

(દસ્તાવેજી ફિલ્મ શ્રેણી)

**મકરન્દ દવે, રાજેન્દ્ર શાહ,**
**મનુભાઈ પંચોળી 'દર્શક'**

**ŸÃ¹åÍÜ` : ÆÒåïÜÃÍÑÜ`**

: પ્રાપ્તિ :

**ગુજરાતી સાહિત્ય પરિષદ કાર્યાલય / ગ્રંથાગાર**

આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

**¹Óå`õÜß. ²ß.ÃÜÜ ÏÜçÜé. 60/–**






## પત્રસેતુ

તંત્રીશ્રી,

માર્ચ ૨૦૦૭ના અંકમાં પરિષદપ્રમુખ કુમારપાળ દેસાઈનો પત્ર ધ્યાનાકર્ષક છે. અનાવિલોના રીતરિવાજનો અભ્યાસ કરતું પુસ્તક 'પારણાથી પાલખી' (જન્મથી મૃત્યુ સુધીના સંસ્કારો) જ્યારે મેં તૈયાર કરેલું ત્યારે એવા અનેક શબ્દો અને તેની સાથે જોડાયેલ અર્થધ્વનિ – વિધિઓ ધ્યાનમાં આવ્યાં હતાં જેના કારણે 'સંસ્કારવિધિ'નું હાર્દ સમજવાની જિજ્ઞાસા વધતી જ રહેલી.

એમના લેખમાં 'મોભ' અને 'મોભી' શબ્દ છે. સીમન્તસંસ્કારના લૌકિક રિવાજમાં પુત્રવધૂ 'સૂપડાં લઈ' શ્વસુરગૃહે આવે ત્યારે સાસુ ઘરના 'મોભ' નીચે બેસી પુત્રવધૂનું 'પગલાગણું' અને અન્ય ભેટસોગાદ સ્વીકારે. વિધિમાં 'મોભ'નું જે મહત્ત્વ છે તેનું અર્થઘટન એવું છે કે ઘઉં ભરેલાં સૂપડાં સમૃદ્ધિની ઇચ્છાના સૂચક, સીમંત વંશવૃદ્ધિનો સૂચક અને મોભ ઘરના આધારભૂત ટેકાનો સૂચક છે. વંશવૃદ્ધિ થાય ત્યારે સમૃદ્ધિ વધે અને ઘરનો આધાર-મોભ-મોભી સલામત રહે એ ઝંખના વ્યક્ત થાય છે. વિધિનું નામ છે 'ધારણ કરવું.' ધારણનો અર્થ 'મોભ' થાય છે. આ તર્ક ઉશનસ્‌નો છે. કહેવાનું એમ છે કે હવે વિધિ રહે છે. અર્થ સમજાતા નથી. અનાવિલોમાં જ વધારે પ્રચલિત હોય એવા શબ્દોનો સંગ્રહ હાલ અનાવિલોના માસિક 'જય શુક્લેશ્વર'માં પ્રગટ થઈ રહ્યો છે. વિધિવિધાન સાથે જોડાયેલા અનેક શબ્દોની સંક્ષિપ્ત ઉદાહરણરૂપ યાદી કંઈક આવી છે. 'દોહદ' (બે હૃદય), 'દશિયા ચરવા જવું' (દશ જમણ જે લગ્ન બાદ વરકન્યાને નિકટના સ્વજનો દ્વારા પરિચિતતા કેળવવા અપાય છે), 'ડામણ-ડગલાં' મૂળ શબ્દ દામન – પાલવ જેનો વિધિ છે પાલવમાં રાખેલા પૈસા સીમંતિની જ્યારે સીમંતવિધિ માટે નવણે નાહી (સ્નાન કરી) રેડ કાર્પેટ (અહીં સાડીઓ પાથરવામાં આવે છે) પર ધીમે ધીમે પગલાં ભરતી ચાલે છે ત્યારે દરેક પગલે પૈસા વેરે છે જે એના પિયર તરફથી નણંદોને મળતો લાગો છે. 'બુસટિયા'ને અપાતો લાગો જેમાં નાના ભાણેજ-ભત્રીજા દ્વારા સગર્ભા મામી કે કાકીને મરાતી હળવી લપડાક – મૂળ શબ્દ બૂસટ. અનાવિલ અપભ્રંશ ''બુહેટિયો''. નિર્દોષ મજાક જેવી રીત છે જેમાં બુહેટિયા જેવું બાળક જન્મે તેવી આશા અભિપ્રેત છે. 'ગળથૂથી' મૂળ વિધિ મધુપ્રાશન જેનો સંબંધ 'જાતકર્મ સંસ્કાર' છે. 'બારસાખ – દ્વારશાખા પૂજન' અપભ્રંશ 'બારહાખ પૂંજા' છે. બારસાખ ઘરનું મુખ્ય પ્રવેશદ્વાર. 'ખાળપૂજા', 'ખાટલાપૂજા' પણ છે. 'ચાચરપૂજા' અને બળદગાડાનાં પૈડાં પર પાણી રેડવાના વિધિઓ છે. દરેકને પોતાનો એક અર્થ અને સાથે કારણ છે. ઉકરડી નોતરવી, ખાળપૂજા જેવા વિધિને સ્વચ્છતા સાથે તો ગાડાનાં પૈડાં પર પાણી રેડવાનું કારણ પૈડાંની વાટ ગરમીમાં ગરમ થઈ જાય તો ઠંડી-ટાઢી પાડવા માટે છે. અનાવિલ પરિવારો આજે પણ પ્રથમ મુસાફરી કે દીકરીના શુભ પ્રસંગે એની વિદાય સમયે 'મોટર' પર એટલે કે એનાં 'પૈડાં પર પાણી રેડવા'નું યાદ રાખે છે. મોટરને પણ ઠંડી તો રાખવી પડે છે. મારું અર્થઘટન એવું છે કે મોટાભાગે અનાવિલ પુરુષોનું મગજ ગરમ જ રહે છે, પારો

ઊંચો જ એટલે જે પુરુષો ગાડીમાં હાજર હોય તે ગુસ્સા પર કાબૂ રાખે એટલે પાણી રેડાય છે (અહીં તો જોકે મજાક રૂપે કહેવું પડે બાકી મૂળ તો સાચું જ.)

ટૂંકમાં ઘણું બધું લુપ્ત – અદશ્ય થવાનાં એંધાણ છે અને અદશ્ય થયું છે. કેટલીક વિધિનો વાંકડા સાથે સંબંધ રહ્યો તો કેટલીકનો પિતૃસત્તા સાથે, તો પણ અસમાનતા, લિંગભેદ, અંધશ્રદ્ધા જેવા તત્ત્વ-ભાવ દૂર કરી હેતુપૂર્વકની, અર્થસભર, સમાનતાપોષક સંસ્કારવિધિ જાળવી રખાય તો કદાચ ઘણું જાળવી શકાય.

**બકુલા ઘાસવાલા**

---

## ભૂલસુધાર

'પરબ' મે ૨૦૦૭માં પૃ. ૧૫ પર – નીરક્ષર (દસમું પુષ્પ) : તખ્તસિંહ પરમાર, વિનોદ જોશી – છપાયું છે તેના બદલે **નીરક્ષીર (દસમું પુષ્પ) : સંપાદકો તખ્તસિંહ પરમાર, વિનોદ જોશી, અજય પાઠક** વાંચવા વિનંતી. 'જાહ્નવી સ્મૃતિ'માં પણ અજય પાઠકનું નામ ઉમેરીને વાંચવા વિનંતી.

'પરબ' મે ૨૦૦૭માં હરીશ મીનાશ્રુની કવિતા 'સ્થળ-સમય ચીતરવા વિશે'માં પૃ. ૧૪ પર ૧૪મી પંક્તિ નીચે મુજબ વાંચવા વિનંતી :

**તમે સ્થળવાચક સમજીને જે વિશ્વાસુ રંગોના થર ચડાવેલા**
**એ બધા પ્રકાશશે પોતપોતાનું સમયનું પોત ને તમે થઈ જશો અવાચક.**

---

## પ્રકીર્ણ




**આદિજાતિઓ અને ભારતનું સંવિધાન :** છગનભાઈ કે. સોલંકી, ૨૦૦૬, પ્ર. છગનભાઈ કે. સોલંકી, પૃ. ૯૫, રૂ. ૪૦/-. **સંસ્કારકાંડ :** રક્ષા પ્ર. દવે, ૨૦૦૬, પ્ર. રક્ષા પ્ર. દવે, ભાવનગર, પૃ. ૪૨, રૂ. ૨૫/-. **ગીતાની ભગવત્તા :** ચંદ્રહાસ ત્રિવેદી, ૨૦૦૬, ચંદ્રહાસ ત્રિવેદી, પૃ. ૨૬૪, રૂ. ૧૦૦/-. **રચનાનો રસાસ્વાદ :** ફિલીપ ક્લાર્ક, ૨૦૦૬, ભાવિક પબ્લિકેશન્સ પ્રા. લિ., અમદાવાદ, પૃ. ૧૫૧, રૂ. ૮૦/-. **ગાંધી-ગંગા ભા. ૨ :** સંપા. મહેન્દ્ર મેઘાણી, ૨૦૦૭, લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર, પૃ. ૧૬૨, રૂ. ૩૦/-. **તીર્થોત્તમા :** પુષ્પા ભટ્ટ, ૨૦૦૬, યોગેશકુમાર નાનાલાલ ભટ્ટ, પૃ. ૫૨, રૂ. ૫૦/-. **દાદાજીના પત્રો :** શ્રીદેવી ઓઝા, વિપિન ઓઝા, ૨૦૦૭, એસ. વી. ઓઝા, મોરબી, પૃ. ૮૦, રૂ. Nil. **યાદગાર અનુભવો :** ફાધર વર્ગીસ પૉલ, ૨૦૦૬, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, પૃ. ૩૧૮, રૂ. ૧૮૦/-. **છલોછલ :** મોહનલાલ વાઘેલા, ૨૦૦૬, પ્ર. મોહનલાલ વાઘેલા, પૃ. ૩૬૦, રૂ. અમૂલ્ય. **બાલસાહિત્ય :** અનુ. રમણલાલ સોની, સાહિત્ય અકાદમી, મુંબઈ, પૃ. ૨૪૬, રૂ. ૧૨૦/-. **Hi & Se :** Mahendra Amin, 2007, Image Publication, Ahmedabad, page 95, Rs. 80/-.





# સાહિત્યવૃત્ત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

## Muse Indiaનો અંક ગુજરાતી સાહિત્ય વિશે

Muse India એ e-journal છે તેનો જાન્યુ-ફેબ્રુ.નો અંક ગુજરાતી દલિત સાહિત્ય અને આધુનિક ગુજરાતી સાહિત્ય વિશેનો છે. દિલીપ ઝવેરીએ આધુનિક ગુજરાતી કવિતા પર લેખ કર્યો છે. મહત્ત્વના સર્જકો વિષે વાત કરાઈ છે. એમાં ગુલામ મોહમ્મદ શેખ, સિતાંશુ, લાભશંકર ઠાકર, ચિનુ મોદી તથા કવયિત્રીઓ અને નવા કવિઓની કવિતા વિષે ટૂંકી નોંધ અપાઈ છે.

## 'સાહિત્યમાં જીવનબોધ' પર ડૉ. કુમારપાળનું વ્યાખ્યાન

લાયનેસ ક્લબ ને સંઘમિત્રા, ભુજના ઉપક્રમે ધીરેન્દ્ર મહેતાના અધ્યક્ષસ્થાને ૨૯ એપ્રિલે ડૉ. કુમારપાળ દેસાઈએ 'સાહિત્યમાં જીવનબોધ' પર વ્યાખ્યાન આપ્યું હતું. આ પ્રસંગે રતિલાલ બોરીસાગર અને રાજેન્દ્ર પટેલે પણ વક્તવ્ય આપ્યાં હતાં.

## પ્રેમાનંદ સાહિત્ય સભામાં લોકાર્પણ સમારંભ

અઢાર એપ્રિલના રોજ પ્રેમાનંદ સાહિત્ય સભાના ઉપક્રમે પ્રિયકાન્ત પરીખના અધ્યક્ષપદે 'ચાંદામામા પોળી' (ચંદ્રકાન્ત રાવ), 'અંબર ઓઢવું શ્યામ વર્ણનું' (કનુપ્રસાદ પાઠક) અને 'પ્રેમનાં પરાક્રમો' (જતિન વૈદ્ય) એ ત્રણ પુસ્તકોનો અનુક્રમે પ્રિયકાન્ત પરીખ, લવકુમાર દેસાઈ અને વિષ્ણુપ્રસાદ દવેના હસ્તે લોકાર્પણ વિધિ થયો હતો. ડૉ. રશીદ મીર, લવકુમાર દેસાઈ અને સતીશ ડણાકે વક્તવ્યો આપ્યાં હતાં. સર્જકોએ પોતાના લેખનની વાત કરી હતી.

## આદિવાસી સાહિત્ય સંમેલન

ત્રીસ એપ્રિલ ને પહેલી મેના રોજ આદિવાસી અકાદમી, તેજગઢ અને રમણિકા ફાઉન્ડેશન, દિલ્હીના ઉપક્રમે દાંડી મુકામે અખિલ ભારતીય આદિવાસી સાહિત્ય સંમેલન યોજાયું હતું. મધ્યપ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, બિહાર ને મહારાષ્ટ્રમાંથી ૫૦ વિદ્વાનો આવ્યા હતા. હસુ યાજ્ઞિક, જયાનંદ જોશી, ભગવાનદાસ પટેલ, બળવંત જાની, નીલા શાહ, ગણેશ દેવી, વિક્રમ ચૌધરીએ ગુજરાતના પ્રતિનિધિ તરીકે વક્તવ્યો આપ્યાં હતાં. સંયોજન કાનજી પટેલે કર્યું હતું.

## અનંતરાય રાવળ સ્મૃતિ વ્યાખ્યાન અને એવૉર્ડ અર્પણ

પ્રો. અનંતરાય મ. રાવળ સ્મારક સમિતિના ઉપક્રમે ગુજરાત વિશ્વકોશના હીરાલાલ ભગવતી સભાગૃહમાં ૪ મેના રોજ વિનોદ અધ્વર્યુએ 'મુનશીનાં નાટકો' પર વ્યાખ્યાન આપ્યું હતું. આ પ્રસંગે ડૉ. ધીરુભાઈ ઠાકરના હસ્તે પ્રો. અનંતરાય રાવળ વિવેચન એવૉર્ડ, ને પ્રો. અનંતરાય રાવળ શિક્ષક એવૉર્ડ અનુક્રમે ડૉ. ચન્દ્રકાન્ત ટોપીવાળાને તથા શ્રી

તખ્તસિંહ પરમારને એનાયત થયા હતા. બન્ને વિજેતાએ પ્રતિભાવ આપ્યો હતો અને ડૉ. કુમારપાળ દેસાઈએ ભૂમિકા બાંધી હતી. ડૉ. ધીરુભાઈ ઠાકરે પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું.

**'વીસમી સદીની ગુજરાતી કાવ્યમુદ્રા'નો જન્મોત્સવ**

૭ મેના રોજ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના ઉપક્રમે કવિશ્રી રાજેન્દ્ર શાહના અધ્યક્ષસ્થાને અને ડૉ. ધીરુભાઈ ઠાકરની ઉપસ્થિતિમાં 'વીસમી સદીની ગુજરાતી કાવ્યમુદ્રા' એ ગ્રંથ – જેનું સંપાદન ચંદ્રકાન્ત શેઠ, યોગેશ જોષી, હર્ષ બ્રહ્મભટ્ટ ને ઊર્મિલા ઠાકરે કર્યું છે – નો જન્મોત્સવ કાર્યક્રમ મોટી સંખ્યામાં ઉપસ્થિત સાહિત્યકારો – સાહિત્યરસિકો વચ્ચે સંપન્ન થયો. સંપાદકોએ સંપાદન સંદર્ભે વક્તવ્યો આપ્યાં હતાં. ડૉ. ધીરુભાઈ ઠાકર અને કવિશ્રી રાજેન્દ્ર શાહે પણ વક્તવ્યો આપ્યા હતા. અંકિત ત્રિવેદીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અંતમાં શ્યામલ-સૌમિલ મુનશીએ કેટલાંક ગીતોનું મધુર ગાન કર્યું હતું.

## આ અંકના લેખકો

**અનિલા દલાલ** : ૩૪, પ્રોફેસર્સ કૉલોની, નવરંગપુરા, **અમદાવાદ**-૩૮૦૦૦૯

**ઊજમશી પરમાર** : ૭૫, સમરથનગર, ઇન્દિરાબ્રિજ પાસે, હાંસોલ, **અમદાવાદ**-૩૮૨૪૭૫

**કલ્પના દવે** : એ/૫૧, સરાવસ્તી કૉમ્પલેક્સ, યુગધામ ટાવર સામે, ઑફલિન્ક રોડ, મલાડ (વે), **મુંબઈ**-૪૦૦૦૬૪

**કુમારપાળ દેસાઈ** : ૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, **અમદાવાદ**-૭

**ચંદ્રકાન્ત શેઠ** : બી/૯, પૂર્ણેશ્વર ફ્લેટ્સ, ગુલબાઈ ટેકરા, **અમદાવાદ**-૩૮૦૦૧૫

**ચિનુ મોદી** : ૧૬, જિતેન્દ્ર પાર્ક, પાલડી, **અમદાવાદ**-૩૮૦૦૦૭

**ધીરુ પરીખ** : 'લાવણ્ય', વિજયપાર્ક, નવરંગપુરા, **અમદાવાદ**-૩૮૦૦૦૯

**નલિની માડગાંવકર** : 'નબશ્રુતિ', ૧૬૬/બી, ૩જે માળ, ખારેઘાટ રોડ, હિન્દુ કૉલોની, દાદર, **મુંબઈ**-૪૦૦૦૧૪

**નિર્મિશ ઠાકર** : બી-૯/૩૧, ઓ. એન. જી. સી. કૉલોની, ફેઝ-૧, મગદલ્લા, **સુરત**-૩૯૪૫૧૮

**પાર્થ મહાબાહુ** : C/o. ડૉ. ભરત જોશી, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ માર્ગ, **અમદાવાદ**-૩૮૦૦૧૪

**પ્રદીપ ખાંડવાલા** : બી/૧૦૧, જ્યુપિટર ટાવર, અંકિત બંગલોઝ સામે, બોડકદેવ, **અમદાવાદ**-૩૮૦૦૫૪



**પ્રફુલ્લ દેસાઈ** : ૭૬, સુરુચિ સોસાયટી, ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

**પ્રફુલ્લ રાવલ** : ૩, રાજમહેલ ફ્લૅટ, આઈઓસી કૉલોની રોડ, **વિરમગામ**-૩૮૨૧૫૦

**બકુલા ઘાસવાલા** : જલારામ મંદિર પાછળ, જલારામ રોડ ક્રોસ લેન, **વલસાડ**-૩૯૬૦૦૧

**મોહનલાલ પટેલ** : ૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી, સૅટેલાઇટ રોડ, **અમદાવાદ**-૩૮૦૦૧૫

**'રાઝ' નવસારવી** : ૨/૨૬૨૬, ચારપુલ રોડ, બ્લોસમ એજન્સીની સામે, **નવસારી**-૩૯૬૪૪૫

**રાધેશ્યામ શર્મા** : ૨૫, ભુલાભાઈ પાર્ક, ગીતામંદિર રોડ, **અમદાવાદ**-૩૮૦૦૨૨

**લાભશંકર ઠાકર** : 'કાયચિકિત્સા', કેપિટલ કોમર્શિયલ સેન્ટર, સંન્યાસ આશ્રમ પાસે, **અમદાવાદ**-૩૮૦૦૦૯

**લાલજી કાનપરિયા** : 'ખોડલ દર્શન', વડિયાવાળાની લાટી પાછળ, માણેકપરા, **અમરેલી**-૩૬૫૬૦૧

**સતીશ વ્યાસ** : રોહાઉસ નં. ૭, અભિલાષા કૉમ્પલેક્સ, કનકકલા-૨ની પાછળ, આનંદનગર ૧૦૦ ફૂટ રોડ, સૅટેલાઇટ, **અમદાવાદ**-૩૮૦૦૧૫

**સિતાંશુ યશશ્ચંદ્ર** : એ/૨, ચમેલીબાગ, યુનિવર્સિટી રોડ, **વડોદરા**-૩૯૦૦૦૨

**સુકુમાર પરીખ** : 'નિશાંત', દાદાસાહેબનાં પગલા, નવરંગપુરા, **અમદાવાદ**-૩૮૦૦૦૯

**હરિશ્ચંદ્ર જોશી** : 'શૃંગબેર', જનકલ્યાણ સોસાયટી, પાળિયાદ રોડ, **બોટાદ**-૩૬૪૭૧૦, જિ. ભાવનગર

**હસમુખ બારાડી** : થિયેટર મીડિયા સેન્ટર, જીએસટી – ચેનપુર રોડ, ન્યૂ રાણીપ, પો. દિગ્વિજયનગર, **અમદાવાદ**-૩૮૨૪૭૦

**હિમાંશી શેલત** : 'સખ્ય', ૧૮, મણિબાગ, અબ્રામા, ધરમપુર રોડ, **વલસાડ**-૩૯૬૦૦૨

**નોંધ**

'વીસમી સદી'ના અંકો એકત્ર કરીને, એને સ્કૅન કરાવીને એને દુનિયાભરના ગુજરાતીઓને ઉપલબ્ધ થાય તે રીતે વેબસાઇટ તૈયાર કરી રહેલા શ્રી રજનીકુમાર પંડ્યાને 'વીસમી સદી'ના ૧૯૧૬ના જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ અને ૧૯૨૦ના ફેબ્રુઆરી અને માર્ચના અંકો મળતા નથી તો જેમની પાસે હોય તેમણે રજનીકુમાર પંડ્યા, બી-૮, રાજદીપ પાર્ક, મીરા ટૉકિઝ ચાર રસ્તા, બળિયાકાકા માર્ગ, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૨૮ (ફોન : ૨૫૩૨૩૭૧૧)ને જાણ કરવા વિનંતી છે.

## ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો




**[ગીતમંજરી :** સં. ચંપકભાઈ ર. મોદી : પ્ર.આ. ૨૦૦૭, પૃષ્ઠ ૧૨+૧૮૦, કિં. રૂ. ૧૦૦/-, ડિમાઈ, કાચું પૂંઠું.]

જૂની ગુજરાતી રંગભૂમિ સાથે રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટનું નામ સંકળાયેલું છે. રંગભૂમિનાં એમનાં ગીતોમાંથી ઉત્તમ ગીતો ચૂંટીને શ્રી ચંપકભાઈ મોદીએ તેને ભક્તિ, ચિંતન, પ્રણય, પ્રકૃતિ, હાસ્ય, પ્રકીર્ણ અને હિંદી – એમ સાત વિભાગોમાં વિભાજિત કરી સંપાદિત કર્યાં છે. આ ‘ગીતમંજરી’ જૂની રંગભૂમિને આપણી સમક્ષ જીવંત કરે છે. આ સમય જૂની રંગભૂમિનો સુવર્ણ યુગ હતો. પ્રેક્ષકોને રસકવિનાં ગીતોનું અનેરું આકર્ષણ હતું. પ્રેક્ષકો એમનાં ગીતો કંઠસ્થ કરતા અને ઘેર ઘેર એમનાં ગીતો ગુંજતાં.




**[ગુજરાતી કવિતાચયન** : ૨૦૦૫ : સં. મણિલાલ હ. પટેલ, પ્ર.આ. ૨૦૦૭, પૃષ્ઠ : ૧૪+૯૦, કિં. રૂ. ૫૫/-, ડિમાઈ, કાચું પૂંઠું.]

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ૧૯૯૧થી શરૂ થયેલી ગુજરાતી કવિતાચયનની યાત્રાનો – કાન્ત-બળવંતરાય શતાબ્દી ગ્રંથમાળાનો – આ ૧૬મો મણકો છે. સંપાદક મણિલાલ હ. પટેલ કહે છે તેમ કવિતા પ્રજાની નાભિમાંથી આવતી કસક છે. ત્રેંસઠ કવિઓની કાવ્ય/ગઝલ રચનાઓનો આ સંચયમાં સમાવેશ થયો છે. ગુજરાતી ભાષાના મહત્ત્વના પુરોગામી કવિઓ તેમ જ વર્તમાન પેઢીના કવિઓની રચનાઓ પ્રતિનિધિત્વ પામી છે.

**ગુજરાતી સાહિત્ય પરિષદ**
નદીકિનારે, ‘ટાઇમ્સ’ પાછળ, આશ્રમમાર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૭



## ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો




**[સંસ્કૃતિ-સંદર્ભ :** સં. રઘુવીર ચૌધરી : પ્ર.આ. ૨૦૦૭, પૃષ્ઠ : ૧૬+૫૬૦, કિં. રૂ. ૨૫૦/-, ડિમાઈ, પાકું પૂંઠું.]

આ ગ્રંથમાં સાહિત્યને સમૃદ્ધ કરતા સંસ્કૃતિ-સંદર્ભો સમાવિષ્ટ થયા છે. ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં આલેખાયેલ સુધારકયુગ, પંડિતયુગ, ગાંધીયુગ આ બધાં નવજાગરણનાં ઉપકારક મોજાં છે. એમના દ્વારા સંસ્કૃતિનું શોધનવર્ધન થતું રહ્યું છે. અહીં મણિલાલ નભુભાઈ, આનંદશંકર, ગાંધીજી, બ. ક. ઠાકોર, પંડિત સુખલાલજી, સ્વામી આનંદ, કાકાસાહેબ, કિશોરલાલ મશરૂવાળા, નાનાભાઈ ભટ્ટ જેવા સંસ્કૃતિકધારકો અને સાહિત્યવિદો છે, તો નગીનદાસ પારેખ, ક. મા. મુનશી, મેઘાણી, ‘સુન્દરમ્’, જયંતિ દલાલ, ઉમાશંકર, ‘દર્શક’, નિરંજન ભગત જેવા સાહિત્યકારો પણ છે. ઉપરાંત ગુજરાતના વર્તમાન ચિંતકોના લેખો પણ છે.




**[ડુંગરદેવ :** કાનજી પટેલ : પ્ર.આ. ૨૦૦૭, પૃષ્ઠ : ૧૦+૯૪, કિં. રૂ. ૫૦/-, ડિમાઈ, કાચું પૂંઠું.]

કાનજી પટેલની કવિતા અરૂઢ છે. આપણા લોકજીવનને કાવ્યોમાં ધબકતું કરતા કવિ છે. એની સામે પ્રત્યક્ષ લોકજીવન અને અપ્રત્યક્ષ સ્મૃતિસાહચર્યો છે, સરહદી ડુંગરાઓના આશરે જીવતા લોકો છે. આ સંગ્રહનાં ઘણાં કાવ્યોમાં લોકસંસ્કૃતિ, ડુંગરવાસીઓની વિટંબણાઓ, એમનાં ગીત, નાચ, ભૂખ, એમના ડુંગરદેવ, પ્રકૃતિ બધું જ સહજ લોકબોલીમાં ઊતરી આવે છે. આ એમનો બીજો કાવ્યસંગ્રહ છે.

**ગુજરાતી સાહિત્ય પરિષદ**
નદીકિનારે, ‘ટાઇમ્સ’ પાછળ, આશ્રમમાર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૭